એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૬ ● અંક : ૪-૫

એપ્રિલ – મે તથા જુન – જુલાઈ '૧૧ સંયુક્ત અંક

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

જયેશ ઘડીયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબ સાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**વિતરણ વ્યવસ્થા**

કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**નાણાકીય વ્યવસ્થા**

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**જાહેરાત - લવાજમ માટે સંપર્ક**

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની
ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે,
દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

**કાર્યાલય :**

રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક,
અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ** : www.gnyatisetu.com

**ઈ-મેલ** : editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

અષાઢી બીજ કચ્છી નૂતન વર્ષ નિમિત્તે એપ્રિલ-મે તથા જુન-જુલાઈ '૧૧નો સંયુક્ત અંક વિશેષાંક રૂપે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

# તંત્રી સ્થાનેથી



## સેતુ સપ્તમ સંકેત

આગામી દીપોત્સવી પર્વે, સેતુ એના સાત વર્ષ પૂરા કરશે. સેતુનું પ્રકાશન આપણી જ્ઞાતિ માટે એક નવતર પ્રયાસ અને પ્રયોગ હતો.

જ્ઞાતિસેતુનો ઉદ્દેશ હતો કચ્છમાં તેમજ કચ્છથી બહાર વસતા આપણા જ્ઞાતિબંધુઓ, પરિવારો, એમની પ્રવૃત્તિઓ અને પ્રગતિ, સમસ્યાઓ અને શક્તિ, પરંપરાઓ અને પ્રકૃતિ, આદિની વિગતોની અરસપરસ જાણકારી વધે, મનમેળ વધે. 'સેતુ'એ, ગત સાત વર્ષ દરમ્યાન આ હેતુને બળ આપવા પૂરતા પ્રયાસો કર્યા છે, જેનું સમાજ સાક્ષી છે.

આપણા સમાજના છેવાડાના તેમજ નબળા વર્ગોને ઉપર લાવવાના પ્રયાસો થાય, આપણા પરંપરાગત ગૃહઉદ્યોગોને પ્રશાસકીય પ્રોત્સાહન મળે, આપણી પ્રતિભાઓનું ઉચિત સન્માન થાય, આપણી જ્ઞાતિનું ગૌરવ વધે, આપણા સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે, મહિલાઓને એમના વિકાસની પૂરતી તકો મળે એ માટે, જ્ઞાતિ સમસ્તના એક સક્ષમ અને સમર્પિત સંગઠનની સમયોચિત માંગને પ્રસારીત કરવામાં 'સેતુ'એ એનું નમ્ર યોગદાન આપ્યું છે. સામાજીક વિકાસની આ સહજ અને સતત પ્રક્રિયા છે. જેના પ્રારંભે માહિતીનું ખૂબ જ મહત્ત્વ છે. 'સેતુ' એ પૂરી નિષ્ઠાથી સાત વર્ષ સુધી આ કામ કરવા પૂરતા પ્રયાસ કર્યા છે, જેનો એને સંતોષ છે. આપણા સમાજ સમસ્તમાં અરસપરસની ઓળખ વધે, 'સંવાદ'ની ઇચ્છા વધે, અલગ અલગ વિસ્તારના આપણા જ્ઞાતિ સંગઠનો એક પ્લેટફોર્મ પર મળતા થાય એ માટેના જ્ઞાતિ વડિલોના પ્રયાસો અને વિચારોના વ્યાપક પ્રસાર માટે પણ 'સેતુ' સદૈવ પ્રયત્નશીલ રહ્યું છે.

અને સૌથી મોટી વાત, 'સેતુ'એ એના ગત સાત વર્ષ દરમ્યાન દરેક અંક એની અપેક્ષિત અવધિએ પ્રકાશિત કર્યો છે. એના સંપાદન, પ્રકાશન, વિતરણ આદિના કાર્યો સાથે સંકળાયેલા આપણા સમાજના સભ્યોએ, પોતાની વ્યવસાયિક અને પારિવારીક જવાબદારીઓ સાથેની વ્યસ્ત દિનચર્યામાંથી આવશ્યક સમય અને શક્તિ સ્વેચ્છાએ નિઃસ્વાર્થભાવે અર્પી છે. 'સેતુ'ને સાત વર્ષ સુધી નિભાવવામાં આપણા સમાજના શ્રેષ્ઠીઓએ વાત્સલ્યસભર સહકાર આપ્યો છે. 'સેતુ' એમનું ઋણી છે. 'સેતુ'નું લવાજમ ભરીને મંગાવનારા સર્વેનું યોગદાન તો અણમોલ જ છે. એમનું મોકલેલું લવાજમ 'સેતુ' માટે સૌથી મોટું પ્રોત્સાહક બળ રહ્યું છે. આપણા સમાજની વિગતો આપણા જ્ઞાતિ મંડળો, મહિલા મંડળો અને યુવા મંડળોએ 'સેતુ'ને પોતીકું સમજીને, એમની પ્રત્યેક નાની મોટી પ્રવૃત્તિની વિગતો મોકલી છે. સેતુને ગૌરવ બક્ષતા જ્ઞાતિ મંડળોના આ સહયોગ બદલ 'સેતુ' એમનું સહુનું આભારી છે.

'સેતુ' એક વિચાર હતો. જેનું વાવેતર થયું. પૂરા સમાજે એનું સિંચન કર્યું છે. હવે એ વિચારબીજ સ્વયં પાંગરતો રહેશે એનો અમને વિશ્વાસ છે. 'સેતુ'એ એની પ્રાથમિક ફરજ નિભાવી છે. સમય વહેતો રહે છે, સામાજીક શાણપણ સદૈવ વધતું રહે છે. સમયની માંગ મુજબ, આપણા સમાજના પ્રજ્ઞાવાનોનું માર્ગદર્શન અને સહયોગ મળતો રહેશે. અમને વિશ્વાસ છે કે 'સેતુ'નું આ 'સપ્તમ' સમાજને સુદ્રઢ બનાવવા સુમધુર સંગીત પીરસતું રહેશે. અસ્તુ.

| | | |
|---|---|---|
| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
| **માનદ્ મંત્રી** | **પ્રમુખ** | **મુખ્ય તંત્રી** |

# સજ્જનતા : મૂળભુત ગુણધર્મ

કુ. એકતા કટ્ટા - અંજાર

**"मृगमीनसज्जनानां तृणजलसन्तोषविहितवृत्तीनाम्
लुब्धकधीवरपिशुना निष्कारणवैरिणो जगति।।"**

*– ભર્તૃહરિ રચિત નીતિશતકમાંથી*

અર્થાત્, "ઘાસ, જળ અને સંતોષથી આજીવિકા ચલાવનાર હરણાં, માછલાં અને સજ્જનોનાં શિકારી, માછીમાર અને દુર્જનો વગર કારણે દુશ્મનો છે."

ઉપરોક્ત સુભાષિતમાં સુભાષિતકારે સજ્જનો અને દુર્જનોનાં મૂળભૂત અને નૈસર્ગિક ગુણોની થોડા શબ્દોમાં, ઉદાહરણ દ્વારા સ્પષ્ટતા કરી છે.

જંગલ કે જેમાં સિંહ, વાઘ કે ચિત્તા જેવાં હિંસક અને રાની પશુઓ વસવાટ કરે છે, ત્યાં હરણાં જેવાં ભોળાં પશુઓ પણ વસવાટ કરે છે.

તેવી જ રીતે પાણીનાં અથાગ ઊંડાણમાં નિર્દોષ માછલાંઓ પણ વસવાટ કરે છે. જેમનો જીવનાધાર જળ છે. તેઓ કોઈપણ શત્રુતા વગર માછીમારની જાળમાં અટવાય છે અને જીવન ગુમાવે છે.

સામાજીક પ્રાણી હોવાની ઓળખ ધરાવતા માનવ સમુદાયમાં પણ સજ્જનોને કોઈપણ શત્રુતા વગર દુર્જનોનો સતત સામનો કરતાં રહેવું પડે છે. સંતોષથી જીવન ચલાવનાર સજ્જનોનાં સુખ અને શાંતિ દુર્જનોનાં નિશાન બનતાં હોય છે.

સજ્જનોનો નૈસર્ગિક ગુણ સજ્જનતા છે અને દુષ્ટતા, એ દુર્જનોનો નૈસર્ગિક ગુણ છે.

જ્યાં જીવન છે ત્યાં આજીવિકા (જીવન ટકાવવા માટેની જીવન વિકાસ માટેની પ્રવૃત્તિ) હોય જ છે અને જ્યાં આજીવિકા છે ત્યાં પ્રતિસ્પર્ધા હોય જ છે. જે ઘણી વખત દુશ્મનાવટમાં પણ પરિણમે છે. જેટલી નૈસર્ગિક કે પ્રકૃતિદત્ત અને સરળ આજીવિકા એટલી પ્રતિસ્પર્ધા ઓછી હોઈ શકે છે. જંગલ જેવા જંગલમાં પણ ભોળા સ્વભાવ ધરાવતાં હરણાંઓની આજીવિકા નૈસર્ગિકરૂપે ઉગી નીકળેલું ઘાસ જ હોય છે, જેનું ચારણ અન્ય કોઈ પણ જીવને ક્ષતિ પહોંચાડતું નથી. તેની જીવિકા અતિ સરળ છે. જંગલી હોવા છતાંય, પશુ હોવા છતાંય તે પોતાના જ સમુદાય - સમૂહનાં સદસ્યો સાથે ક્યારેય આજીવિકા અર્થે પ્રતિસ્પર્ધા કે દુશ્મનાવટ કરતો નથી, તેવો તે હરણ નિર્દયી શિકારીની દુશ્મનાવટનો વગર વાંકે ભોગ બને છે!

માછલાંઓ જીવન ટકાવવા, જીવનનો વિકાસ કરવા જળ અને તેમાંથી મળતાં તત્ત્વોનો ઉપયોગ કરે છે. આમ કરવામાં તેઓ અન્ય કોઈપણ જીવની આજીવિકાને ક્ષતિ નથી પહોંચાડતા કે નથી તેમાં કદી કોઈ પ્રતિસ્પર્ધા કરવી પડતી. અતિ સરળ અને પ્રકૃતિદત્ત આજીવિકા હોવા છતાંય તે માછીમારોની દુશ્મનાવટનો વગર વાંકે ભોગ બની જીવન ગુમાવે છે!

મહેનત અને પ્રારબ્ધ અનુસાર સરળતાથી જેટલું મળ્યું તેમાં સંતોષ માની જીવન ચલાવનાર સજ્જનોની આજીવિકા ધર્માનુસાર, નીતિ અનુસાર હોય છે. ધર્મ અને નીતિ અન્ય કોઈને પણ ક્ષતિ પહોંચાડવાનો નિષેધ કરે છે. પરોપકાર અને પરહિતનાં આગ્રહી હોય છે અને જે પરોપકારી અને પરહિતકારી હોય, તેની કોઈની પણ સાથે પ્રતિસ્પર્ધા શી રીતે હોય? દુશ્મનાવટ શી રીતે હોય? પરંતુ તેમ છતાંય સંતોષમાં જ સુખ અને શાંતિ મેળવનારા આવા સજ્જનો સમાજનાં દુર્જનોની દુશ્મનાવટનો વગર વાંકે ભોગ બને છે! દુર્જનો નાં કાવા-દાવાઓથી સતત ઘવાતાં હોય છે, સુખ અને શાંતિ ગુમાવતાં જ હોય છે!

શિકારીનાં ભયથી હરણાંઓ કદી પણ પોતાનું નૈસર્ગિક ભોળપણ છોડતાં નથી, માછીમારનાં જાળમાં અટવાઈ જવાનાં ભયથી માછલાંઓ નૈસર્ગિક જળ સિવાય અન્ય જીવનાધાર શોધતાં નથી અને દુર્જનોની દુષ્ટતાના પ્રહારોથી ઘવાઈ સજ્જનો સંતોષરૂપી નૈસર્ગિક ગુણ છોડતાં નથી! આ ત્રણેય તથ્યો સિદ્ધ કરે છે કે, નૈસર્ગિક ગુણો-મૂળભૂત ગુણો ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ બદલતા નથી અને જો બદલે તો તે નૈસર્ગિક હોતાં જ નથી!

હરણાંઓ ઘાસ છોડી કદી માંસાહારી બનતા નથી અને માછલાંઓ તો જળ વિના જીવિત જ રહેતાં નથી! આ ગુણધર્મો જ તેમની ઓળખ છે. વિપરીત પરિસ્થિતિઓમાં સજ્જનો સંતોષ અને પરોપકાર છોડતાં નથી, તે જ તેમની ઓળખ છે, તેમનો ગુણધર્મ છે અને જો તેઓ આ ગુણધર્મ છોડે છે તો તે સજ્જન છે જ નહીં! તે માત્ર સજ્જન હોવાનો દેખાવ કરતાં હોય છે અને વિપરીત પરિસ્થિતિ ઉત્પન્ન થતાં પોતાનાં વાસ્તવિક ગુણધર્મો પ્રકટ કરતાં જ હોય છે.

આ સૃષ્ટિમાં એકમાત્ર માનવી જ એવો છે કે, જેની વાસ્તવિક ઓળખ કરવી બહુ કપરી બાબત બની રહે છે! તે સિવાય કદી કોઈ હિંસક પશુ પોતાના નૈસર્ગિક ગુણધર્મ (વાસ્તવિક ઓળખ) 'હિંસા'ને ઢાંકી હરણાંઓ સમ ઘાસનો ચારો ચરી, હરણાંઓનાં ઝૂંડમાં વિહાર કરતો નથી! અને માછલાંઓને તો જળ વિના ક્ષણભર પણ સુખી જીવન મળતું નથી! જળથી દૂર થતાંની સાથે જ તે તરફડવા લાગે છે! તેનાં જેવી જળ પ્રત્યેની આસક્તિ-જીવનાધાર પ્રત્યેની આસક્તિનો નૈસર્ગિક ગુણ અન્ય કયા જીવમાં આપણે જોઈ શક્યા છીએ? તદુપરાંત તેઓનાં આ ગુણધર્મનો દેખાવ પણ અન્ય કોઈ કરી શકે તેમ નથી કે જે મૂળભૂતરૂપે અન્ય જીવનાધાર રાખતાં હોય પણ માત્ર માછલાંનો દેખાવ કરી વિપરીત પરિસ્થિતિમાં જળ વિના પોતાનાં જીવનું જોખમ ખેડી શકે?

માત્ર માનવ જ એવો પ્રાણી છે, જે દુષ્ટ-દુર્જન હોવા છતાં પણ સજ્જનતાનો દેખાવ કરી શકે છે! અને વિશિષ્ટતા તો એ છે કે, સજ્જનતા એ એક એવો ગુણ છે જે ભલે વિપરીત પરિસ્થિતિ આવતાં સુધી પણ દુર્જનની દુષ્ટતાને પણ ઢાંકી શકે છે! દોષોને પણ શાતા આપી શકે છે! જે માત્ર તેનો દેખાવ કરે છે તેનાં માટે પણ તે આટલી હદે નિર્લેપ છે, તે સજ્જનતા વાસ્તવમાં કેટલી હિતકારક અને પરોપકારક હશે? ■

# જીવનમાં મૂલ્યોનું મહત્ત્વ

બ્રહ્માકુમાર

માનવ જીવનમાં મૂલ્યો (ગુણો)નું અધઃપતન માનો, એની કમી જ વર્તમાન સમયની બધીજ સમસ્યાઓની જડ છે. એનું કારણ એક સમય એવો હતો જ્યારે દરેક માનવમાં તો શું પણ પશુપક્ષી, પ્રાણીઓમાં અને પ્રકૃતિમાં પણ મૂલ્યો હતા. જેમનામાં મૂલ્યો છે અને હતા એતો પૂજનીય છે, માનનીય છે. હવે ફરીથી માનવ આત્મામાં છુપાયેલા એવા મૂલ્યોને ફરીથી જાગૃત કરવાની જરૂરત છે. પરિવર્તનની સાથે સાથે મનુષ્યોમાં જ્યારે આ આંતરિક પરિવર્તન આવશે ત્યારે આ સંસાર પરિવર્તન થઇ જશે. આને જ કહેવાય છે કે સ્વ પરિવર્તનથી વિશ્વ પરિવર્તન.

આજ લક્ષને લઇ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય આધ્યાત્મિક જીવન દ્વારા મૂલ્યનિષ્ઠ સમાજ આધ્યાત્મિકતા નથી તો મૂલ્યવાન નથી બનાતું. આધ્યાત્મિકતા એટલે, માનવ સૃષ્ટિ ઉપર શું કામ આવ્યો, ક્યાંથી આવ્યો, ભગવાન કોણ છે, વર્તમાન સમય કયો ચાલી રહ્યો છે, દયા, આનંદ, પ્યાર આ બધા પ્રશ્નોના ઉત્તરથી મનુષ્યના જીવનની ભ્રમણા તથા વિકૃતિઓ દૂર થશે અને વિશ્વ પરિવર્તન થશે અને જીવનમાં મૂલ્યો જોવા મળશે.

જેની ધારણા કરવાથી માનવ જીવનમાં કંઇક અલૌકિકતા જોવા મળે છે અને એજ પરિવર્તનથી અને જીવનમાં ઉતારેલા મૂલ્યો લઇને માનવ આ સંસારમાંથી ચાલ્યો જાય છે ત્યારે એના જે મૂલ્યો છે તે બીજાના જીવન માટે પ્રેરણાનું ઝરણું બનીને યાદગારના રૂપમાં જોવા મળે છે.

મૂલ્યો(ગુણો) ચાર પ્રકારના હોય છે.

૧. માનવીય મૂલ્યો

૨. નૈતિક મૂલ્યો

૩. આધ્યાત્મિક મૂલ્યો

૪. દિવ્ય જીવનના મૂલ્યો

**૧. માનવીય મૂલ્ય :**

જે મૂલ્યોને અપનાવવાથી જીવન સ્તર ઉંચુ આવે છે. ધારણા કરવાથી એને સમાજમાં જીવવું બહુ જ સરળ બની રહે છે. એમનું જીવન અનેક ટકરાવ અને સમસ્યાઓથી બચી જાય છે. દા.ત. અતુટ શક્તિ નમ્રતા, સહયોગ કરવો, આપસમાં સ્નેહ રાખવો ધીરતા, ગંભીરતા, ઓળખવાની શક્તિ આ બધા ગુણો જીવનમાં હોય તો ગુણ, ગ્રાહી, બંને દોષને સમાજમાં જીવવું સહજ અને સરળ બને છે.

**૨. નૈતિક મૂલ્યો**

માનવીય મૂલ્યોને સાથે જીવનમાં અપનાવવાથી અલૌકિકતા, મહાનતા, શ્રેષ્ઠતા, માનવ જીવનમાં આવે છે. જીવન દીપી ઉઠે છે. એને નૈતિકતા કહેવાય. નૈતિકતા જીવનની શિક્ષા આપવામાં આવે છે. માનવજીવન ઉપર લઇ જવાનું છે. મહાત્મા જેવું મહાત્મા એટલે મહાન આત્મા બની અને જીવન મહાન બનાવવું અર્થાત યાદગાર બનાવવું. નૈતિકમૂલ્ય દા.ત. સત્યતા, ઇમાનદારી, મહાનતા, પરોપકારી સ્નેહી પવિત્રતા, રહમદિલ બનવું અને આ બધા નૈતિકમૂલ્યો અપનાવવા માટે જીવનમાં કંઇક પુરુષાર્થ, મહેનત કરવી પડે ત્યારે જ જીવન બધાને માટે પ્રેરણાનું ઝરણું બની રહેશે.

**૩. આધ્યાત્મિક મૂલ્ય**

માનવીય મૂલ્યો, નૈતિક મૂલ્યો જે જીવનમાં અપનાવવાથી આત્મ અનુભૂતિ કરે છે. એનો બુદ્ધિયોગ પરમપિતા, પરમાત્મા સાથે જોડાઇ જાય છે અને એનું મન હંમેશા હલકું, તણાવમુક્ત રહી શકે છે.

દા.ત. એકાગ્રતા, શાંતિ, અંતઃર્મુખતા એકરસ સ્થિતિ પ્રેમ અને આનંદ વગેરે આધ્યાત્મિક મૂલ્યો માનવ જીવનને ગુણદાતા, ગુણોના સાગરની સાથે પોતાનો બુદ્ધિયોગ જોડે છે ત્યારે તેમના અંતરમાં છુપાયેલા ગુણો નજરમાં આવે છે અને તે ગુણો બધાને બાટતો ફરે છે. અને આવો માણસ બધાને પ્યારો લાગે છે અને તેનું જીવન સંસારમાં કમલપુષ્પ સમાન ખીલી ઉઠે છે.

**૪. અલૌકિક દિવ્યજીવન**

આ માનવીય મૂલ્ય, નૈતિકમૂલ્ય, આધ્યાત્મિક મૂલ્યોને અપનાવવાથી જીવનમાં અલૌકિકતાનો સાક્ષાત્કાર થાય છે. એજ દિવ્ય જીવન કહેવાય છે. મૂલ્યોને ધારણ કરવાથી જીવન દેવ સમાન ગણાય છે. દા.ત. સર્વગુણ સંપન્ન, મર્યાદાપુરુષોત્તમ, ડબલ અહિંસક, સંપૂર્ણ નિર્વિકારી વગેરે દિવ્ય જીવનના મૂલ્ય ગણાય. આ મૂલ્યથી (ગુણોથી) નર એવા કર્મ કરે જે નારાયણ બને. અને નારી એવા કર્મ કરે તો લક્ષ્મી બની શકે છે.

આ બધા મૂલ્યો આપણા જીવનમાં અપનાવવાના છે. જેથી સ્વ પરિવર્તનથી વિશ્વ પરિવર્તન થાય જ્યારે આ જીવનમાં ચારેય મૂલ્યોનો સમાવેશ થાય છે ત્યારે આધ્યાત્મિક જીવન બને છે. અને આ જીવન દ્વારા પ્રેરણાનું ઝરણું બની એક આદર્શ સમાજ બનાવીશુ અને ત્યારેજ આપણું આ ગુણો દ્વારા, કર્મો દ્વારા બાહ્યને પ્રત્યક્ષ કરવાની સેવા કરી શકીશું.

*પ્રેષક : ગીતા આર. મહીયા*

## જ્ઞાતિ-સેતુ વાંચકો જોગ નિવેદન

*'જ્ઞાતિસેતુ' પારિવારિક સામયિક છે. સાધારણ રીતે સામયિકો સહુ વાંચકો સાચવતા નથી. તેમ છતાં કેટલાક એવા ગંભીર વાંચકો પણ હોય જ છે, કે જેમને આવા સામયિકો સાચવીને રાખવાનો શોખ હોય. 'જ્ઞાતિસેતુ'નું આયોજન છે કે એના જે* ***કોઈ સભ્યે અત્યાર સુધી પ્રકાશિત થયેલા બધા અંકો સાચવી રાખ્યા હશે તેમને યોગ્ય ઈનામ સાથે સન્માનિત કરવામાં આવશે.*** *બધા અંકો સાચવ્યા ન હોય તો પણ જેમણે વધુમાં વધુ અંકો સાચવ્યા હશે એમને પણ પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવશે. અતઃ વાંચકોને વિનંતી છે કે, એમના ઘરની લાઈબ્રેરી જુએ. 'સેતુ'ના સચવાયેલા અંકો નોંધે વર્ષ-૧ થી ૯ સુધીમાં પ્રકાશિત અંકોની વિગત અમને મોડામાં મોડી ૩૧મી ઓગસ્ટ સુધીમાં મોકલી આપે.*

*– મુખ્યતંત્રી*

## હૃદયમાં રામ જન્મ

રામનવમી એટલે ચૈત્ર માસની નવમી. રામનો જન્મ દિવસ. રામજીનો જન્મ ભીતર થાય છે.

રામજી અંતર્યામી છે. ભારે રૂપાળા અતિ સુંદર! એમનાથી વધારે રમણીય કોઇ જ નહીં. રામજીનો નિત્ય નિરંતર ખેલ ચાલી રહ્યો છે. રામજી પ્રત્યેકના હૃદયમાં છે. પ્રત્યેકનું અંતસ્તલ રામજીની જન્મભૂમિ છે.

આવા અંતર્યામી રામજીનો જન્મ-દિવસ કોઇ એક ન હોઇ શકે. તેઓ પ્રતિક્ષણ જન્મે છે. એ ત્યારે જન્મે છે, જ્યારે માણસને સર્વોત્તમ વિચાર સુઝે છે. જે ક્ષણે માણસ અંતરાત્મામાં લીન થઇ ગયો, જે ક્ષણે માણસના અંદરના વિકાર મટી ગયા, તે ક્ષણે એના હૃદયમાં રામજીનો જન્મ થઇ ગયો એમ સમજવું. દરેક દરેક માણસના હૃદયમાં ક્યારેકને ક્યારેક તો રામજીનો જન્મ થાય જ છે. અને એ થતાંની સાથે જ એની કાયાપલટ થઇ જાય છે. એનું જીવન બદલાઇ જાય છે. એક ક્ષણ માટે પણ રામજી પ્રગટ થઇ જાય તો તે ક્ષણે વિચારો બદલાઇ જાય છે. જીવનને નવી દિશા મળી જાય છે.

રામકથાથી કોણ અજાણ છે? ગંગાજળથી જે પાવનતા મળે છે, સ્વચ્છ-નિર્મળ વાયુથી જે પાવનતા મળે છે તેવી પાવનતા રામકથામાંથી મળતી લોકો અનુભવે છે. પરંતુ તુલસીદાસજીએ એક ભારે મોટો વિચાર આપણને આપ્યો કે "રૂપથી નામ મોટું છે." રામ કરતાં રામનું નામ મોટું છે. રામજીનું રૂપ જે એક જમાનામાં પ્રગટ થયું હતું અને જે ભક્તોનાં હૃદયમાં આજે પણ પ્રગટ થાય છે, તે સુંદર છે. પરંતુ એ રૂપથીયે ચઢિયાતું એનું નામ છે.

નામ તો આપણી જીભે નિરંતર રમતું રાખી શકીએ. જાણે રામજી આપણા હાથવગા જ થઇ ગયા. સૌનું કલ્યાણ કરનારું એ રામનામ જ એવું છે. જેણે કરોડોને તાર્યા છે. રામનામનો મહિમા અપાર છે. અનંત છે. *- વિનોબા ભાવે*

તેથી એક સંતે ખુબ સરસ કહ્યું કે

***"રટ નામ પ્રભુ સબ કામ કરે***
***સુખદુ:ખમાં દુર અજમાવત હૈ***
***અરે દેહ દુર્લભ મનુષ્ય કા કો ધૂલ મેં***
***કા કે મિલાવત હો, કહે 'દાસ' સમજ રે***
***મના તું ક્યું હાથસે બાજી ગુમાવત હૈ"***

રામનામથી પત્થરો પણ તરી ગયા તો માનવી કેમ ન તરે? આવો અદ્‌ભુત રામનો મહિમા તુલસીદાસે ગાયો. તો રામનવમી ના પવિત્ર પાવન પ્રસંગે આપણે સૌ રામ ભગવાનને પ્રાર્થના કરીએ કે તમારું નામ અમારી જીભ પર અહર્નિશ આવ્યા કરે.

***પ્રેષક : લતા કે. હેડાઉ - નાગલપુર, માંડવી***

## રામાયણ એટલે....

★ રામાયણ કેવળ હિંદુ પ્રજાનું મહાકાવ્ય નથી.
★ રામાયણ કેવળ ભારત દેશનું મહાકાવ્ય નથી.
★ રામાયણ પૃથ્વી પર પાંગરેલી ઉત્ક્રાંત માનવતાનું મહાકાવ્ય છે.
★ રામ નું હૃદયમંથન સમગ્ર માનવજાતનું મનોમંથન છે.
★ સીતાની વ્યથા વિશ્વની તમામ સન્નારીઓની વ્યથા છે.
★ કૈકેય એટલે પુત્ર મોહને કારણે પરિવારમાં પલીતો ચાંપનારી તેજસ્વી મહિલા.
★ ભરત એટલે મૂર્તિમંત વૈરાગ્ય.
★ લક્ષ્મણ એટલે રામના હૃદયમાં રહેતો પુણ્ય પ્રકોપ.
★ ઉર્મિલા એટલે પ્રેમનું સૂક્ષ્મારોહણ અને ઉર્ધ્વારોહણ.
★ જટાયું એટલે પારકી લડાઈ વહોરીને શહીદ થનારો સત્યાગ્રહી.
★ રાવણ જેવો જ્ઞાની દુનિયાને સતત પજવતી આસૂરી સંપત્તિનો પ્રતિનિધિ છે.
★ રામાયણ એટલે ભારતીય સંસ્કૃતિના મંદિરના ગંભારામાંથી પ્રસરતી ધૂપ સુગંધ
★ હનુમાન પ્રત્યેક માનવમાં પડેલી પ્રાણશક્તિના પ્રતિક છે.
★ સુગ્રીવ એટલે રામના પ્રતાપે સત્વ ગુણ તરફ વળેલો રજોગુણી અને તમોગુણી વાનર
★ મારીચ એટલે રામ બાણ વાગ્યા પછી જાગી ગયેલ સેવાર્થી સાધક
★ વિભિષણ એટલે શત્રુપક્ષે રહેલા સત્યને સ્વીકારનારો જાગૃત જીવ
★ રામકથા એટલે માનવમાં રહેલા દેવ અને દાનવની કથા
★ રામાયણ એટલે ભારતીય સંસ્કૃતિના મંદિરના ગંભારામાંથી પ્રસરતી ધૂપ સુગંધ.

## 'જ્ઞાતિસેતુ'ના નિયમિત લેખકો જોગ નિવેદન

***સેતુ સપ્તમ અવસરે અત્યાર સુધી જે લેખકો / લેખિકાઓએ એમની રચનાઓ મોકલી છે, તેમના 'યોગદાન'ની દસ્તાવેજી નોંધ આપવાનું આયોજન છે. સર્વે લેખકોને વિનંતી છે કે પાછલા સાત વર્ષો દરમ્યાન એમની પ્રકાશિત થયેલી રચનાઓનાં શિર્ષક અને કયા અંકમાં પ્રકાશિત થઈ તેની વિગતો સાથે, એમની પાસપોર્ટ સાઈઝની તસવીર અને ટુંકો પરિચય અવશ્ય મોકલે. આશા છે, અમારું આ 'ઈજન' સેતુ-લેખકો ઉમળકાથી આવકારશે. આ વિગતો હવે પછીના અંકમાં પ્રકાશિત થશે.***

***– મુખ્યતંત્રી***

# મોક્ષમાર્ગના ધ્રુવતારક સદ્ગુરુ

**પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ**

વેદવેદાદિ શાસ્ત્રોને સદ્ગુરૂ જ સ્પષ્ટ રીતે શિષ્યોને સમજાવી શકે છે. શિષ્યોને વેદોનું રહસ્ય સ્પષ્ટ દર્શાવી શકે છે. આ પૃથ્વી પર જયારે પણ ભગવાને અવતાર ધારણ કર્યો છે ત્યારે તેમને ગુરૂનો આશ્રય લેવો પડ્યો છે. રામ, કૃષ્ણ કે સહજાનંદ સ્વામીની અવતારી લીલાઓ દરમ્યાન ગુરૂ વશિષ્ટજી, ગુર સાંદીપની તથા સદ્ગુરૂ રામાનંદ સ્વામીનો શિષ્યોપદેશ એક આગવો અનેરો આધ્યાત્મિક સંદેશ કે જેને અદ્યપિ પર્યંત ભક્તજનો અંતરમાં ઉતારી રહ્યા છે. શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારનો સદ્ગુરૂ પોતાની જ્ઞાનરૂપી અંજનશલાકા દ્વારા નાશ કરે છે. સદ્ગુરૂની કૃપાથીજ ભગવાનનો સાક્ષાત્કાર શક્ય બને છે.

અષાઢ માસમાં જ ગુરૂ પૂર્ણિમા ઉજવવા પછવાડે કેટલાક મહત્ત્વની બાબતો સંકળાયેલી છે. ગુરૂ, એ પૂર્ણિમાના ચંદ્ર જેવા ઉજજવળ અને જ્ઞાનરૂપી પ્રકાશયુક્ત છે તથા શિષ્યોને વાદળ જેવા કલ્પવામાં આવ્યા છે. શરદપૂર્ણિમાનો ચાંદ નભમાં એકલો જ હોય ત્યારે વાદળ હોતા નથી. અર્થાત્ ગુરૂ એકલવાયા કહેવાય. જન્મોજન્મના અંધકાર કે અજ્ઞાન લઇને શિષ્યો વાદળની જેમ ઘૂમરાતા હોય છે તેના પર અષાઢ માસના પૂર્ણચંદ્ર સ્વરૂપ પૂર્ણજ્ઞાનનિષ્ઠ સદ્ગુરૂ પ્રકાશ પાથરે છે.

આપણે ગુરૂ તરીકે ચંદ્રને સ્થાને સૂર્યને પસંદ કરી શક્યા હોત. કિંતુ સૂર્ય પાસે તો સ્વપ્રકાશ છે. ચંદ્ર પાસે પોતાનો કોઇ પ્રકાશ નથી. તેને પ્રકાશ, સૂર્ય પાઠવે છે. તેમ ગુરૂ પાસે જ્ઞાનરૂપી પ્રકાશ આખરે તો ભગવાનનો છે. જેમ આપણે સૂર્ય સામે સીધુંજ જોઇ શકતા નથી, તેમ પરમાત્મા તરફ પણ સીધું જોઇ શકવા આપણે સમર્થ નથી. ભગવાનનો સાક્ષાત્કાર સદ્ગુરૂ જ કરાવી શકે. ગુરૂ પૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા કહેવામાં આવે છે કારણકે એ દિવસ વ્યાસજીનો જન્મદિવસ છે. તેમણે પંચમવેદ, મહાભારતની રચના આ દિવસે પૂર્ણ કરી.

વિશ્વના સુપ્રસિદ્ધ આર્ષગ્રંથ 'બ્રહ્મસૂત્ર'નું લેખન વ્યાસજીએ આ દિવસે શરૂ કર્યું, ત્યારે દેવતાએ વ્યાસજીનું પૂજન કર્યું. ત્યારથી વ્યાસપૂર્ણિમા મનાવાય છે. આ મંગલમય દિવસે જે કોઇ શિષ્ય બ્રહ્મદેવતા સદ્ગુરૂનું પૂજન - અર્ચન કરે છે તેને સમગ્ર વર્ષના વ્રતોનું ફળ અને પુણ્ય પ્રાપ્ત થાય છે. સદ્ગુરૂ મેઘની જેમ શિષ્ય પર જ્ઞાનવૃષ્ટિ કરી તેના અંધકાર અને અજ્ઞાન હરી લે છે. કોઇ શિષ્યની બુઝાઇ ગયેલી જયોતિને પુનઃ પ્રગટાવી શકે છે. શિષ્યની શ્રદ્ધા અને ગુરૂની કૃપાથી જ મોક્ષના દ્વાર ખુલે છે.

શિષ્યો પ્રત્યે સદ્ગુરૂની કોઇજ અપેક્ષા હોતી નથી. માતા પિતાને એવી અપેક્ષા રહે કે પુત્ર ઉંમરલાયક થયા બાદ, આપણને ઘડપણમાં ઉપયોગી બની, આપણી સેવા ચાકરી કરશે. શિષ્યે સદ્ગુરૂને દક્ષિણા અર્પી સન્માનવા જોઇએ. વાસ્તવમા જે શિષ્ય પોતાના પંચવિષય – કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સરને દક્ષિણા સ્વરૂપે ગુરૂચરણોમાં આ દિવસે મૂકે, તે અચૂક મોક્ષભાગી બને છે. હરિદ્વારમાં લાખો લોકો ગંગાજીમાં સ્નાન કરે છે. લાખો શ્રદ્ધાળુઓ આ દિવસે ગોવર્ધન પર્વતની પરિક્રમા કરે છે. ગરીબોને દાન દક્ષિણા આપે છે.

મહારાજા વિક્રમાદિત્ય, ગુર્જર સમ્રાટ મિહીર ભોજ, ઉપનિષદકાળના સત્યકામ, જાબાલ સૌએ ગુરૂનો આશ્રય પ્રાપ્ત કરેલો. જેમ કુંભાર માટીને હાથથી ટપલા મારી ઘાટ આપે છે તેમ, ગુરૂ શિષ્યની નાની મોટી ભૂલો બતાવી, તેના જીવનને મોક્ષદાયી બનાવે છે. ગુરૂ શંકરાચાર્યના ગુરૂ, ગોવિંદાચાર્ય હતા. આચાર્ય દ્રોણ અને કૃપાચાર્ય, પાંડવો અને કૌરવોના ગુરૂ હતા. શ્રી રામાનંદ, કબીરજીના ગુરૂ હતા. સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદના ગુરૂ હતા. શીખ ધર્મમાં ગુરૂનાનકજી અને ગુરૂગ્રંથ સાહેબનું મહાત્મ્ય અનેકગણું જોવા મળે છે. આજથી અંદાજે પાંચસો વર્ષ પૂર્વે મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યે સદ્ગુરૂના લક્ષણો દર્શાવ્યા છે. પશ્ચિમના મહાન તત્ત્વચિંતક પ્લેટોના ગુરૂ સોક્રેટીસ હતા જયારે એરીસ્ટોટલના ગુરૂ પ્લેટો હતા. આમ પશ્ચિમના દેશોમાં તત્વદર્શીની ગુરૂ પરંપરા જોવા મળે જ છે.

પારાશર મુનિ અને સત્યવતીના પ્રભાવશાળી પુત્ર એ વેદવ્યાસ. તેઓ અગાધ જ્ઞાનના મહાસાગર હતા. વેદવ્યાસનું સાચું નામ તો "કૃષ્ણ દ્વૈપાયન" હતું. જન્મ સમયે તે શ્યામ વર્ણના હોવાથી કૃષ્ણ, અને યમુના દ્વીપમાં રહેતા હોવાથી દ્વૈપાયન કહેવાયા. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ આ ત્રિદેવનું સ્વરૂપ એટલે "દત્તાત્રેય" મહર્ષિ અત્રી અને માતા અનસૂયાના પુત્રરૂપે પ્રગટ થયેલા. તેઓએ તો પોતાના જીવનકાળ દરમ્યાન ૨૪ ગુરૂ બનાવ્યા. નારેશ્વરના રંગ અવધૂતજી મહારાજે દત્તાત્રેયજીનો સાક્ષાત્કાર કર્યો હતો. નાથ સંપ્રદાયમાં આદ્યપ્રવર્તક ગુરૂ મત્સ્યેન્દ્રનાથ અને તેમના પ્રિય શિષ્ય ગોરખનાથજીના નામો સુપ્રસિદ્ધ છે. શિવાજીના ગુરૂ રામદાસે શિવાજીને સફળ નેતૃત્વ અપાવ્યું. આમ ગુરૂ શિષ્ય પરંપરા અનેક ધર્મોમાં છે.

*ચૈતન્યં શાશ્વતં શાંતં, જ્યોમાતીતમ્ નિરંજનમ્ ।*
*નાદ બિંદુ કલાતીતં, તસ્મૈશ્રી ગુરૂવે નમઃ ॥*

જે ચૈતન્ય તત્વ શાશ્વત છે, શાંત છે. આપણાથી પર નિરંજન છે, જે નાદ બિંદુની કલાથી પણ પર છે તેવા ગુરૂને હું નમસ્કાર કરુ ંછું.

*જલાનાં સાગરો રાજા, યથા ભવતિ પાર્વતી ।*
*ગુરૂણાં તત્વ સર્વેષ્યાં, રાજાયાં પરમો ગુરૂ : ॥*

હે પાર્વતી! જેવી રીતે બધા જળાશયોમાં સાગર રાજા છે, તેમ બધા જ ગુરૂઓમાં બ્રહ્મવેતા ગુરૂ રાજા છે.

જે સદ્ગુરૂએ ભગવાનનો આત્મ સાક્ષાત્કાર કરેલો છે, તેવા સમર્થ સદ્ગુરૂના સ્પર્શ માત્રથી શિષ્યને આઠે કોઠે અજવાળાં પ્રાપ્ત થાય છે. ગુરૂ અને શિષ્યનું મિલન એ અરણીમંથન જેવું છે. જ્ઞાન એ અગ્નિ જેવું છે, એ શિષ્યના હૃદયમાં સૂતેલું છે અને સદ્ગુરૂએ તેને જગાડવાનું છે. આમ ગુરૂપૂર્ણિમા, એતો લૌકિક, આધ્યાત્મિક અને દૈવિક ઉન્નતિનું પર્વ છે.


*સદ્ગુરૂ કી કૃપા બીના, હોત ન આતમ જ્ઞાન,*
*ગુરૂ કૃપા સે હોત હૈ, સહજ બ્રહ્મ વિજ્ઞાન.*

# આપણાં પરિવારો

તુલસીદાસ કંસારા

"પરંપરા" કોલમમાં બુદ્ધભટ્ટી દામાણી પરિવાર વિશે સુધાબેન એ. બુદ્ધભટ્ટી સંકલિત માં મેઘબાઇ સતીમાં નો લેખ આ કોલમની શરૂઆત કરવા માટે પ્રેરક બની રહ્યો. આપણી જ્ઞાતિમાં એક બહોળા વટવૃક્ષ સમો સમુદાય ધરાવતો પરિવાર એટલે આ બુદ્ધભટ્ટી દામાણી પરિવાર, જેના વિષે આપણે નઝદીકના ભૂતકાળમાં ડોકિયું કરીને વિશેષ જાણીશું. આ પરિવારનું મૂળ આપણે સતીમાંના દીકરા દામજી, જેમના નામ પરથી આ દામાણી પરિવારને નામ મળેલ છે, ત્યાં રહેલ છે. આજથી લગભગ પચાસેક વરસો પહેલા મારે અમદાવાદ આવવાનું થયેલ ત્યારે વડીલો પ્રત્યેના આદરભાવને કારણે હું ઘી કાંટા રોડ ઉપર આવેલ મોટી હમામ પાસેના તેમના ઘેર મુરબ્બી શ્રી પ્રાગજીકાકાને મળવા ગયેલ. જેમના પરિવારને આપણે પ્રાગજી નાનજી ડોસાના કુટુંબ તરીકે ઓળખીએ છીએ, અને ભુજમાં આવેલ આ સતીમાં ની દેરીના અગાઉ થયેલ જીર્ણોદ્ધાર વખતે લગાવેલ આરસની તપ્તીમાં પણ એ નામનો ઉલ્લેખ છે. હું જ્યારે તેમને મળ્યો, ત્યારે તેઓ તેમના વિશાળ ઘરમાં નીચે મોટા ડેલા જેવી જગ્યામાં સેટી ઉપર ગાડી-તકિયાને અઢેલીને બેઠેલ હતા. તેમણે પોતાના માથાના ટૂંકાવાળ પ્રત્યે અંગુલી નિર્દેશ કરીને સૌ પ્રથમ તો મને મારા લાંબા વાળ કપાવી ને તેમના જેવા ટૂંકા રાખવા, હસતા હસતા છતાં થોડા ગુસ્સામાં હોય તેવા વડિલ ભાવે સલાહ આપી. જે અહીં તેમના જ શબ્દોમાં મૂકેલ છે. "લાંબા વાળ સારા નહીં, મારા જેવા ટૂંકા વાળ કરાવી નાંખો, લાંબા વાળ વધારે લોહી પી જાય અને આપણી બુદ્ધિ ટૂંકી થઇ જાય, ટૂંકા વાળ સરસ દેખાય અને આપણું મોઢું પણ સરસ દેખાય" અને વાત આગળ ચલાવતા તેમણે એક કાગળ હાથમાં લીધો અને આ પરિવાર વિષે વિસ્તૃત માહિતી તે કાગળ ઉપર વંશાવળી રૂપે દોરીને આપી, જે કાગળ આજે પણ મારી પાસે છે અને તેની સ્કેન કરેલી કોપી અહીં પ્રસ્તુત કરેલ છે. આટલી પ્રસ્તાવના કરવી એટલા માટે જરૂરી બની કે આ લેખ વાંચનાર, તેમના હસ્તાક્ષરોમાં દેખાતા નામો સાથે જે પણ રીતે સંકળાયેલ હોય તેઓ આ પરિવાર વિષે, પોતાની પેઢી માની વ્યક્તિ-વિશેષ બાબતમાં વધારે પ્રકાશ પાડી ને તેમના વિષે માહિતી આપી શકે જેથી આ પરિવારની એક લેખમાળા સુવ્યવસ્થિત રીતે તૈયાર થઇ શકે.

શ્રી પ્રાગજી ભાઇએ આપેલ માહિતી કુંવરજીના સમયથી શરુ થાય છે. કુંવરજીના વિસ્તારમાં (૧) દયાળજી (૨) ડોસાજી (૩) શામજી (૪) દેવકરણ (૫) ચાંપશી (૬) જગશી અને (૭) વાઘજી એમ સાત પુત્રો હતો. જેમાંથી તેમના લખાણ મુજબ દયાળજીના બે પુત્રોના નામ પ્રેમજી અને વશરામ. ડોસાજીના વિસ્તારમાં લધા, નાનજી, ગોવિંદ અને દેવશી એમ ચાર નામ દેખાય છે. અને નાનજીના પુત્રોમાં પ્રાગજી, મણીલાલ, રતિલાલ અને શિવજીભાઇ એમ ચાર નામો આવે છે. અને અહીંથી પ્રાગજીભાઇ, જેમણે મને આ માહિતી આપેલ તેમના પરિવારમાં કિશોરચંદ્ર, શ્યામભાઇ, વિઠ્ઠલભાઇ અને મોરારભાઇ એમ ચાર દીકરાઓ હતા. આમ ડોસાજી થી શરૂ થયેલ ચાર ચાર પુત્રો ની હારમાળા ત્રણ પેઢી સુધી ચાલે છે અને પ્રાગજી કાકા ના ચાર પુત્રો પછી માહિતી મેળવવાની છે. આમ અત્યારે એક કુટુંબ લઇએ તો વિઠલભાઇના પુત્રમાં કિરીટભાઇ આવે અને શ્યામભાઇના પુત્ર પંકજભાઇ. એટલે કે પંકજ - શ્યામભાઇ - પ્રાગજીભાઇ - નાનજી - ડોસાજી - કુંવરજી એમ છ પેઢી થઇ. આવીજ રીતે આ લખનાર તુલસીદાસ - લક્ષ્મીચંદ (ભાઇલાલ) - કેશવજી - પ્રેમજી - દયાળજી - કુંવરજી એમ છ પેઢી થાય છે. શ્રી પ્રાગજી કાકા એ આપેલ માહિતી નીચે આપેલ કોઠામાં વર્ગીકૃત કરેલ છે.




અહીં ખૂટતી માહિતીમાં

૧. વશરામના વંશમાં કોઇને ખબર હોય તો જણાવે.

૨. નાનાલાલ અને નરભેરામ આ બે ભાઇઓના વંશ બાબતમાં ચોક્કસ માહિતી તેમના પુત્ર-પુત્રીઓ કે અન્ય કોઇ પાસે હોય તો મોકલાવવા માટે વિનંતી.

૩. મારા ખ્યાલથી માવજીભાઇના વંશમાં કોઇ હતું નહીં, તેવીજ રીતે કાનજીભાઇના વંશમાં પણ કોઇ હતું નહીં.

અહીં પણ નાનજીભાઈની પેઢી સિવાય ઘણી માહિતી ખૂટે છે તેથી આ પરિવારના દરેક સભ્યોને વિનંતી કે આ વંશાવાળી પૂરી માટે ખૂટતી વિગતો મોકલાવે, તેમજ તેમની પેઢીનું આગમન અમદાવાદમાં ક્યારે અને કેવી રીતે થયું તેની જાણકારી હોય તો જણાવે.

**શામજી (૩) ના પુત્ર — દેવશીના પુત્ર — રવજી**

રવજી દેવશીના એક પુત્ર શ્રી મોહનલાલ રવજી બુધભટ્ટી એ વરસો પહેલા એક દામાણી સંગઠન સમિતિ શરૂ કરેલ જેની સભ્ય ફી વરસે ચાર આના રાખેલ અને આ સમિતિમાં સતીમાં ના મંદિરની દેખભાળ કરતી. તેમણે એક ઝૂંબેશ ચલાવી ને દરેક કુટુંબના સભ્યો પાસેથી સારી એવી માહિતી પણ એકત્રિત કરેલ જે એક ફાઇલમાં મૂકેલ, અને મેં તે ફાઇલ જોયાનું પણ યાદ છે. આ સમિતિ અત્યારે કાર્યરત છે કે નહીં તેની માહિતી નથી પરંતુ ૨૩ મી જાન્યુઆરી ૨૦૧૧ ના ઉજવવામાં આવેલ સતીમાંના પાટોત્સવના અહેવાલ ઉપરથી જણાય છે કે રામદાસ લાલજી બુદ્ધભટ્ટી, જનકબેન ત્રિકમદાસ બુદ્ધભટ્ટી, હરેશ રમેશચંદ્ર બુદ્ધભટ્ટી, રાજેશ મગનલાલ બુદ્ધભટ્ટી, જીતેન્દ્ર નાનાલાલ બુદ્ધભટ્ટી, પરેશ રામદાસ બુદ્ધભટ્ટી, જીગર મોહનલાલ બુદ્ધભટ્ટી વિગેરે નવી યુવા પેઢીના કાર્યકર્તાઓ તૈયાર થઇ ગયેલ છે, અને તેઓ સતીમાંનો પાટોત્સવ પ્રણાલીગત રીતે ઉત્સાહ અને શ્રદ્ધાથી મનાવે છે, જે કારણે આ પરિવારના ભાઇ-બહેનો એકબીજાને મળી શકે છે અને ઓળખી શકે છે. આ પ્રોજેક્ટને પોતપોતાના પરિવારની માં સતીમાંની અહીં આપેલ પેઢીઓ જોડે અનુસંધાન સાધી ને, તેઓ કઇ પેઢી સાથે સંબંધ ધરાવે છે તેની માહિતી નીચે આપેલ પત્રકમાં, વ્યક્તિગત રીતે અથવા તો સામૂહિક રીતે મોકલાવશે તો આપણો આ પ્રોજેક્ટ ઝડપથી આગળ ધપી શકશે.

**દેવકરણ (૪) ના પુત્ર — રણછોડ — મોતીલાલ**

અહીં દેવકરણભાઇની પેઢીમાં ઘણી અગત્યની માહિતીઓ હોવાની શક્યતા છે, અને ઘણી ખૂટતી કડીઓ મેળવવાની બાકી છે, તેથી આ પરિવારના દરેક સભ્યોને વિનંતી કે આ વિગતો આપી ને આ કાર્ય ને આગળ ધપાવે. અહીં ઇન્દુલાલભાઇને વિનંતી કે તેમની જાણમાં હોય તે વિગતો ચોક્સાઈપૂર્વક લખીને મોકલાવે.

**ચાંપશી (૫) ના પુત્ર — કાકુ — જદુરામ**

જ્યારે જગશીભાઇ (૬) સામે અંધ લખેલ છે અને વાઘજીભાઇ (૭) ને લાધીબાઇ કરીને પુત્રી હતા જેનો પોતરો વડોદરામાં ભણે છે તેવો ઉલ્લેખ દેખાય છે.

ઉપર લખેલ નામો સિવાય પણ, મળેલ વિગતો ને સુદ્રઢ કરવા માટે આ પરિવારના રસ ધરાવતા સભ્યોને વિનંતી કે તેમની જાણમાં હોય તેવા તેમના, પિત્રાઇના કે આ પરિવારની કોઇપણ પેઢીને લગતી માહિતી તેમજ તેમની પાસે કોઇ લખાણો હોય તો તેની નકલ સાથે આ માહિતીમાં કોઇ ક્ષતિ જણાય અને સુધારા વધારાને અવકાશ હોય તો તેના સૂચનો નીચે ના સરનામે મોકલાવે. જેથી આ પારિવારિક પ્રોજેક્ટ ને આગળ ધપાવવામાં તેમનો સહકાર મળે અને સારાયે પરિવારનું એક સરસ, માહિતીસભર પરિણામલક્ષી ડોસિઅર તૈયાર કરી શકાય, એક દસ્તાવેજ બની શકે, જેમાં સમાવિષ્ટ હકીકતોનો ઉપયોગ પરિવારના દરેક સભ્યો તેમજ જ્ઞાતિ બંધુઓ કરી શકે.

અને જો ઉપર્યુક્ત નામોમાંથી, તેઓ કઇ પેઢી માંથી ઉતરી આવે છે તેમની પાસે કુંવરજી થી પહેલાની પેઢીઓ વિષે કોઇ માહિતી હોય, તો તે આ માટે આ લેખને અંતે એક નમૂનો આપેલ છે તેમાં જરૂરી માહિતી સાથે તેમનું લખાણ અને ફોટોગ્રાફ્સ વિગેરે તેમજ દસ્તાવેજી પુરાવા હોય તો તેની નકલ સાથે મોકલાવે. આવા પૂરાવા ન હોય, અને માત્ર પોતાના વડવાઓ પાસેથી કર્ણોપકર્ણ સંભાળેલ માહિતી હોય તો તે પણ મોકલાવવાનું ઉપયોગી સાબિત થશે.

## નમુનો

| માહિતી મોકલનારનું નામ | હાલનું સરનામું અને ફોન કે મોબાઈલ નંબર | ઉપર દર્શાવેલ કુંવરજી બાપાના સાત પુત્રોમાંની કઈ પેઢી સાથે સંબંધ છે તેની ક્રમબદ્ધ માહિતી | સાથે જોડેલ દસ્તાવેજી પુરાવા કે ફોટોગ્રાફની સંખ્યા અને ટુંકી નોંધ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| | | (અલગ પાના ઉપર કે આ કોલમમાં જરૂરત મુજબ આપી શકાય) | | (પોતાની પેઢી કે પોતાના વડવાઓની પેઢીમાં વિશેષ વ્યક્તિગત સિદ્ધિ, પ્રાપ્તિ કે વિશેષ નોંધવા લાયક, ગૌરવપ્રદ બીના બનેલ હોય તો તેની વિસ્તૃત માહિતી અલગ કાગળ ઉપર સાથે જોડવી) |

સાથે સાથે આપણી જ્ઞાતિના દરેક સભ્ય ને વિનંતી કરવામાં આવે છે કે આ લેખમાળા હેઠળ દરેક સરનેમ, અટક કે નૂખના પરિવારો ને સાંકળવાના હોવાથી, તેમના પરિવારોની વંશાવળી અને અન્ય માહિતી નીચે આપેલ સરનામે મોકલાવે, જે યોગ્ય સમયે સંપાદિત કરીને પ્રકાશિત કરવામાં આવશે. ***દા.ત. ફેબ્રુઆરી - માર્ચ ૨૦૧૧ ના અંકમાં મારૂં કંસારા સોની સોલંકી પરિવારનો અહેવાલ વાંચ્યો. આ પરિવારનું યુવક મંડળ ચાલે છે અને તેના મંત્રી નવીનચંદ્ર રતિલાલ જેમણે હવનનું આયોજન કરેલ, તે એક કૌટુંબિક ભાવના માટે આવકાર્ય પગલું છે. હવે જો તેઓ અને તેમની ટીમ તેમના પરિવાર વિષે થોડી ઐતિહાસિક માહિતી એકત્રિત કરે અને તેની વિગતો ઉપર લખેલ નમુના મુજબ તૈયાર કરીને મોકલાવે તો સોલંકી પરિવાર વિષે એક આધારભૂત દસ્તાવેજ તૈયાર કરી શકાય.*** આવી જ રીતે આપણી જ્ઞાતિમાં પોમલ, બારમેડા, બિજલાની, કટ્ટા, મયેચા, હેડાઉ, ગુજરાતી, છત્રાળા, સાકરીયા, કોટડીયા, વિગેરે અનેક પરિવારો છે. જેમાંથી ભુજ જ્ઞાતિના ૨૦૦૯ ના વસ્તીપત્રક મુજબ ૧૧૩૬ કુટુંબોમાંથી ૨૨૬ ની સંખ્યા સાથે વીસ ટકા જેટલા બુદ્ધભટ્ટી પરિવારો છે, અને ત્યારે બાદ ૧૪૧ ની સંખ્યા સાથે બીજે નંબર પોમલ આવે છે. આમાંના કેટલાક પરિવારોના મંડળો પણ ઔપચારિક કે અનૌપચારિક રીતે અસ્તિત્વમાં છે, જેઓ પોતપોતાના પરિવારો વિષે રીસર્ચ કરીને, થોડી શોધખોળ કરીને માહિતી મોકલાવે તેવી આગ્રહ ભરી વિનંતી છે.

સુધાબેનના લેખમાં ઉલ્લેખ કરવામાં આવેલ રવજીભાઇ, કેશવજીભાઇ, જાદવજી બાપુભાઇ, વિગેરે આદરણીય પૂર્વજોના સંતાનો, વંશ-વરસો, આ બાબતમાં તેમના પરિવારના સભ્યો વિષે લખી મોકલાવે, તો ખૂટતી વિગતો મળી રહે. સાથે સાથે જેમના નામ ઉપરથી આ પરિવારનું નામ ઉતારી આવેલ છે તે દામજીભાઇ અને આ જેના આધારે આ લેખના મંડાણ થયેલ છે તે શ્રી પ્રાગજી કાકા એ આપેલ પ્રથમ પેઢીનું નામ કુંવરજીભાઇ વચ્ચેનું અનુસંધાન પણ જરૂરી છે, દા.ત. ઉપર ઉપ્લેખિત અહેવાલમાં દામજી પ્રાગજી, એટલે કે દામજીના પિતાશ્રી અને માં મેઘબાઇના પતિનું નામ પ્રાગજી હતું, હવે જો દામજીભાઇની પેઢીમાં કુવંરજી કેટલા મેં સ્થાને આવે છે, તેમજ તેમના કોઇ ભાઇ હતા? બુદ્ધભટ્ટી અટક તરીકે પ્રાગજીભાઇ ના કોઇ ભાઇ હતા? તેમના વડવાઓના નામો નું પગેરું ક્યાંયથી મળે? શ્રી ઇન્દુભાઇ એ સંપાદિત કરેલ પુસ્તિકામાં મેઘબાઇ સતી થયા તે વખતે ના તેમના હાથના થપ્પા કરેલ તેની વાત છે, તો તે મકાન ધરતીકંપ બાદ પણ જળવાઇ રહેલ છે? જો તેવું બનેલ હોય તો ત્યાં અત્યારે પણ આ જગ્યા કે જયાં હાથ ના થપ્પા હતા તે શું અસ્તિત્વ માં છે? જો હોય તો તેનો ફોટોગ્રાફ મળે? આવા અનેક સવાલો આ પરિવાર વિષે લખવાનું વિચારતા મારા મનમાં ઉઠે છે. જેનો જવાબ સ્થાનિક પરિવારના સભ્યો કદાચ આપી શકે, જો તેમણે તેમના વડીલો પાસેથી આ વિષે સંભાળેલ હોય કે તેને લગતા દસ્તાવેજો જોયેલ હોય તો. આ પરિવાર ના શ્રીમતી રોહિણીબેન બુદ્ધભટ્ટી જેવા સમાજના કાર્યોમાં આગેવાની લેતા સાક્ષર સભ્ય પોતાના પરિવાર સાથે વિચાર વિમર્શ કરીને આ દસ્તાવેજ બનાવવામાં સિંહ ફાળો આપી શકવા ને સક્ષમ છે. તો ચાલો ભાઇઓ અને બહેનો, આપણે આ પરિવારિક પ્રોજેક્ટને આગળ ધપાવીએ, અને ખૂટતી વિગતો નીચેના સરનામે સંકલન માટે મોકલાવીએ

***ટી.એલ. કંસારા***

***ડી/૫૦૪, સાર્થક ટાવર્સ, રામદેવ નગર, સેટેલાઇટ રોડ, અમદાવાદ -૩૮૦૦૧૫***

***જે સભ્યો ઇ-મેઇલ થી માહિતી મોકલવવા માંગતા હોય તેઓ tulsi_66@yahoo.in સરનામે ઇ-મેઇલ કરી શકે છે.***

## ‘જ્ઞાતિસેતુ’ — યત્ર તત્ર સર્વત્ર - સહસ્ત્ર

‘સપ્તમ’ અવસરે અમને એ જણાવતાં હર્ષ થાય છે કે ગત સાત વર્ષ દરમ્યાન કોઈ પણ વિશેષ પ્રચાર, પ્રયાસ, પ્રસાર વિના, સેતુ-સભ્યોની ઉત્તરોત્તર વૃધ્ધિ થતી રહી છે અને અમને એ વાતનું ગૌરવ છે કે - સાત વર્ષને અંતે, સેતુ સભ્ય સંખ્યા સહસ્ર (૧૦૦૧) થઈ છે. આપણો આ નાનકડો એવો સમુદાય, વ્યવસાયે મુખ્યત્વે કારીગર વર્ગ, શિક્ષણનું પ્રમાણ ઓછું, છતાં ‘સેતુ’ આ સંખ્યાએ પહોંચ્યું છે. આ સિધ્ધિનો ખરો યશ, જ્ઞાતિબંધુઓને છે, કે જેમણે સેતુને પોતીકું સમજી, સભ્ય થયા. આજે સેતુ ભારતમાં નાનામાં નાના ગામડામાં વસતા એકલદોકલ પરિવાર સુધી પહોંચી ગયું છે, જેની પ્રતીતિ આ અંકમાં અન્યત્ર આપેલી ‘સેતુ વિસ્તરણ વિગતો’માંથી મળી રહેશે.

***અમારૂં વિઝન છે, સમસ્ત મારૂ કંસારા સોની પરિવારોની પરસ્પર પહેચાન અને સંવાદિતા***

***અમારૂં વિઝન છે, સામુદાયિક સંગઠન. અમારૂં મિશન છે સેતુ ‘યત્ર તત્ર સર્વત્ર....’ પ્રસારણ.***

***કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ***

***અને ‘સેતુ’ તંત્રીમંડળ***

# LIST OF CITIES AND TOWNS OF SETU DISTRIBUTION

## KUTCH

| | | |
|---|---|---|
| 1. | Anjar | 124 |
| 2. | Badadia, Po. Kera, Ta. Bhuj | 2 |
| 3. | Bhachau | 2 |
| 4. | Bharasar, Ta. Bhuj | 1 |
| 5. | Bhuj | 207 |
| 6. | Bita, Ta. Abadasa | 1 |
| 7. | Dahinsara | 1 |
| 8. | Dahisara, Ta. Bhuj | 2 |
| 9. | Dayapar, Ta. Lakhpat | 2 |
| 10. | Desalpar (Vandhay), Ta. Bhuj | 1 |
| 11. | Deshalpar (Guntali) Ta. Nakhatrana | 2 |
| 12. | Devpar (Yax), Ta. Nakhatrana | 1 |
| 13. | Devpar - Gadhshisha, Ta. Mandavi | 1 |
| 14. | Dhaneti, Po. Madhapar | 1 |
| 15. | Dhori, Ta. Bhuj | 2 |
| 16. | Gadani, Ta. Nakhatrana | 2 |
| 17. | Gadhshisha, Ta. Mandvi | 7 |
| 18. | Gaduli, Ta. Nakhatrana | 1 |
| 19. | Gandhidham | 10 |
| 20. | Jhanghadiya, Ta. Abdasa | 1 |
| 21. | Jiyapar, Ta. Nakhatrana | 1 |
| 22. | Kalyanpar, Ta. Nakhatrana | 1 |
| 23. | Kera, Ta. Bhuj | 2 |
| 24. | Khavada, Ta. Bhuj | 1 |
| 25. | Khedoi, Ta. Anjar | 1 |
| 26. | Khombhadi Moti, Ta. Nakhatrana | 2 |
| 27. | Kotada (Jadodar), Ta. Nakhatrana | 5 |
| 28. | Kotada (Chakar), Ta. Bhuj | 3 |
| 29. | Kothara, Ta. Abadasa | 7 |
| 30. | Kukama, Ta. Bhuj | 1 |
| 31. | Ludava, Ta. Mandavi | 1 |
| 32. | Madhapar | 60 |
| 33. | Mandavi | 24 |
| 34. | Mangavana, Ta. Nakhatrana | 1 |
| 35. | Mankuva, Ta. Bhuj | 8 |
| 36. | Mathal, Ta. Nakhatrana | 2 |
| 37. | Mirjapar, Ta. Bhuj | 6 |
| 38. | Mothala, Ta. Abadasa | 1 |
| 39. | Nagalpar, Ta. Mandavi | 2 |
| 40. | Nakhatrana | 42 |
| 41. | Nalia, Ta. Abadasa | 3 |
| 42. | Nana Angia, Ta. Nakhatrana | 3 |
| 43. | Naranpar, Ta. Bhuj | 3 |
| 44. | Netra, Ta. Nakhatrana | 3 |
| 45. | New Dedhai, Ta. Anjar | 1 |
| 46. | Rampar Vekra, Ta. Mandavi | 2 |
| 47. | Rasaliya, Ta. Nakhatrana | 3 |
| 48. | Ratnapar (Mau), Ta. Mandavi | 1 |
| 49. | Ravapar, Ta. Nakhatrana | 7 |
| 50. | Samatra, Ta. Bhuj | 1 |
| 51. | Saynra (Yax), Ta. Nakhatrana | 1 |
| 52. | Shinay, Ta. Gandhidham | 1 |
| 53. | Sukhpar, Ta. Bhuj | 4 |
| 54. | Surajpur-Bharapar, Ta. Bhuj | 1 |
| 55. | Tera, Ta. Abadasa | 1 |
| 56. | Todia, Ta. Nakhatrana | 1 |
| 57. | Ukheda, Ta. Nakhatrana | 1 |
| 58. | Varma Nagar, Ta. Lakhpat | 1 |
| 59. | Virani Moti, Ta. Nakhatrana | 7 |
| 60. | Vithon, Ta. Nakhatrana | 6 |

## SABARKANTHA

| | | |
|---|---|---|
| 61. | Bayad | 1 |
| 62. | Bhiloda | 1 |
| 63. | Demai | 2 |
| 64. | Dhansura | 2 |
| 65. | Himmatnagar | 1 |
| 66. | Idar | 2 |
| 67. | Khedbrahma | 3 |
| 68. | Modasa | 3 |
| 69. | Talod | 7 |
| 70. | Vadali | 5 |

## AHMEDABAD

| | | |
|---|---|---|
| 71. | Ahmedabad | 92 |
| 72. | Dholka | 1 |

## BANASKANTHA

| | | |
|---|---|---|
| 73. | Amirgarh | 1 |
| 74. | Dhanera | 1 |
| 75. | Disa | 1 |

## GANDHINAGAR

| | | |
|---|---|---|
| 76. | Dehgam | 5 |
| 77. | Gandhinagar | 4 |

## RAJKOT

| | | |
|---|---|---|
| 78. | Gondal | 2 |
| 79. | Jetapur | 1 |
| 80. | Morabi | 3 |
| 81. | Rajkot | 12 |

## JAMNAGAR

| | | |
|---|---|---|
| 82. | Jamnagar | 8 |

## OTHER PLACES IN GUJARAT

| | | |
|---|---|---|
| 83. | Rajula City | 1 |
| 84. | Karamsad | 1 |
| 85. | Gadakhal, Ta. Ankleshwar | 1 |
| 86. | Shihor | 2 |
| 87. | Ambuja Nagar, Ta. Kodinar | 1 |

## OTHER STATES

| | | |
|---|---|---|
| ■ | Chhatisgarh | 30 |
| ■ | Andhrapradesh | 10 |
| ■ | Maharashtra | 48 |
| ■ | M.P. | 3 |
| ■ | Delhi | 5 |
| ■ | Rajasthan | 5 |
| ■ | Orissa | 1 |

**Our "GNATI SETU" goes more than 150 places in India and abroad.**

**મીતા'સ કોર્નર**

# લગ્નજીવનની સમસ્યાઓનું મૂળ

**મીતા એન. સોલંકી - ભુજ**

આપણા સમાજમાં હમણા હમણાં લગ્નવિચ્છેદ, સગપણ ફોક, જેવી સમસ્યાઓ ખૂબ વકરતી જોઇએ છીએ.

શાંતિથી વિચારીએ છીએ તો મોટેભાગે સહનશીલતાનો અભાવ, એકબીજા પાસેથી વધુ પડતી અપેક્ષા, ભૌતિકતાવાદ જેવા સામાન્ય કારણો સામે આવતા જોવા મળે છે. પરંતુ હું માનુ છું કે આ સમસ્યાના મૂળ થોડા ઊંડા છે અને ભાવનાત્મક લેવલના છે. દાંપત્યજીવનનો મૂળ પાયો છે પ્રેમ. જો એ તત્ત્વ એકબીજા માટે સરખે ભાગે હશે તો નાની મોટી સમસ્યાઓ સજોડે નિવારી શકાશે. પ્રેમની શરૂઆત ઘરના સભ્યોથી જ થાવી જોઇએ. પરંતુ આ પણ જરૂરી છે કે પોતપોતાના 'ઇમોશન લેવલ' વિશે વીચારોમાં સ્પષ્ટ હોય.

સગાઇ પછીનો ગાળો તેમજ લગ્ન પહેલાનો પ્રેમ, લગ્ન પછી ક્યાં ચાલી જાય છે તે શોધો. જો પ્રેમના છોડને લીલોછમ રાખવો હોય તો તેને સતત સીંચતા રહેવું પડશે, નહિંતર એ મુરઝાતા વાર નથી લાગતી!

મારો પતિ મને ચાહે છે, કે પછી મારી પત્ની મને પ્રેમ કરે છે એવો અહેસાસ અને લાગણી ભાવનાત્મક જીવન (અફકોર્સ! લગ્નજીવન) ટકાવવા ખૂબ ઉપયોગી નીવડે છે. કોઇ આપણને પ્રેમ કરે, ઇચ્છે, કેર કરે, ધ્યાન રાખે પ્રોટેક્શન આપે અથવા મળે એવી ઇચ્છા સમગ્ર વિવાહની સંસ્થાનું મૂળ છે.

લાગણીના શબ્દો એકબીજાને સતત નહિં પણ ક્યારેક ક્યારેક કહેવાથી હૂંફનો અહેસાસ થાય છે. આપણે આપણા સાથી



**મીતા એન. સોલંકી**

*જેઓ તાજેતરમાં અરિહંત નગર મહિલા મંડળ (ભુજ)ના પ્રમુખ તરીકે નિર્વાચિત થયા છે, તેઓ આપણી જ્ઞાતિનું ગૌરવ છે. 'સેતુ' માટે તેઓ હવે પ્રત્યેક અંકમાં એમની કોલમ 'મીતા'સ કોર્નર' શરૂ કરે છે. આ કોલમમાં મીતાબેન આપણને સમાજ વિશે વિશ્લેષણાત્મક લેખ આપશે. આશા છે, વાંચકોને આ કોલમ રસપ્રદ લાગશે તેમજ યોગ્ય પ્રતિભાવ પાઠવશે.*

*– મુખ્યતંત્રી*

પાસે પ્રેરણારૂપ શબ્દો મળે છે, ત્યારે આપણે સારા કાર્યો કરવા પ્રેરાઇએ છીએ. નવો મુદ્દો લઉં તો, ટાઇમ (સમય) આપવો, બન્ને એકબીજા માટે "ક્વોલીટી ઓફ ટાઇમ" આપો. મારો અહીં મતલબ છે કે બન્ને સાથે રહો છો ત્યારે એકબીજામાં ધ્યાન આપો, વાત સાંભળો. ભલે એ સમય સાવ અલ્પ સમય કેમ ન હોય!

એવું પણ એક તારણ મળ્યું છે કે સ્ત્રીઓને પોતાના પાત્ર દ્વારા ભેટ સોગાદ મળે તેમાંય ખાસ સરપ્રાઇઝ કહી શકાય તેવી રીતે મળે તો ખૂબ ખુશ થાય છે! પતિદેવોને જણાવવાનું કે નાની શી ગીફ્ટ તમારી પત્નીને ખુશી આપતી હોય તો ઉપાય અજમાવવા જેવો છે!!

સેવા અર્થે પણ એકબીજાના કાર્યમાં મદદ કરશો તો પણ હુંફાળું સાનીધ્ય મેળવી શકશો. નાના કામની પણ મોટી ખુશી મળી શકે છે!

હવેનો 'સેન્ટી' મુદ્દો છે સ્પર્શ, ગમે તેવા ઝગડા, મનમોટાવ, બોલાચાલી બન્ને પક્ષમાંથી એક પક્ષ પણ સુલઝાવવા માંગતા હોય તો એકમાત્ર હુંફાળા સ્પર્શથી, શબ્દો વિના ઉકેલ લાવી દે છે.

ક્યારેક વાંચ્યુ હતું કે સ્પર્શ એ સૌને સ્પર્શતી બાબત છે. સાવ 'ઇઝીલી અવેલેબલ' અથવા 'હાથવગુ' હોવા છતા દાંપત્ય જીવનમાં આની તંગી વર્તાય છે.

મોટાભાગની સમસ્યાઓનું કારણ સમજણ શક્તિનો અભાવ જોવા મળ્યો છે. પતિ-પત્ની એકબીજાની નબળાઇ, ભૂલો 'વીક પોઇન્ટ'થી પરિચિત હોય છે. બોલાચાલી વખતે એવા કટુ વાક્યો વાપરવાથી ક્રોધ અને ધૃણા ઉપજે છે, દિલને ઠેસ પહોંચે છે અને અણગમો વધતો જાય છે. ગુસ્સો આવે ત્યારે સામે પક્ષે શાંતિથી કામ લેવું. નિયમત ટીકા-નીંદા કરવાની આદતો, પ્રેમ ખાલી કરી ખાલીપો અને દુઃખનો અનુભવ કરાવે છે! સમજુ વ્યક્તિએ આમ થવા ન દેવું!

આપણા સમાજમાં થતા આવા ખટરાગ પાછળ ઉપરની સમસ્યાઓમાંથી એક નથી ને! જો હા, તો ઉપાય પણ તેમાં જ છુપાયેલું છે. આ આર્ટીકલ દ્વારા પરોક્ષ રીતે પણ કોઇને મદદ થઇ હોય તો આ લેખ સફળ થયો ગણીશ. પ્રતિભાવો હંમેશા આવકાર્ય!

## સેતુના યુવા સભ્યો જોગ નિવેદન

આગામી દીપોત્સવી અંક વિતરણ સાથે 'જ્ઞાતિસેતુ' એના સાત વર્ષ પૂરા કરશે. સાત વર્ષ 'સમાપન અવસરે' દીપોત્સવી અંક માટે કાયમી સંભારણું બની રહે તેવી અણમોલ સાચવવાયોગ્ય સામગ્રી આપવાનો અમારો પ્રયાસ હશે. આ અવસરે આપણા સમાજના યુવા વાંચકો જોગ એક નાનકડી 'ક્વીઝ' પ્રસ્તુત છે. જે સભ્યોના, આ 'ક્વીઝ'ના ઉત્તરો સાચા હશે એમને લક્કી ડ્રો દ્વારા ઈનામો આપવામાં આવશે.

આ રહ્યા એ પ્રશ્નો :

***(૧) 'સેતુ'નો પ્રથમ અંક ક્યારે બહાર પડ્યો? (૨) 'જ્ઞાતિસેતુ'નો દળદાર વિશેષાંક ક્યારે પ્રકાશિત થયો?***

જવાબો મોડામાં મોડા તા. ૩૦-૮-૨૦૧૧ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

**રોહિણી બુધ્ધભટ્ટી**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ આયોજીત બાળકો માટે "સમર કેમ્પ" તા. ૨૫-૪-૧૧થી તા. ૩૦-૪-૧૧ દરમ્યાન યોજવામાં આવ્યો. જેમાં ૫થી ૧૪ વર્ષના બાળકો તેમજ ૧૫થી ૨૨ વર્ષની યુવતીઓ સહિત ૫૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો.

આ સમર કેમ્પમાં યોગા, વિવિધ ક્રાફ્ટ્સની વસ્તુઓ, ડાન્સીંગ, એક્ટીંગ, ગેમ્સ, વાર્તાઓ કહેવી વગેરે શીખવવામાં આવ્યા.





યોગાના પ્રાણાયામ વગેરે જેવા આસનોમાં લતાબેન સોલંકીનું માર્ગદર્શન મળ્યું. ક્રાફ્ટ્સમાં અવનીબેન શરદચંદ્ર બુધ્ધભટ્ટીએ પેન સ્ટેન્ડ, સન ફ્લાવર, ફોટો ફ્રેમ વગેરે કેવી રીતે બનાવવા તે બાળકોને શીખવ્યું. ડાન્સીંગ તેમજ ફેન્સી ડ્રેસમાં તેજલબેન રીધમ છત્રાળાનું માર્ગદર્શન સાંપડ્યું તેમજ એક્ટીંગમાં સુરેશભાઈ બીજલાણીએ માર્ગદર્શન આપ્યું હતું. બપોરે ૪ થી ૭ વાગ્યા સુધી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોની કળાને જાગૃત કરવામાં મહિલા મંડળના હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

બાળકોને દરરોજ પ્રવૃત્તિને અંતે મહિલા મંડળના હોદ્દેદારો અને સભ્યો તરફથી વિવિધ નાસ્તો અને ભેટો પણ આપવામાં આવતી હતી.

સમરકેમ્પના અધ્યક્ષપદે શીતલબેન બુધ્ધભટ્ટી તેમજ જયશ્રીબેન છત્રાળા રહ્યા હતા. તેમણે કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. તા. ૩૦-૪-૧૧ના સમરકેમ્પની પૂર્ણાહુતિ નિમિત્તે એક નાનકડું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં સમરકેમ્પ દરમ્યાન બાળકોએ બનાવેલી વસ્તુઓ ગોઠવવામાં આવી હતી. તેમજ એક સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફેન્સી ડ્રેસ, નાટક તેમજ એક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવા જ્ઞાતિજનો પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમના અતિથિ વિશેષ પદેથી સરોજબેન બગ્ગાએ આવા કેમ્પ ફરી ફરી યોજાતા રહે તેવી શુભેચ્છાઓ મહિલા મંડળને પાઠવી હતી. તેમના તરફથી મહિલા મંડળને દાન સાંપડ્યું હતું. જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઈ ચનાણીએ પણ મહિલા મંડળને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રભુદાસભાઈ સોની તરફથી બાળકોને નાસ્તો અને વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. મહિલા મંડળ તરફથી બાળકોમાં સેવા, સદ્‌ભાવ અને પરોપકારના ગુણો વિકસે એ હેતુથી ચકલીઘર અને પાણીના કુંડાનું સામૂહિક વિતરણ પણ છેલ્લા દિવસે કરવામાં આવ્યું હતું.

સમગ્ર કેમ્પને સફળ બનાવવામાં અરૂણાબેન બુધ્ધભટ્ટી, રોહિણીબેન બુધ્ધભટ્ટી, ખુશાલીબેન બુધ્ધભટ્ટી, રીટાબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન ચનાણી, નયનાબેન ચનાણી, નીલાબેન પોમલ, જયેષ્ઠાબેન, સુધાબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન બુધ્ધભટ્ટી, ખ્યાતિબેન બુધ્ધભટ્ટી, ઈંદીરાબેન સોલંકી, માલતીબેન ગુજરાતી વગેરેનો સાથ સહકાર સાંપડ્યો હતો. પૂર્ણાહુતિના કાર્યક્રમનું સંચાલન રોહિણીબેન બુધ્ધભટ્ટીએ કર્યું હતું.

હાલમાં ૧લી મે થી ૩ મહિના સુધી મડવર્કના ક્લાસીસ નિઃશુલ્ક ચલાવવામાં આવી રહ્યા છે. જે ગવર્નમેન્ટ કોર્સ છે. અને આ ક્લાસમાં તાલી લેનાર બહેનોને ગવર્નમેન્ટ તરફથી સર્ટિફીકેટ્સ આપવામાં આવશે. હાલમાં ૨૦ બહેનો આ તાલીમ લઈ રહી છે.

## શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળો (સર્વે) જોગ નિવેદન

'સેતુ-સપ્તમ' પછીના અંકમાં, ગત સાત વર્ષ દરમ્યાન પ્રકાશિત મહિલા મંડળો દ્વારા આયોજીત કાર્યક્રમો આદિનું દસ્તાવેજીકરણ કરવાનું આયોજન છે. અતઃ સર્વે મહિલા મંડળોને નિવેદન છે કે એમના મંડળે ગત સાત વર્ષ દરમ્યાન કરેલી પ્રવૃત્તિઓની નીચે મુજબ નોંધ કરી પ્રકાશન હેતુ મોકલી આપે.

મહિલા મંડળ સ્થાપના દિનાંક, વર્ષ, સભ્ય સંખ્યા.

વર્ષ દરમ્યાન આયોજીત કાર્યક્રમોની વિગતો. વર્ષ : વિષય / હેતુ

સંબંધિત મહિલા મંડળ માટે આ વિગતો - ભાવિ આયોજન / દસ્તાવેજીકરણ માટે ખૂબ જ ઉપયોગી થશે.

*– મુખ્યતંત્રી*

# યુવક અને મહિલા મંડળ - વિરાણી મોટી

**આયોજકો દ્વારા અહેવાલ**


## શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ વિરાણી મોટી


તા. ૧૮-૧-૨૦૧૧ના રોજ મારૂ કંસારા સોની યુવક મંડળની જનરલ મિટીંગ બોલાવવામાં આવી. જેમાં નવી કારોબારી રચવામાં આવી. જેમાં સોની યુવક મંડળ દ્વારા દર વર્ષે પોષ સુદ ચૌદસના વિરાણી સોની જ્ઞાતિના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન રાખવાનું નક્કી કરવામાં આવ્યું. આ વર્ષથી સરસ્વતી સન્માન રાખવામાં આવ્યું. તેમજ યુવક મંડળ દ્વારા સોની જ્ઞાતિના જરૂરિયાતમંદ લોકોને મેડિકલ કેમ્પ, દવા તેમજ અન્ય પ્રવૃત્તિઓ કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું.


નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

| | | |
|---|---|---|
| સોની કિશોર શાંતિલાલ | - | પ્રમુખ |
| સોની શિવલાલ મોહનલાલ | - | ઉપપ્રમુખ |
| સોની નીલેશ પરષોત્તમભાઈ | - | મંત્રી |
| સોની વિશાલ જયંતીલાલ | - | ખજાનચી |
| સોની વિપીન મહેન્દ્રભાઈ | - | સહમંત્રી |


પ્રમુખ


ઉપપ્રમુખ


મંત્રી



ખજાનચી

## શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ વિરાણી મોટી

વિરાણી મોટી ગામે તા. ૧૮-૧-૨૦૧૧ અને પોષ સુદ ચૌદસના રોજ મારૂ કંસારા સોની યુવક મંડળની જનરલ મિટીંગ બોલાવવામાં આવી. જેમાં નવી કારોબારી રચવામાં આવી. જેમાં મહિલા મંડળ દ્વારા દર મહિનાની અગિયારસના ભજન કીર્તન કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેમજ ગૌચારો, પંખી ચણ તેમજ અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

| | | |
|---|---|---|
| સોની લીલાવંતીબેન દેવશીભાઈ | - | પ્રમુખ |
| સોની કમળાબેન શાંતિલાલ | - | ઉપપ્રમુખ |
| સોની રતનબેન પરષોત્તમભાઈ | - | મંત્રી |
| સોની કુસુમબેન જયંતીલાલ | - | ખજાનચી |
| સોની તારાબેન ખીમજીભાઈ | - | સહમંત્રી |


પ્રમુખ


ઉપપ્રમુખ


મંત્રી


ખજાનચી

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - નખત્રાણા

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - નખત્રાણાની સામાન્ય સભા સોની સમાજ વાડી મધ્યે મળેલ હતી. તેમાં નવી કારોબારીની વરણી કરવામાં આવેલ હતી. જેમાં હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમના નામ નીચે મુજબ છે.

*પ્રમુખ* : રસીલાબેન ગંગારામભાઈ બુધ્ધભટ્ટી
*ઉપપ્રમુખ* : ભાવનાબેન રમેશભાઈ કંસારા (ગુજરાતી)
*મંત્રી* : જયોતિબેન રમણીકભાઈ કટ્ટા
*સહમંત્રી* : નિર્મળાબેન જેઠાલાલ સોલંકી
*ખજાનચી* : જયાબેન કિરીટભાઈ બારમેડા
*સહ ખજાનચી* : ઉર્મિલાબેન રાજેશભાઈ બગ્ગા
*સલાહકાર સમિતિ* : દક્ષાબેન હીરાલાલ બગ્ગા
તરલાબેન હિંમતલાલ બગ્ગા
શાંતાબેન ભગવાનજીભાઈ કટ્ટા
પુષ્પાબેન કાંતિલાલ કટ્ટા
હેમલતાબેન જેરામભાઈ બુધ્ધભટ્ટી
ગોદાવરીબેન રવજીભાઈ સકરીયા

*કારોબારી સભ્યો :*

પૂનમબેન ઝીંકલભાઈ કટ્ટા
રંજનબેન રાજેશભાઈ સકરીયા
કલ્પનાબેન પરેશભાઈ સકરીયા
હેતલબેન ભાવેશભાઈ સોની
પ્રજ્ઞાબેન પ્રફુલભાઈ કંસારા
દક્ષાબેન કાંતિલાલ સોની
વસંતાબેન શંકરભાઈ બુધ્ધભટ્ટી
કૌશલ્યાબેન વિનોદભાઈ ગુજરાતી
દીપાબેન ડોલરભાઈ પરમાર
રસીલાબેન ધીરજભાઈ કટ્ટા
કલ્પનાબેન જયેશભાઈ કટ્ટા
ક્રિષ્નાબેન અતુલભાઈ સોલંકી
વિજયાબેન દિનેશભાઈ બુધ્ધભટ્ટી
ગીતાબેન મોહનભાઈ કોટડિયા
શોભનાબેન કિશોરભાઈ કોટડિયા


પ્રમુખ


ઉપપ્રમુખ


મંત્રી


ખજાનચી


સહમંત્રી


સહખજાનચી

# સદ્‌ગત શ્રી સંજયભાઈ બુધ્ધભટ્ટીને અર્પણ શ્રદ્ધાસુમન

કચ્છ માંડવીના શ્રી સંજયભાઇ મનસુખલાલ બુદ્ધભટ્ટી માંડવીમાં સોના-ચાંદીના વેપારમાં જૂની પેઢી તરીકે પ્રખ્યાત શ્રી હરિરામ દામજી બુદ્ધભટ્ટીના પ્રપૌત્ર શ્રી સંજયભાઇ જેઓ માંડવી જ્ઞાતિની કારોબારીમાં સભ્યપદની સફરથી કરેલી શરૂઆતથી ઉપપ્રમુખ જેવો મહત્ત્વનો હોદો પ્રાપ્ત કરી જ્ઞાતિને લગભગ ૧૦થી ૧૨ વર્ષ સુધી પોતાની સેવા સમર્પણ કરેલ છે.

માત્ર ૪૬ વર્ષના જીવનકાળ દરમ્યાન પોતાના પરિવારની જવાબદારીમાં સતત પ્રવૃત્ત રહેતા હોવા સાથે જ્ઞાતિની સેવા કરવા માટે સદાય તત્પર રહેનાર શ્રી સંજયભાઇની કાર્યશૈલી પ્રશંસાને પાત્ર હતી. માટેજ કોઇએ કહ્યું છે કે

*"જીવન કેટલું જીવ્યા તે મહત્વનું નથી,*
*પણ જીવન કેવું જીવ્યા તે મહત્વનું છે."*

છેલ્લા પાંચ વર્ષથી જ્ઞાતિનો ઉપપ્રમુખનો હોદ્દો સંભાળ્યા બાદ જ્ઞાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમ સરસ્વતી સન્માન જેવા શૈક્ષણિક, ધાર્મિક તેમજ સામાજીક જેવા દરેક કાર્યક્રમોમાં સહભાગી બની રહેનાર અને માંડવી જ્ઞાતિમાં નબળી પરિસ્થિતિવાળા જ્ઞાતિ પરિવારોને જોઇ તેમના માટે યથાયોગ્ય બનતી મદદ કરતા. તેમની આવી ભાવના નિહાળી તેમના મિત્રે તેમને જણાવ્યું કે જેમને પરમાત્મા તેમના કર્મોને આધિન પરિસ્થિતીનું નિર્માણ કરેલ છે ત્યારે તારી આ સેવાથી ભગવત કાર્યમાં દખલગીરી થાય તેવું તને નથી લાગતું? ત્યારે તેમણે કહ્યું, એ જ પ્રભુ તરફથી મને સેવા કરવાની પ્રેરણા પણ મળે છે.

તા. ૫-૫-૨૦૧૧ના અનંતની વાટે પ્રયાણ કરનાર સદ્‌ગત શ્રી સંજયભાઇને શ્રી માંડવી મારૂ કંસારા સોની જ્ઞાતિ કારોબારીના સભ્યો શ્રી સુરેશ, શ્રી રમેશ, શ્રી હરેશ, શ્રી ચંદુલાલ, શ્રી પ્રવીણ, શ્રી આનંદ, શ્રી રાજેશ, શ્રી વેલજી તેમજ તેમજ પરિવારજનો તરફથી સંસ્કારી અને વિરલ વ્યક્તિત્વને શ્રદ્ધાસુમન અર્પિત કરે છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના. અસ્તુ.



*તેજસ્વી વિદ્યાર્થિનીને ઈનામ વિતરણ કરતાં સ્વ.શ્રી સંજયભાઈની યાદગીરી રૂપે તસ્વીર*

***વિનોદ વલ્લભદાસ કંસારા - માંડવી***

## હરિદ્વારમાં સમસ્ત ભારત કંસારા સમુદાય માટે ઉતારાની વ્યવસ્થા

હરિદ્વાર ખાતે હૃદયવંશી કંસારા, કસેરા, ઠઠેરા, કસેર, કસાર, તામ્રકારના સહયોગથી વિશાળ જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં તા. ૫-૫-૨૦૧૧ ના રોજ કંસારાની ધર્મશાળાનો લોકાર્પણનો કાર્યક્રમ સંપન્ન થયેલ છે. આ કાર્યક્રમની શરૂઆત તુલસી માનસ મંદિર હરિદ્વારના સંસ્થાપક સંત મહમંડલેશ્વર પૂજ્ય અર્જુનપુરીજી મહારાજ તથા યુવાસંત શ્રી સત્યાનંદજી મહારાજે પૂજા, અર્ચના, દીપ પ્રાકટ્ય કરીને થયેલ હતી. ધર્મશાળાના ટ્રસ્ટી અને અધ્યક્ષ શ્રી ધનપ્રકાશજી જગાધરી, મંત્રીશ્રી બદ્રિનારાયણજી ભિવાની વિગેરેએ આરતી-પૂજા કરેલ હતી. ટ્રસ્ટીની બેઠકમાં જ્ઞાતિજનોને માત્ર રૂા. ૨૫/- શુલ્ક લઇને પલંગની સુવિધા સહિત ધર્મશાળામાં રહેવાની સગવડતા આપેલ છે.

***સૌજન્ય : "કંસારા ટાઇમ્સ"***

કોટે મોર ટહૂકિયા,
વાદળ ચમકી વીજ.
રુદાને રાણો સાંભળ્યો,
આવી અષાઢી બીજ.

## પ્રતિભાવ

હું ભુજથી મીતા સોલંકી. અત્રેથી જણાવવાનું કે "જ્ઞાતિસેતુ" સાથે મારો નાતો શરૂઆતથી જ મજબૂત રહ્યો છે. 'જ્ઞાતિસેતુ'એ મારા તથા મારા પરિવારમાં અગત્યનું સ્થાન મેળવ્યું છે. તેમાં આવતા લેખો વગેરે હું ખૂબજ રસપૂર્વક વાંચું છું. આ બુક વાંચતા એવું ફીલ થાય છે કે હું મારા પરિવારજનો વિશે જ વાંચુ છું.

બધા જ પરીચીતો, સ્વજનો વિશે વાંચવું આનંદદાયક છે. મારા લેખ કે આર્ટીકલ પણ હું આપતી રહું છું.

મારી એક અંતરની ઇચ્છા છે કે જેમ "જ્ઞાતિસેતુ" મારા દિલમાં "સોફ્ટ કોર્નર" ધરાવે છે તેજ રીતે હું "જ્ઞાતિસેતુ" બુક્માં મારે "મીતા'સ કોર્નર"ના નામે એક કાયમી જગ્યા ઇચ્છુ છું. મારા લેખ નિયમિત રીતે આપને મળતા રહેશે એવી બાંહેધરી આપુ છું.

મારી પસંદગીના વિષયો પૈકીના સામાજીક, આર્થિક, પર્સનાલીટી, વ્યક્તિત્વ વિકાસ સંબંધોના સમીકરણો જેવા તેમજ મહિલાઓને ઉપયોગી હેલ્થ તેમજ રસોઇ, વાસ્તુ ટીપ્સ, હેલ્થ ટીપ્સ જેવા અનેક વિષય પર મારા વિચારો જ્ઞાતિને આપી મારા જ્ઞાનનો ઉપયોગ હું જ્ઞાતિજનો માટે કરવા માંગુ છું. આશા છે કે તમે મારી લાગણી સમજી યોગ્ય કરવા વિનંતી. આ સાથે હું એક આર્ટીકલ મોકલું છું જે પ્રસિદ્ધ કરવા વિનંતી સહ...

***મીતા એન. સોલંકી***

**વ્યક્તિ વિશેષ**

# ધન્વન્તરી ગૃહઉદ્યોગના સ્થાપક અંજારના ઇંદીરાબેન ભગવાનદાસ કંસારાની જીવનસાફલ્ય ગાથા

**મીતા એન. સોલંકી**



૧૯૮૦ની સાલમાં ધન્વન્તરી ગૃહઉદ્યોગની અંજારમાં જોરદાર સ્થાપના કરનાર પ્રથમ મહિલા ઈંદીરાબેન મહિલા શક્તિના જીવંત પ્રતીક સમાન છે.

સમગ્ર અંજારમાં તેઓ પોતાની દુકાનની એક સ્વચ્છ અને આગવી ઓળખ ઊભી કરી શક્યા છે તેનું એકમાત્ર કારણ તેઓની વર્ષોથી કરેલી અતૂટ પરિશ્રમ છે.

પોતાની ધગશ, મહેનત, કામ પ્રત્યે લગાવ, પોતાના હાથે બનાવેલી શુધ્ધ વસ્તુઓનો આગ્રહ આ ગૃહ ઉદ્યોગને એક ગરિમા બક્ષે છે.

તેમનો હસમુખો, મિલનસાર સ્વભાવ, ગમે તેવી સંઘર્ષના સમયમાં જાળવી રાખવાની ગજબની કુનેહ શક્તિ આ મહિલામાં છે.

વર્ષો પહેલા જ્યારે દુકાનનો કારભાર ચલાવનાર કોઈ સ્ત્રી હોય દુકાનના 'થડા' પર બેસનાર એક 'નીડર' મહિલા હોય તે વાત જલ્દી કોઈ 'હજમ' ન કરી શકતું. ત્યારના જમાનામાં આવું સાહસિક પગલું પોતાના વહાલસોયા પતિ તથા સાસુના સહકાર વડે ભરી શક્યા હતા.

સસરા મોહનલાલ હાડવૈદ ૧૯૭૩માં અવસાન પામ્યા બાદ દુકાન બંધ પડી હતી.

ગૃહ ઉદ્યોગની સ્થાપના પાછળનો હેતુ પતિને આર્થિક બાબતમાં મદદ કરવાનો જ હતો. પતિની નોકરીનો તે વખતનો પગાર ટુંકો પડતો હતો.

મૂળ રાયપુરના ખાનદાની કુટુંબ પોપટલાલ ધરમશી પોમલની સુપુત્રી, સાત ભાઈ ભાંડુનું કુટુંબ ધરાવતું સંસ્કારી ગુણ, નીડરતા અને સાહસિકતા, પ્રામાણિકતાના ગુણ વારસામાં સહજતાથી મળ્યા છે.

કામ પોતે જ પોતાની ગુણવત્તા બોલે છે. માર્જીન (નફાનો ગાળો) ઓછો અને કામ ચોખ્ખું રાખવાથી દુકાનની 'છાપ' સારી બની ગઈ. માનવંતા ગ્રાહક તેમને ત્યાં વસ્તુની ખરીદી કર્યા પછી તેમના કાયમી ગ્રાહક બની જાય છે. મુખ્યત્વે અથાણા, પાપડ, મસાલા, મુખવાસ, વેફર્સ વગેરે ઘરવપરાશની ખાદ્ય સામગ્રી બનાવવાનો ઉદ્યોગ ધરાવે છે.

વસ્તુની સારી ક્વોલીટીના આગ્રહે ૬૭ વર્ષની ઉંમરે પણ બાંધછોડ નથી કર્યો.

જીવનગાથાની વાત કરીએ તો ભણતર ૧૦મું ધોરણ કરેલું. પણ સંઘર્ષોમાંથી પસાર એવી રીતે થઈ જાય જાણે 'વકીલાત'નું ભણ્યા હોય. કુનેહપૂર્વક પ્રશ્નોના નિવારણ શોધવાની આવડત તથા કુદરત પર ઈશ્વર પર ભરોસો એ જીવનનું ચાલકબળ બની રહ્યું છે.

મોટી મોટી દુર્ઘટનાને ટુંકમાં વર્ણવીએ તો સમજાય છે કે જીવન એ ચાલતા રહેવાનું જ નામ છે! બે સંતાન : દીકરો, દીકરી, પતિ અને સાસુનું નાનું કુટુંબના સુખના દિવસો આવતા હોય તેવું લાગ્યું પરંતુ સંઘર્ષગાથામાં એક નવો વળાંક આવ્યો. દીકરીને તો સમયસર સુખી, ખાનદાની કુટુંબમાં પરણાવી પરંતુ દીકરાના ભાવિમાં અઘટીત ઘટના બની. ૧૧મું ધોરણ ભણતા ભણતા તેમને માનસિક વ્યાધિ સીઝોફ્રેનીયાનો શિકાર બની ગયો. ભયંકર યાતનાના એ દિવસો યાદ કરતાં કંપારી છૂટી જાય છે! ઉપાય તો ઘણા કર્યા પણ કારગત ન નીવડ્યા! કુદરત પર ભરોસો રાખી ચાલતા રહ્યા! જીવનના આધારસ્તંભ સમાન પતિની ટુંકી બીમારીમાં અવસાન થયું. દરેક ચોટે વધુ સ્ટ્રોંગ બનતા ગયા! પુત્ર, સાસુ તથા ગૃહઉદ્યોગની ત્રેવડી જવાબદારીએ જીવન ચાલતું કર્યું! સાસુ કાશીબેને પોતાના એકના એક દીકરાના અવસાનના શોકને મનમાં ધરબીને વહુને સાથ આપ્યો અને પોતાની ઔદ્યોગિક પ્રવૃત્તિમાં મન લગાવવાની પ્રેરણા આપતા રહ્યા.

સાસુ, દીકરી-જમાઈના માનસિક સધિયારાથી માંડ જીવન થાળે પડ્યું પણ કિસ્મત એમની સંઘર્ષ ગાથા હજુ લંબાવવા માંગતી હોય એમ સાસુનું મૃત્યુ પણ પતિના અવસાન બાદ એક જ વર્ષમાં થયું! વડીલની છત્રછાયા ગુમાવી પરંતુ ફિનીક્સ પંખીની જેમ પાછું રાખના ઢગમાંથી ઊભા થયા અને પોતાની જીવનની ગાડી હંકારતા રહ્યા.

આજે પણ તેઓ પ્રવૃત્તિ ખાતર પણ કામ કરતા રહીને પોતાનો ઉદ્યોગ સુંદર રીતે ચલાવી રહ્યા છે.

ભવિષ્યમાં જ્ઞાતિની બહેનોને સ્વરોજ આપી શકે એવો શુભ વિચાર ધરાવે છે. હાલના તબક્કે પણ ઘણી મહિલાઓને સ્વરોજની તકો આપે છે. આજ રીતે જીંદગીમાં કોઈકને ઉપયોગી થવા, પોતાના કારણે કોઈનું જીવન સ્તર ઊંચું આવે એવા ઉચ્ચ માનવીય વિચારો સાથે શેષ જીવન નીરોગી રીતે પસાર થાય તેવી અભ્યર્થના ધરાવે છે.

તેમનું એક જીવનમંત્ર દરેક બહેનોને યાદ રાખવા જેવું છે. દરેક મુશ્કેલી, દરેક ચોટ, આપણને અંદરથી વધુ મજબૂત બનાવે છે.

ઉચ્ચ માનવીય ગુણો, નૈતિકતા, જીવન જીવવાના ઊંચા સિધ્ધાંતો બીજી વ્યક્તિ કરતા અલગ છાપ ઊભી કરે છે!

આ સન્માનીય મહિલાને પુત્રીના સો સો સલામ! ■


## લીલુડી ચાદર

*આવ્યો અષાઢ, જુઓ ઋતુ વર્ષાની*
*વાદળ ઘેરાય, ઉઠે વર્ષાની હેલી*
*વરસે મેહુલીયો, ધરતીને તૃપ્ત કરી*
*ઓઢી છે ધરતીએ લીલેરી ઓઢણી*
*લીલુડી ચાદરનો સુંદર શણગાર છે*
*ખેડૂના મનમાં આનંદ અપાર છે*
*વરસે છે મેહુલો સાંબેલાધારે*
*કુદરતના કામણની લીલા અપાર છે.*

**જ્ઞાતિ ગૌરવ**

# 'વાસ્મો'ના મેનેજર શ્રી એ. જી. મારૂ

**સુરેશ બીજલાણી (સુબી) - ભુજ**



'સખત ગરમી' 'ઉકળાટ' 'લોકો ત્રાહિમામ' વગેરે વગેરે જેવી હેડલાઇન્સ આવે સમાચારપત્રોમાં... ત્યારે અનુભવી વડીલ કહેશે, અરે ભાઇ, ઉનાળામાં ગરમી થાય એમાં છાપાવાળા દર વખતે આટલો કકળાટ શું કામ કરે. કુદરતનું ઋતુચક્ર ચાલ્યા કરે. પણ એ ધોમધખતા તાપમાં ધરતી જ્યારે શેકાતી હોય ત્યારે આકાશમાંથી એક ટીપું પડે અને તરસી માટી એને શોષી લે, પછી તો ઝમઝમ વરસાદ થાય ને માટીની મહેક આપણને તરબતર કરે.

“સમગ્ર જીવસૃષ્ટિ માટે પાણીનું મહત્ત્વ છે. આ વિશ્વમાં પીવાલાયક પાણીનું પ્રમાણ ઘટી રહ્યું છે ત્યારે આપણે હમણાંથી સજાગ થવું પડશે, પાણી બચાવવા જાગૃત થવું પડશે નહિંતર આવનારા દિવસોમાં 'પાણી' માટે યુદ્ધ થશે” આ ચેતવણીનો સૂર વ્યક્ત કરતાં કચ્છ જિલ્લાનાં 'વાસ્મો'નાં યુનિટ મેનેજર **શ્રી અરવિંદભાઇ ગોવિંદજી મારૂ** (એ.જી. મારૂ સાહેબ) સખત પરિશ્રમથી કચ્છનાં ગામેગામ 'પાણી બચાવ' અભિયાન ચલાવે છે. તેઓશ્રી પાણી પુરવઠા બોર્ડની સહયોગી સંસ્થા 'વાસ્મો'નાં યુનિટ મેનેજર છે.

મૂળ ખોંભડી (નખત્રાણા) ના (પરમાર) સોની ગોવિંદજી લાલજીભાઇનાં જયેષ્ઠ પુત્ર અરવિંદભાઇએ ૧૯૮૭માં B.E. Mech. Engg. પૂરૂં કરી ૧૯૯૨માં એન્જિ. કોલેજ, ભુજમાં લેક્ચરર તરીકે જોડાયા. ત્યારબાદ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે નિયુક્ત થયા. તેઓશ્રી સમગ્ર ગુજરાતમાંથી પ્રથમ પસંદગી પામ્યા જે આપણી જ્ઞાતિ માટે વિશેષ ગૌરવપ્રદ છે. ૨૦૦૪માં બઢતી સાથે સિંચાઇ વિભાગમાં કાર્યપાલક ઇજનેર (વર્ગ-૧) માં રાજકોટને કર્મભૂમિ બનાવી. ત્યારબાદ થોડો સમય અમદાવાદમાં કાર્યપાલક ઇજનેર તરીકે સેવા આપી. આખરે માતૃભૂમિનો સાદ એમને ફરી કચ્છ લઇ આવ્યો. ૨૦૦૯ થી અરવિંદભાઇ કચ્છમાં WASMOનાં યુનિટ મેનેજર તરીકે નિમાયા છે. આપણી જ્ઞાતિનાં આ નિષ્ઠાવાન યુવાને હોદ્દો સંભાળતાં જ WASMOનું ક્લેવર બદલ્યું. લોકો સુધી, લોકોનાં પ્રતિનિધિઓ સુધી એમણે પહોંચવાનું અભિયાન હાથ ધર્યું. ગામે ગામ અને તાલુકે તાલુકે એમનાં સ્ટાફને સક્રિય કર્યું. વરસાદી પાણીનાં સંગ્રહ માટે ચેકડેમ, કૂવા રીચાર્જ, નદી-તળાવમાં બોર કરી પાણીને જમીનમાં કેમ ઉતારવું જેવી માહિતી લોકો સુધી પહોંચાડી. કચ્છનાં ધોળાવીરા જેવા દુર્ગમ વિસ્તારોમાં પીવાનું સ્વચ્છ પાણી લોકોને મળી રહે તે માટે મુહિમ ચલાવી.

આજે ગુજરાત સરકાર શ્રી એ.જી. મારૂ સાહેબને તેમની પ્રશંસનીય કામગીરી માટે બિરદાવી રહી છે, જે આપણી જ્ઞાતિ માટે ગૌરવપ્રદ ઘટના છે. ખોંભડી જેવા નાના ગામડાંમાં જન્મીને તેઓશ્રી આટલાં ઉચ્ચ હોદ્દા સુધી પહોંચ્યા છે, એમાં એમની મહેનત અને અભ્યાસ સાથે સાથે એમનાં માતા-પિતાનાં પ્રોત્સાહનનું પણ યોગદાન રહ્યું છે.

આપણી જ્ઞાતિની પાંગરતી પેઢી અભ્યાસ તેમજ કારકિર્દી માર્ગદર્શન માટે એમનો સંપર્ક મોબાઈલ : ૯૮૨૫૨ ૫૮૫૩૫ પર કરી શકે છે. ■

**પાંગરતી પ્રતિભા**

# મિલન (રવિ) રોહિતભાઈ (સાકરીયા) સોની

**કનુભાઈ બીજલાણી - અમદાવાદ**

આપણા સમાજની કેટલીક યુવા પ્રતિભાઓ, તેમજ એમના પરિવારો, એમના સંતાનોની પ્રગતિ / પ્રતિભા વિશે કહેતા ઘણીવાર અચકાય છે. આ સંકોચ સ્વાભાવિક છે. પરંતુ આપણા નાના સમુદાયમાં અરસપરસ એકબીજાની પારિવારિક સદસ્યની પ્રગતિની આછેરી ઝલક અનેક માટે પ્રેરણાદાયક બની શકે છે, તેમજ ઉપયોગી પણ થાય જે સમાજ માટે ગૌરવપ્રદ ગણાય.

અત્ર પ્રસ્તુત છે, એવા જ એક શરમાળ લબરમુછીયા યુવકની જે હજી એની પચ્ચીસીએ પણ પહોંચ્યો નથી છતાં અભ્યાસ તેમજ વ્યવસાય ક્ષેત્રે સફળતાનાં સોપાન સર કરવા સજ્જ થઇ ગયો છે.

આ યુવક છે, **મિલન (ઉર્ફે રવિ)**. ચિ. મિલને એનો પ્રાથમિક તેમજ ઉચ્ચ. માધ્યમિક સુધીનો અભ્યાસ રાયપુર (છત્તીસગઢ)માં કર્યો. ત્યારબાદ એણે Bachelor of Computer Applicationનો અભ્યાસ એનાં અમદાવાદમાં રહેતા માસી કિશોરીબેનને ઘેર રહી કર્યો. B.C.A.ની ફાઇનલમાં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયો. શૈક્ષણિક લાયકાતના આધારે B.C.A. થતાં વેંત એને કમ્પ્યુટર સોફ્ટવેર ક્ષેત્રે કારકિર્દી ઘડવાની તક મળી ગઇ. હાલે, ચિ. મિલન અમદાવાદની SML કંપનીમાં ડેટા પ્રોગ્રામર તરીકે કાર્યરત છે. આત્મવિશ્વાસ સભર આ યુવકને કમ્પ્યુટર ક્ષેત્રે મહત્તમ પ્રગતિ કરવાની અભિલાષા છે, જે માટે એ ખંતપૂર્વક મહેનત કરે છે. મિલનને અભ્યાસ ઉપરાંત વાંચન તેમજ Long driveનો શોખ છે.

મિલનનો જન્મ રાયપુર મધ્યે ૧૭-૭-૧૯૮૮ને રોજ થયો. એનો પરિવાર રાયપુરમાં છે. મિલનના પિતા શ્રી રોહિતભાઇના પૂર્વજોએ કચ્છ છોડ્યું પછી થોડા વર્ષો ઝરિયા (ઓરિસ્સા) વ્યવસાય અર્થે રહ્યા અને છેવટે એમણે કાયમી વ્યવસાય અને વસવાટ માટે રાયપુર વસાવ્યું છે.

જોગાનુજોગ, આ અંક પ્રકાશન માસ, (જુલાઇ ૧૭) એનો જન્મદિવસ પણ છે. 'જ્ઞાતિસેતુ' પરિવાર મિલનને એના જન્મદિવસે અભિનંદન સાથે પ્રગતિ માટે શુભેચ્છા પાઠવે છે. ■

## ઇશા કંસારા



ટી.વી. સીરીયલમાં 'કલર્સ' દ્વારા પ્રસારીત થતી સીરીયલ "મુક્તિ બંધન" માં મહત્વાકાંક્ષી અને ચેલેજીંગ પાત્ર ભજવતી દેવકી શાહ આપણી મારૂ કંસારા જ્ઞાતિના રાજકોટ અમદાવાદના સ્વ. જયંતીલાલ ચત્રભુજ કંસારા પરિવારની દિકરી ઇશા રમેશભાઇ કંસારા છે. ઇશા, વધુમાં જામનગરના સ્વ. જેઠાલાલ રઘુનાથ કંસારાની પૌત્રી છે અને તેમના આશીર્વાદ અને સંસ્કારો તેમની મમ્મી હર્ષાબેન દ્વારા નાનપણથી મળ્યા છે.

સને ૨૬-૬-૨૦૦૬ ના રોજ ઇશાએ પ્રથમવાર તેનું આરંગેત્રમ અમદાવાદના ટાગોર હોલમાં સફળતાપૂર્વક રજૂ કરી તેનામાં રહેલી આગવી પ્રતિભા અને આત્મવિશ્વાસનો પરિચય આપ્યો હતો.

સમયની સાથે પોતાનામાં રહેલી ધગશ સાથે ધ્યેયને હાંસલ કરવા ઈ-ટી.વી.ની ગુજરાતી સીરીયલ 'રીત રિવાજ'માં કામ કર્યું. તે ઉપરાંત બે ગુજરાતી નાટકો "પૈસો બોલે છે" અને "મંગળ ફેરા" નાટકોમાં અભિનય દ્વારા ઈશાએ અમદાવાદ, સુરત, ઇન્દોર જેવા શહેરમાં ગુજરાતી સમાજને તેની આગવી છટાનો પરિચય આપ્યો અને "દિકરી તો દેવથી વિશેષ" નાટકમાં આંધળી દિકરીની ભૂમિકા ભજવી, અભિનય ક્ષેત્રે પોતાની આગવી પ્રતિભાનો પરિચય આપ્યો છે.

શ્રી હરકિશન મહેતાની લોકપ્રિય નવલકથા "મુક્તિ બંધન"નું ટી.વી. સીરીયલ રૂપાંતરણ હાલે 'કલર્સ' ચેનલ પર સોમથી ગુરૂવાર દરરોજ રાત્રે ૯.૩૦થી ૧૦.૩૦ દરમ્યાન પ્રદર્શિત થાય છે. આ સીરીયલમાં મુંબઈના એક ધનાઢ્ય, માંગરોળી પરિવારની પારિવારિક કથા છે. આ કથાનું મુખ્ય સ્ત્રીપાત્ર દેવકી શાહ છે. શિક્ષિત અને કોર્પોરેટ ક્ષેત્રે, આસમાની ઊંચાઈઓ સર કરવાની મહત્વાકાંક્ષા સાથે એના પારિવારીક જીવનમાં પણ એક આદર્શ પુત્રવધૂ તરીકેની જવાબદારી એ બખૂબી નિભાવે છે. આ આધુનિક નારીનું આત્મવિશ્વાસ સભર પાત્ર કુ. ઇશા, ખૂબજ કુશળતાપૂર્વકના અભિનય દ્વારા ઉપસાવી રહી છે. કુ. ઈશાને એની પ્રતિભા વિકાસમાં એના માતા-પિતા તેમજ ભાઈ દૈવિકના પ્રોત્સાહનનો અણમોલ ફાળો છે.

સમગ્ર કંસારા જ્ઞાતિના આશીર્વાદ સાથે અમે સિહોરના "શ્રી કંસારા સમાજ", "સમસ્ત કંસારા સમાજ" તેની કારકિર્દી ઉજ્જવળ થાય તેવી શુભેચ્છા પાઠવે છે.

અમદાવાદ મારૂ કંસારા સોની મંડળનું મુખપત્ર "જ્ઞાતિસેતુ" 'કંસારા ટાઈમ્સ'માં પ્રકાશિત ઉપરોક્ત પરિચય સાભાર પ્રસ્તુત કરે છે અને કુ. ઈશાને એની શ્રેષ્ઠ અભિનય કળા બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે. ■

## હેતલ શેઠ



સ્વર્ણિમ ગુજરાતના સમાપનની ઉજવણીના ભાગ રૂપે તા. ૨૯-૪-૨૦૧૧ના રોજ અમદાવાદ ખાતે શ્રેયસ ફાઉન્ડેશનમાં ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવા માટે ૩૨૧ તબલા વાદકોએ એક સાથે ભેગા મળીને ૯૦ મિનીટ સુધી ૮.૦૦થી ૯.૩૦ દરમ્યાન લગાતાર તબલાવાદન કરી બુકની "લાર્જેસ્ટ હેન્ડ ડ્રમ એસેમ્બલ"ની કેટેગરીમાં આ ઘટનાને સ્થાન આપવામાં આવશે. આ સમૂહ તબલા વાદનના અનોખા કાર્યક્રમનું રેકોર્ડિંગ લીમ્કા બુક ઑફ રેકોર્ડમાં પણ સ્થાન પ્રાપ્ત થશે. તદ્ઉપરાંત ઇન્ડિયા બુક રેકોર્ડ, આર.એચ.આર. રેકોર્ડ અને વર્લ્ડ એમેઝીંગ રેકોર્ડના પ્રતિનિધીઓ હાજર રહીને આ રેકોર્ડને માન્યતા આપીને સ્થળ ઉપર તેની ઘોષણા કરવામાં આવેલ હતી અને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવેલ હતા.

આપણી કંસારા જ્ઞાતિ માટે ગૌરવ લેવાની એ હકીકત છે કે ૩૨૧ તબલા વાદકો (છોકરા-છોકરીઓ સહિત)માં ફક્ત એક અને એકજ મહિલા તબલાવાદક તરીકે હેતલબેન ચેતનભાઇ શેઠ જે અમદાવાદના બાલકૃષ્ણભાઇ કાગડાના પુત્રવધુ તથા ધ્રાંગધ્રાના કનૈયાલાલ રાઘવજીભાઇ દંગીની સુપુત્રીની પસંદગી કરવામાં આવેલ હતી અને તેણીને એક મહિલા તબલાવાદક તરીકે અમૂલ્ય સુવર્ણ તક પ્રાપ્ત થયેલ હતી અને તબલાવાદનના ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવામાં તેણીનો સિંહફાળો રહેલો છે. હેતલબેન સાથે વાત-ચીત કરતા જાણવા મળેલ કે તેઓએ બી.કોમ. તથા સંગીત વિશારદનો અભ્યાસ કરેલો છે અને તેમની આ સંગીતની અલભ્ય સિદ્ધિ તથા આ સંગીતનો અમૂલ્ય વારસારૂપી કિંમતી ખજાનો તેમના કાકાશ્રી મહેન્દ્રભાઇ દંગી દ્વારા મળેલો છે. તેમના કાકાને આંખોની તકલીફ હોવા છતાં તેઓએ સંગીતમાં અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરેલી છે અને તેમના થકી તેમને આ વારસો મળેલો છે. સંગીત દ્વારા સંસ્કૃતિના જતન કરવાના હેતુને સાર્થક કરવા માટે તેમના સસરા શ્રી બાલકૃષ્ણ કાગડા દ્વારા તથા તેમના કુટુંબીજનોએ સંપૂર્ણ સાથ સહકાર આપેલો છે અને તેથી જ છેલ્લા ૭ વર્ષથી બાળકો અને બહેનોને શાસ્ત્રીય સંગીતની તાલીમ "આલાપ મ્યુઝી ક્લાસ" માં આપી રહી છે તેમજ હેતલબેન દ્વારા ગાંધર્વ મહાવિદ્યાલય મુંબઇ દ્વારા શાસ્ત્રીય સંગીતની પરીક્ષાઓનું પણ આયોજન કરવામાં આવે છે. હેતલબેને ભાવવિભોર થઇને જણાવેલું કે સમસ્ત કંસારા સમાજ અને ગુજરાત અને ભારતનું નામ રોશન કરવાની પ્રભુશ્રીએ મને સોનેરી તક આપી છે તેવું જણાવેલ હતું. હેતલબેનને સમસ્ત કંસારા સમાજ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે અને સંગીતના ક્ષેત્રમાં વધુને વધુ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.

"ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ"માં પ્રકાશિત ઉપરોક્ત વિગત "જ્ઞાતિસેતુ" આભાર સહ પ્રકાશિત કરે છે અને કુ. હેતલને હાર્દિક અભિનંદન પાઠવે છે. ■

પાંગરતી પ્રતિભા

# અમદાવાદનો યુવા ઉધમી, શ્રી હરીત સોની


ભારત સરકારના "નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય" સહકાર યુક્ત ઈકોલીબ્રિયમ એનર્જી પ્રા.લી. - અમદાવાદ, ગુજરાત સ્થાપિત કંપનીએ સ્માર્ટ ગ્રીડની શરૂઆત કરેલ છે. જેનું લક્ષ્ય ગ્રાહકના વાસ્તવિક વીજ વપરાશનું નિયંત્રણ કરવાનું છે. વિદ્યુત પુરવઠાકાર અને અંતિમ ગ્રાહક (વપરાશકાર) (ઉત્પાદક અને અંતિમ વપરાશકાર)ની વચ્ચે ફીડબેક લુપ ન હોવાને કારણે વીજ ઊર્જા શક્તિનો બગાડ થઈ નુકસાન થાય છે. ભારતદેશમાં ૩૦૦ મિલિયન (૧ મિલિયન = ૧૦ લાખ) લોકો વિદ્યુત વિહોણા જીવે છે. જે કુલ્લે વીજ ઊર્જા જરૂરિયાતના ૧૨ ટકા જેટલી ખાધ દર્શાવે છે. ભારત દેશની કુલ વીજ શક્તિ ઉત્પાદનના ૧.૫ ટકા જેટલી વીજ શક્તિ ખામીયુક્ત વીજ વહન વ્યવસ્થા (ટ્રાન્સમિશન)ના કારણે નુકસાન પામે છે.

ઈકોલીબ્રિયમ એનર્જી પ્રા.લી. - અમદાવાદના સ્થાપક શ્રી હરીત સોનીના અભિપ્રાય મુજબ ભારત દેશમાં નવા વીજ મથક ઊભા કરવા કરતા, વીજ શક્તિના થતા નુકસાનની બચત કરી પૂર્ણ ઉપયોગમાં લેવામાં આવે એ વિશેષ જરૂરી અને વિશેષ અનુકૂળ છે. (is environment healthy). જે આપણા દેશની વીજળીની જરૂરિયાત સંતોષવા માટે ખૂબજ જરૂરી છે.

ઈકોલીબ્રિયમ એનર્જીના શ્રી હરિત સોનીએ પાયાથી સ્માર્ટ ગ્રીડ ટેકનોલોજી વિકસાવવા તરફ આગેકૂચ કરેલ છે. સ્માર્ટ ગ્રીડ ઊર્જાના વહન ઉપરાંત સંદેશા વ્યવહાર અને અમલી સ્તર માટે પણ ખૂબજ જરૂરી છે. સ્માર્ટ ગ્રીડ ટેકનોલોજી પર્યાપ્ત હોવા છતાં પણ ભારત દેશને જરૂર છે એવી ખાસ વ્યવસ્થાની, જેના દ્વારા વીજ વહન અને વીજ વિસ્તરણ દરમ્યાન થતા વીજ શક્તિના નુકસાનને નિવારી શકાય. હાલ ભારતમાં વપરાશમાં લેવાતા GSM (ગ્લોબલ સીસ્ટમ ફોર મોબાઈલ કોમ્યુનિકેશન) અને GRPS (જનરલ પોકેટ રેડિયો સર્વિસ) આધારીત વીજ વપરાશની વિગતો મેળવે છે. જે દરેક નોડ (NODE – a connection point at which several lines come together) ની કિંમતમાં વધારો કરે છે કારણકે દરેક "નોડ"માં સીમકાર્ડ તથા GSM નેટવર્કની જરૂર પડે છે. ઈકોલીબ્રિયમ એનર્જી પ્રા.લી. કંપનીએ એ "ઝીગ બી" (Zigbee) વિકસાવી આવી દરેક નોડની કિંમતમાં ઘટાડો કરેલ છે. ઝીગ બી એ મફત રેડિયો ફ્રિક્વન્સી આધારીત યંત્ર છે, જે વાસ્તવિક વીજ વપરાશકાર ઉપર ધ્યાન આપે છે. ઉપરાંત ઓનલાઈન પોર્ટલ અથવા મોબાઈલ ફોન દ્વારા નિયંત્રિત કરી ચાલુ અથવા બંધ (સ્વીચ ઓન / ઓફ) કરી શકાય છે.

કોઈપણ જગ્યાએથી ઉત્પન્ન થયેલ ઊર્જા શક્તિનું વાસ્તવિક સમયે કેટલું વિતરણ થયું તે સ્વયં સંચાલિત મીટર દ્વારા જાણી શકાય તેવું નિવારણ પણ કંપની દ્વારા પ્રાપ્ય છે. શ્રી હરિત સોની - ઈકોલીબ્રિયમ એનર્જી પ્રા.લી. - કંપનીએ ગાંધીનગર મધ્યે પ્રારંભિક (પાઈલોટ) (પ્રથમદર્શી) સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટ સ્થાપેલ છે, જે વીજ શક્તિના વિવિધ પાસા જેવા કે માંગ, પ્રતિક્રિયા, વીજચોરી નિયંત્રણ, ખરેખર વપરાશમાં

## શ્રી હરિત સોની



શ્રી ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિના કચ્છી યુવાન - હરિત સોની - ભુજના વતની શ્રી પ્રાણલાલ નરભેરામ સોનીના સુપુત્ર તથા ભૂતપૂર્વ પેઢીના નામાંકિત વપારી સ્વ. શ્રી નરભેરામ રવજી સોનીના પૌત્ર થાય છે.

ભુજની સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરેલ છે. જે દરમ્યાન તેમણે વિવિધ સિધ્ધિઓ મેળવેલ. માસ્ટર ઝેવિયર્સ, હેડ બોય, ક્રિકેટ ટીમના સુકાની, જુનીયર કક્ષાએ રાષ્ટ્રીય કક્ષાના ફુટબોલ ખેલાડી, વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર અનેકવિધ પ્રતિભા દર્શાવેલ.

બેંગ્લોર યુનિવર્સિટીથી બી.ઈ. (ટેલીકોમ્યુનિકેશન)ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. કોલેજકાળ દરમ્યાન આઈસેક સંસ્થા (AISSEC)માં સક્રિયતા થકી ખૂબજ કાર્ય કરી નામ સ્થાપિત કરેલ છે. અભ્યાસ બાદ KPMG કંપની બેંગ્લોર મધ્યે સીનીયર કન્સલ્ટન્ટ તરીકે કામ કરેલ છે. વિવિધ દેશોનો પ્રવાસ - કેનેડા, અમેરિકા, યુ.કે., સાઉદી અરેબિયા વિ. કરેલ છે.

હાલે તેમના ગુરૂ બંધુ ચિંતન સોની સાથે અમદાવાદ મધ્યે ઈકોલીબ્રિયમ એનર્જી પ્રા.લી. ના નામે કંપની સ્થાપી, ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવેલ છે.

બ્રિટીશ ગ્રીવનીંગ સ્કોલરશીપ - ઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૦૯માં પસંદગી પામતા અતિ તેજસ્વી પ્રતિભા ધરાવતા ૧૨ વ્યક્તિઓ પસંદગી પામેલ, જેમાં શ્રી હરીત સોની સૌથી યુવાન વય ધરાવતા ૧૨ વ્યક્તિ પૈકીના એક હતા.

"ધ ગ્રીવનીંગ ગુરૂકુળ સ્કોલરશીપ ફોર લીડરશીપ એન્ડ એક્સલન્સ" તરીકે ઓળખાતી આ સ્કોલરશીપ મેળવનાર ૧૨ અઠવાડિયાનો લંડન સ્કુલ ઓફ ઈકોનોમિક્સ એન્ડ પોલીટીકલ સાયન્સ (LSE) દ્વારા તૈયાર કરવામાં આવેલ કોર્સ - લંડન મધ્યે કરવા પાત્ર બને છે. જે દરમ્યાન વિશ્વ કક્ષાની અનેક સંસ્થાઓ તેમજ યુરોપીયન દેશોની મુલાકાત યોજવામાં આવે છે.

શ્રી હરીત સોનીએ આ કોર્સ પૂર્ણ કરી, તે બદલ એવોર્ડ સર્ટિફીકેટ મેળવેલ છે.

હાલ અમદાવાદ મધ્યે સ્થાયી થઈ ગુજરાતને કર્મભૂમિ બનાવી, એનર્જી ક્ષેત્રમાં કાર્યરત છે.

*– અતુલ સોની*

લેવાતી વીજ શક્તિ અને વીજ ઉત્પાદન અંગે પણ ખ્યાલ આપે છે. આ પ્રથમદર્શી (પાઈલોટ) પ્રોજેક્ટ ઓક્ટોબર ૨૦૧૦માં અમલી થયેલ છે.

આ પાઈલોટ પ્રોજેક્ટ દ્વારા પ્રથમ ત્રણ માસમાં પ્રસ્થાપિત થયા મુજબ બિન તાર પધ્ધતિ (wireless system) દ્વારા ભારતીય પરિસ્થિતિને અનુકૂળ સ્માર્ટ ગ્રીડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (માળખાકીય સુવિધાઓ) તૈયાર કરી શકવું સક્ષમ છે. મહત્તમ વીજ વપરાશ સમયે નિયુક્ત પરિસ્થિતિમાં સંજોગો અનુરૂપ સ્વયં સંચાલિત તેમજ માનવ સંચાલિત માંગની સક્ષમતા મેળવી શકાય તેમજ વાસ્તવિક ઉત્પાદનના મોનીટરીંગના પરિણામ મુજબ સ્થાપિત સૂર્ય ઊર્જા (Solar Energey) દ્વારા મેળવવામાં આવતા વીજ શક્તિમાં ૯૦ ટકા જેટલો થઈ શકે તેવું જોવામાં આવેલ છે.

## ટેક્નોલોજી રીવ્યુ – મેગેઝીન (ઈન્ડિયા)

**(વોલ્યુમ-૩, નં.-૩, માર્ચ-૨૦૧૧)**

### ૩૫ વર્ષથી નાની વયના "યુવાન ઈનોવેટર"

૩૫ વર્ષથી નાની વયના યુવા ઈનોવેટર (નવ દ્રષ્ટા)ની આ વર્ષની યાદી સાથે અમો ફરી એકવાર આપની સમક્ષ પ્રસ્તુત થયા છીએ. સમગ્ર ભારત દેશના ઔદ્યોગિક તેમજ શિક્ષણ જગત ક્ષેત્રના ૨૦૦થી વધારે નામાંકન પત્રો મળેલ. વિવિધ ક્ષેત્રના નામાંકિત તજજ્ઞોની મદદથી તેમની બનેલ સમિતિ દ્વારા ૧૮ સભ્યોની યાદી તૈયાર કરેલ છે. જેમણે વિકસાવેલ ટેક્નોલોજી સંપૂર્ણ સમાજને મોટાપાયે ફાયદાકારક થશે. આપણા સમાજની નવીનતાસભર ફેરફારો જેવા કે ઘરગથ્થુ વપરાશમાં લેવાતા પેટ્રોલીયમ ગેસમાં લીકેજને કારણે થતા અકસ્માતનું નિવારણ થઈ શકશે. આ વર્ષના ઈનોવેટર (નવા દ્રષ્ટા) તરીકે નવાજાયેલ યુવાન દ્વારા વિકસાવેલ યંત્ર થકી સ્નાયુઓની માત્ર થોડીજ હલનચલન ભાષાકીય સંદેશામાં પરિવર્તિત થઈ શકશે. જેના કારણે દુનીયા સાથે સંદેશા વ્યવહારમાં તકલીફ અનુભવતા લોકોને ખૂબજ રાહત થશે. અન્ય એક યુવાનને "માનવતાવાદી" તરીકે નવાજવામાં આવેલ છે. જેણે વિકસાવેલ યંત્રથી પાંચ વર્ષથી નાની વયના બાળકોની આંખની તકલીફનું નિદાન કરવામાં ખૂબજ ઉપયોગી થશે તેમજ આર્થિક રીતે પણ સસ્તા દરે થશે. આ વર્ષની અમારી પસંદગી પ્રક્રિયા ખૂબજ થકાવી દેનાર તેમજ પ્રેરણાદાયી રહેલ છે. આશાવાદી છીએ કે તમને પણ રસપ્રદ અને પ્રેરણાત્મક રહેશે.

*તંત્રીઓ*

*ટેક્નોલોજી રીવ્યુ – ઈન્ડિયા*

## "જ્ઞાતિસેતુ" લવાજમ

"જ્ઞાતિસેતુ"નું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/- છે. એક સાથે ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૩૦૦/- અથવા આજીવન લવાજમ રૂા. ૧૫૦૦/- સ્વીકારવામાં આવે છે. જેમના ગત વર્ષોના લવાજમ બાકી હોય તેઓએ બાકી રકમ તથા આગામી ત્રણ વર્ષના લવાજમ નીચે દર્શાવેલ સ્થળોએ સમયસર જમા કરાવવા વિનંતી.

| | | |
|---|---|---|
| ● **ભુજ** | ઈશ્વરભાઈ વી. હેડાઉ | ૯૪૨૯૦ ૮૩૨૯૫ |
| | વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી (રૂલપ્રેસવાળા) | ૯૯૭૯૭ ૯૭૫૮૪ |
| ● **અંજાર** | અનિલ એસ. સોની | ૯૮૨૪૨ ૮૫૨૧૦ |
| ● **નખત્રાણા** | પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી માર્ટ) | ૯૮૭૯૧ ૨૨૨૬૫ |
| ● **માધાપર** | હિતેશ સોની (કરણ જ્વેલર્સ) | ૯૪૨૭૪ ૪૩૮૭૪ |

## "જ્ઞાતિસેતુ" જાહેરાતના દર

- **આખુ પાનુ (બ્લેક એન્ડ વ્હાઈટ) : રૂા. ૧,૦૦૦/-**
- **બહારનું ટાઈટલ પેજ (મલ્ટીકલર) : રૂા. ૩,૦૦૦/-**
- **અડધું પાનુ (બ્લેક એન્ડ વ્હાઈટ) : રૂા. ૫૦૦/-**
- **અંદરનું ટાઈટલ પેજ (મલ્ટીકલર) : રૂા. ૨,૫૦૦/-**

**જાહેરાતની રકમ રોકડ અથવા ચેકથી સ્વીકારવામાં આવશે.**

**ચેક "શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ"ના નામનો લખવો.**

# યોગાભ્સાય

દિલીપ ધોળકિયા - અમદાવાદ

**नास्ति सांख्य समं ज्ञानं नास्ति योग समं बलम् ।**

***અર્થ :*** સાંખ્ય સમાન કોઇ જ્ઞાન નથી યોગ સમાન કોઇ બળ નથી.

આજે આખા વિશ્વમાં 'યોગ'નું મહત્ત્વ સમજાતું જાય છે. દિવસે દિવસે યોગનો પ્રચાર અને પ્રસાર વધતો જાય છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી તેનું પરીક્ષણ કરતા જણાયું કે મનુષ્યના જીવનની પ્રગતિ, પ્રસન્નતા અને સ્વાસ્થ્ય મળવાની ક્ષમતા 'યોગ'માંથી મળે છે. હાલનું જીવન અનેક પ્રકારની સ્પર્ધા, પ્રતિસ્પર્ધા, સંઘર્ષો અને માનસિક તાણને કારણે અલગ અલગ બીમારીઓમાંથી પસાર થઇ રહ્યું છે. આ સંદર્ભમાં 'યોગ'નું પ્રદાન, માનવજાતિને એક મોટા આશીર્વાદરૂપ બની શકે છે.

યોગ એટલે સત્યની પ્રાપ્તિ માટેની સાધન પદ્ધતિ, અધ્યાત્મનું વિજ્ઞાન, જીવનીય શક્તિને જગાડવાની કલા, આત્માની શક્તિઓને જગાડવાની કળા. શરીર અને મનની શક્તિ અસ્તવ્યસ્ત થવાથી અલગ અલગ બિમારીઓ આવે છે. યોગ શરીર અને મનની અસ્તવ્યસ્ત શક્તિને એકત્ર કરી તેને સમ્યકરૂપ આપી શરીર અને મનની બિમારીઓ દૂર કરવાની કલા છે.

- **યોગાભ્યાસી માટે જરૂરી સૂચનો :**

❖ માત્ર પુસ્તકો વાંચીને તેના આધારે યોગનો અભ્યાસ ન કરવો. યોગાભ્યાસ યોગ્ય ગુરુ (જાણકાર વ્યક્તિ)ના માર્ગદર્શન પ્રમાણે કરવો.


❖ આસન, પ્રાણાયામ, ધ્યાન, શુદ્ધિક્રિયાઓ શીખવા માત્રથી યોગ સિદ્ધ થતો નથી. આધ્યાત્મિક દૃષ્ટિકોણથી કરેલો અભ્યાસ અને નિયમિતતાથી જ યોગમાં પ્રગતિ કરવી શક્ય છે.

❖ ઘણા આસનો છે, પ્રાણાયામ છે, શુદ્ધિક્રિયાઓ અને બંધો છે, મુદ્રાઓ છે પરંતુ બધું બધા માટે અને બધા કરી શકે તેવું નથી, અને બધું કરવાની જરૂર પણ નથી. ગુરુ (યોગ્ય વ્યક્તિ)ની સહાયથી સાધકે પોતાની જરૂરિયાત પ્રમાણેનો અભ્યાસ કરવો જોઇએ.

❖ નાની ઉંમરના બાળકોને શીર્ષાસન, મયૂરાસન, સર્વાંગાસન, શલભાસન કે શુદ્ધિ ક્રિયાઓ કે પ્રાણાયામનો કુંભક સાથેનો અભ્યાસ ન કરાવવો.

❖ યોગાભ્યાસ વખતે મળ-મૂત્રના વેગો ન રોકવા.

**યોગાચાર્ય દિલીપ ધોળકિયા**



*(રખે ભૂલતા. આ ધોળકિયા નાગર જ્ઞાતિના નથી આપણી કંસારા જ્ઞાતિના છે)*

*દિલીપભાઇનો જન્મ અને શિક્ષણ સાયલા (સૌરાષ્ટ્ર). એમણે છેલ્લા ઘણા વર્ષોથી અમદાવાદ (થલતેજ) ખાતે યોગનો નિરંતર અભ્યાસ કરી જ્ઞાનનો અનુભવ કર્યો છે.*

*વસંત નેચર ક્યોર હોસ્પીટલની યોગશિબિરોનું સફળ સંચાલન કર્યું.*

*અમદાવાદ અને બહાર અનેક નામાંકિત સંસ્થાઓમાં, કોર્પોરેટ સેક્ટરમાં યોગશિબિરોનું સફળ સંચાલન.*

*યોગના પ્રચાર, પ્રસાર અર્થે વિદેશમાં પણ યોગશિબિરોનું સફળ સંચાલન.*

*અનેક લોકોના અનેક પ્રકારના અસાધ્ય રોગો યોગ દ્વારા નિયંત્રિત / દૂર કર્યા છે અને કરી રહ્યા છે.*

*શ્રી દિલીપભાઇએ લખેલું પુસ્તક 'યોગ ચેતના' ગુજરાતી ભાષામાં આ પ્રકારનું પ્રથમ, ઉત્તમ અને ઉચ્ચ પ્રકાશન છે.*

***– અતુલ સોની***

❖ અભ્યાસ કરતી વખતે શરીરમાં ખૂબ ધ્રુજારી થાય, શ્વાસ ટૂંકા થવા લાગે, આંચકા આવે. આવા લક્ષણોસારા નથી તેથી ખૂબ કઠિન અભ્યાસ ન કરવો અથવા જાણકારની હાજરીમાં કરવો.

❖ યોગાભ્યાસ કરતી વખતે ખુલતાં કપડાં પહેરવાં.

❖ હવા ઉજાસવાળા સ્થળનો ઉપયોગ કરવો. હવાના સપાટા લાગે તેવા ખુલ્લા સ્થળનો ઉપયોગ ન કરવો.

❖ પોતાની ક્ષમતા મુજબ જ થાકી ન જવાય તે રીતે અને તેટલા જ આસનો કરવા.

❖ યોગાભ્યાસ માટે યોગ્ય આસનની જાડાઇ પ્રમાણસર હોવી જોઇએ.

❖ સરળ આસનોથી શરૂ કરી ભારે આસનો તરફ જવું.

❖ આસનોનો અભ્યાસ નિયમિત કરવો.

❖ ખાલી પેટે આસનો કરવા. પ્રવાહી, ચા-દૂધ-કોફી પછી અર્ધા કલાક અને ખોરાક લીધા પછી ચારથી પાંચ કલાક બાદ આસનો કરવા.

❖ આસનો ક્રમશઃ કરવા. ઘણા આસનોના પૂરક આસનો હોય છે. તે કરવાથી વધારે ફાયદો થાય છે.

❖ ચશ્મા, ઘડિયાળ, પટ્ટો કાઢી નાખવા.

❖ સખત પરિશ્રમ કે ભારે કસરતો કર્યા પછી તુરત આસનો ન કરવા.

❖ યોગાભ્યાસ સવારે અથવા સાંજે કરી શકાય.

આસનો મુખ્ય ત્રણ પ્રકારના છે.

૧. મેડીટેટીવ (ધ્યાન, ધારણાત્માક) - જેમાં પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન, સમાસન

૨. રીલેક્ષ થવા માટેના (વિશ્રાંતિકારક) - જેમાં શવાસન, મકરાસન

૩. કલ્ચરલ આસન એટલે કે શરીર સંવર્ધનાત્મક શરીરને ઠીક કરવાવાળા. જેમાં બાકીના બધા જ આસનો આવી જાય છે.

**સત્ગુરૂ :**

યોગ આધ્યાત્મવિદ્યા છે અને તેમાં ગુરૂનું હોવું અનિવાર્ય છે. ગુરૂ વગર જાણકારી તો મેળવી શકાય પણ જાણવું ન બને. જાણકારી શબ્દોની કહેવાય, જાણકારી બહારની કહેવાય, જ્યારે જાણવું તે અનુભવનું અને અંદરનું કહેવાય. અંતર્મુખ થવું હશે તો યોગ્ય માર્ગદર્શક જોઇશે. કારણ કે આપણું વ્યક્તિત્વ બહિર્મુખી હોય છે. સતત બહારની તરફ ભટકતી આપણી પાંચેય જ્ઞાનેન્દ્રિયોને જો અંદરની તરફ વાળવી હોય તો, ગુરૂ અનિવાર્ય સમજવા અને યોગને સમજવા માટે અંતર્મુખ થવું પણ અનિવાર્ય છે.

યોગ એટલે શરીરને મારી મચડીને કોઇ આસનની સ્થિતિમાં જવું એવો અર્થ નથી. આસન, પ્રાણાયામનો અભ્યાસ કરતાં-કરતાં અંદરની તરફ ન જઇ શકતા હોય તો તે આસન, પ્રાણાયામથી શું ઉપલબ્ધ થશે. નાની મોટી શરીરની તકલીફ દૂર થશે પણ ફક્ત શરીરની તકલીફ દૂર કરવી તે યોગનું લક્ષ્ય તો નથી યોગનો પથ તો આધ્યાત્મની દિશામાં આગળ વધવાનો છે.

બધા જ ધર્મોમાં આ વાતનું પ્રમાણ તો આપેલું છે, કે ગુરૂ વગર આધ્યાત્મિક પથમાં આગળ વધી શકાતું નથી વેદો, શાસ્ત્રો, પુરાણોમાં ગુરૂની આવશ્યકતાનાં અનેક પ્રમાણો મળે છે. જેમકે- વેદવ્યાસના પુત્ર શુકદેવને તો માના ગર્ભમાં જ જ્ઞાન પ્રાપ્ત થયું હતું છતાં જ્યારે વિષ્ણુપુરીમાં ગયા તો ત્યાં તેમને નુગરા (ગુરૂ વગરના) હોવાના કારણે પ્રવેશ ન મળ્યો આખરે જનક રાજાને ગુરૂ બનાવ્યા. રામ અને કૃષ્ણએ વશિષ્ઠમુનિ અને સાંદીપનિ મુનિને ગુરૂ બનાવ્યા હતા. રાજા જનકને આત્મજ્ઞાન દેવાવાળા અષ્ટાવક્ર હતા. ભર્તૃહરિએ ગોરખનાથ પાસેથી, અર્જુને કૃષ્ણ પાસેથી, વિવેકાનંદે રામકૃષ્ણ પરમહંસ પાસેથી આધ્યાત્મજ્ઞાન મેળવ્યું હતું. લગભગ સંતોએ પોતાની વાણીમાં ગુરૂનું વર્ણન કરેલું છે. ઘણા સંતોએ ગુરૂનું વર્ણન નથી કર્યું છતાં તેમના ગુરૂ તો હતા જ, દીવાથી દીવો પ્રગટે.

દરેક વિદ્યામાં કુશળતા પ્રાપ્ત કરવા માટે ગુરૂની આવશ્યકતા પડે છે. રસોઇ બનાવવા અને ઘરના કામમાં છોકરીને 'મા' માર્ગદર્શન આપી વ્યવહાર, કામમાં કુશળ બનાવે છે, શાળામાં પણ શિક્ષકોની આવશ્યકતા હોય છે. યોગ તો એક ગૂઢ વિદ્યા છે અને તે શિખવા માટે ચોક્કસ યોગ્ય ગુરૂની આવશ્યકતા છે જ.

યોગનો અભ્યાસ શરૂ કરનારે, એક વાત સમજી લેવી ખૂબ જરૂરી છે કે 'યોગ' શું છે. યોગની યોગ્ય પદ્ધતિ, તેનું સ્વરૂપ અને તેના હેતુને સમજ્યા વગર અભ્યાસ કરવામાં આવે તો 'યોગ'માં સફળતા નથી મળતી. કદાચ તેની નિષ્ફળતા નુકશાન પહોંચાડી શકે છે.

જેમ રસાયણશાસ્ત્રનો વિદ્યાર્થી (પ્રયોગની સાચી પદ્ધતિ સમજીને કુશળ અધ્યાપકના માર્ગદર્શન નીચે) પ્રયોગ કરે તો જ યોગ્ય પરિણામ મળે છે. 'યોગ'ના અભ્યાસને પણ આજ વાત લાગુ પડે છે.

**સ્વસ્થ શરીર માટે જરૂરી**

૧) અંતઃસ્ત્રાવી (એન્ડોક્રાઇન) ગ્રંથિઓના સ્ત્રાવો પ્રમાણસર અને નિયમિત હોવા જોઇએ.

૨) જ્ઞાનતંત્ર, કાર્યક્ષમ અને તંદુરસ્ત હોવું જોઇએ.

૩) શરીરના ૫૦ હજાર અબજ સેલ (કોષ)ને જરૂરી પોષક તત્ત્વો નિયમિત, પ્રમાણસર મળવા જોઇએ અને તેના માટે તમારું પાચનતંત્ર (ડાયજેસ્ટીવ સીસ્ટમ) અને લોહીનું પરિભ્રમણ (બ્લડસર્ક્યુલેટરી સીસ્ટમ) સારું અને સ્વસ્થ હોવું જોઇએ.

૪) શરીરના મળ (ઝાડો, પેશાબ, કાર્બન ડાયોક્સાઇડ અને બીજા ટોક્સીન) સારી અને સહજ રીતે બહાર ફેંકાવા જોઇએ એટલે કે તમારું ઉત્સર્ગતંત્ર (એક્સક્રિટરી સીસ્ટમ) સ્વસ્થ હોવી જોઇએ.

૫) પ્રાણનું વહન કરતી ૭૨૦૦૦ નાડીઓ સ્વચ્છ અને સક્ષમ હોવી જોઇએ.

ઉપરની બધી જ શરતો યોગાભ્યાસ (આસન, પ્રાણાયામ, ધ્યાન, શુદ્ધિ ક્રિયાઓ) સારી રીતે પૂરી પાડી શકે છે. આસનોથી શરીર દૃઢ, હલકું, લચીલું, સ્થિર અને શાંત થાય છે.

આસનોથી કરોડરજ્જુ (સ્પાઇનલકોડ) લચીલી અને શક્તિશાળી બને છે. આસન હૃદયના સ્નાયુઓની પેશીઓને વધુ બળવાન બનાવે છે. કીડની અને મૂત્રાશયને સ્વસ્થ અને કાર્યક્ષમ બનાવે છે. શરીરના બેડોળપણાને મનના બેડોળપણા સાથે સંબંધ છે. આસનો શરીરના બેડોળપણાને દૂર કરે છે અને તેની સીધી અસર મન પર પડે છે.

પ્રાણાયામ થી વાત, પિત્ત, કફ ત્રણેય દોષોનું શમન થાય છે. પાચનતંત્ર સ્વસ્થ અને ક્રિયાશીલ થાય છે. તેનાથી પેટના રોગો દૂર થાય. હૃદય, ફેફસાં તથા મસ્તિષ્ક સંબંધી રોગો દૂર થાય. ઓબેસીટી, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, દમ, અસ્થમા તથા શ્વાસને લગતા અન્ય રોગો મટે.

એલર્જી, માઇગ્રેન, ડિપ્રેશન, એન્ઝાયટી, હાઇબ્લડપ્રેશર, આર્થરાઇટીસ, કિડનીના રોગો, સ્ત્રી-પુરૂષના જાતીય રોગો મટે. થાઇરોઇડ, પિચ્યુટરી, પિનિયલ,

પેનક્રિયાઝ ગ્રંથીઓ ઉપર સારી અસર થાય. શરીર સપ્રમાણ બને, યાદશક્તિ સતેજ થાય, વિદ્યાર્થીઓને ભણવામાં અને બીજા કાર્યમાં ઉત્સાહ વધે અને આવા બીજા અનેક ફાયદા થાય છે.

**ધ્યાન (શવાસન)**

પૈસા વગર માણસ દુઃખી થાય છે પરંતુ બધા પૈસાદારો સુખી જ હોય તેવું નથી. ભૌતિક સુખસાહ્યબી માટે માણસ જીવનભર દોડધામ કરે છે. ભૌતિક વસ્તુથી લદાયેલો માણસ સુખી હોય જ તેવું નથી. સાચું સુખ માણસની અંદર જ છે. અને ધ્યાન એટલે અંદરની (અંતર્મુખ) યાત્રા.

આજના પ્રગતિશીલ યુગમાં માનસિક તનાવ (સ્ટ્રેસ) દિવસે દિવસે અને ડગલે ને પગલે વધી રહ્યો છે. અનેક પ્રકારની શારીરિક અને માનસિક બીમારીઓનાં મૂળ આ તનાવમાં (સ્ટ્રેસ) પડેલા છે.

માણસના શરીરનું સંચાલન મગજ, કરોડરજ્જુ અને જ્ઞાનતંતુના બનેલા ચેતાતંત્ર દ્વારા થાય છે. તણાવ (સ્ટ્રેસ) વખતે તેમા અનુકંપી (સીમ્પેથેટીક) ચેતાતંત્ર સક્રિય થાય છે. ધ્યાન દરમ્યાન પરાનુકંપી (પેરાસીમ્પેથેટીક) ચેતાતંત્ર સક્રિય થાય છે. તેના હિસાબે બંનેમાં સંતુલન થાય છે. અને તેના પરિણામે એડ્રીનાલિન, નોર એડ્રીનાલિન અને કોર્ટિકોસ્ટીરોઇડ જેવા હોર્મોનનો સ્રાવ નોર્મલ થાય છે. લેકટિક એસીડ બનવાનું ઘટે, રોગ પ્રતિકારક શક્તિ વધે. મગજમાંથી એન્ડોર્ફિન અને ન્યુરોપેપ્ટાઇડના સ્રાવ ઉત્પન્ન થાય છે અને તેનાથી શાંતિ, આનંદ, પ્રસન્નતાનો અનુભવ થાય છે. સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે.

ધ્યાનથી તનવા પ્રત્યેનો પ્રતિભાવ બદલાય. વિચારો, વૃત્તિઓ અને ભાવનાઓમાં પરિવર્તન આવે. વર્તમાનમાં રહેવાની આદત પડે. પોતાની સાચી ઓળખ થાય.

આપણું શારીરિક અસ્તિત્વ હોય અને આપણામાં ચેતનતત્ત્વ, જીવનતત્ત્વ કે પ્રાણતત્ત્વ ન હોય એવું બને જ નહિ. પ્રતિક્ષણ આપણામાં રહેલુ પ્રાણતત્ત્વ, ચેતનતત્ત્વ એનું અમાપતત્ત્વ આપણા થકી બહાર નીકળવા તત્પર હોય છે પણ આપણે બાહ્ય પ્રવૃત્તિઓમાં એટલા બધા રચ્યા પચ્યા હોઈએ છીએ કે એ તત્ત્વને તેની શક્તિને વિસારે પાડી દઈએ છીએ. શવાસન (ધ્યાન) કરવાથી આપણી ચેતનાશક્તિ ખીલી ઉઠે છે અને તે શક્તિ આપણી બાહ્ય પ્રવૃત્તિ, સાંસારિક પ્રવૃત્તિઓને પણ વધુ ધારદાર, ફળદાયી બનાવે છે. સવાર-સાંજ નિયમિત દસ પંદર મિનિટનું ધ્યાન આપણા લક્ષ્યને સિદ્ધ કરવામાં મદદરૂપ થાય છે.

**શુદ્ધિ ક્રિયાઓ**

જેમ આપણે સ્નાન કરીને શરીરની બહારની સપાટી સાફ કરીએ છીએ તેવી રીતે શરીરની અંદરના અવયવોને પણ સાફ કરવાની જરૂર હોય છે. શરીરની અંદર ૨૪ કલાક હૃદય ધબકે છે. લીવર, કિડની, આંતરડા, એન્ડોક્રાઇન સીસ્ટમ અને બીજા અનેક અવયવો રાત દિવસ કામ કરે છે તેથી કાર્બનડાયોક્સાઇડ અને બીજા ટોક્સીન (ઝેર) બનવાના જ. અશુદ્ધિઓ કોઇ કારણસર યોગ્ય પ્રમાણમાં બહાર ન ફેંકાય તો અનેક પ્રકારની બિમારીઓ થઈ શકે છે. આ અશુદ્ધિઓને બહાર ફેકવા માટે યોગમાં છ પ્રકારની શુદ્ધિક્રિયાઓ બતાવેલી છે જે અનેક રોગોને દૂર કરી શકે છે. (૧) નૈતી (૨) ધૌતી (૩) બસ્તિ (૪) ત્રાટક (૫) કપાલભાતિ (૬) નૌલિ.

કોઈપણ વાતને ફક્ત એટલા માટે જ ન સ્વીકારી લેવી કે તમે ઘણીવાર સાંભળી છે કે બહુ મોટી સંખ્યામાં લોકો તેને માની રહ્યા છે, કે પેઢીઓથી માન્યતા આવી છે કે તર્કબદ્ધ છે કે તમારી માન્યતાઓ સાથે મળે છે કે તમારા ગુરૂ અથવા મોર્ડન આધ્યાત્મિક ગુરૂઓ કે જેમનું વ્યક્તિત્વ, જેમની વાણી ખૂબ જ આકર્ષક છે. તેઓએ કહેલી છે. કોઈપણ વાતનો સ્વીકાર ત્યારે જ કરો જયારે સ્વયં તેને અનુભવી તેનો સાક્ષાત્કાર કરી લો અને જાણી લો કે તમારા માટે લાભદાયક છે, સ્વાસ્થ્યવર્ધક છે. શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે છે.

મન વિશે કે ધ્યાન વિશે ફક્ત સારી સારી વાતો સાંભળવાથી કે વાંચવાથી ક્યારેય ફાયદો થતો નથી તમારે અભ્યાસ કરવો જ પડે.

આજનું વિજ્ઞાન પણ તે વાત સાથે સહમત છે કે ૯૧% રોગો (મનોશારીરિક-સાયકોસોમેટીક)નું કારણ આપણું મન આપણા વિચારો છે. મનને યોગ્ય દિશા તરફ વાળવા માટે 'યોગાભ્યાસ' ખૂબ મદદરૂપ છે. દુનિયામાં ૩૦૦ પ્રકારની દવા વગરની (ડ્રગલેસ) થેરાપી અસ્તિત્વમાં છે ટોચ ઉપર યોગને મૂકી શકાય.

કોઈપણ ઉંમરની, કોઈપણ રોગથી પીડિત વ્યક્તિ 'યોગ'ના અભ્યાસથી સ્વસ્થ થઈ શકે છે. કારણકે સ્વાસ્થ્ય તો યોગની આડપેદાશ (બાયપ્રોડક્ટ) છે. આડપેદાશ આવી સરસ હોય તો તેની મુખ્ય પેદાશ કેટલી ઉત્તમ હશે જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

શું આપ સારા ખોરાકની પસંદગી નથી કરતા? શું આપ સારા ડોક્ટરની પસંદગી નથી કરતા? શું આપ આપના બાળકો માટે સારી સ્કૂલની પસંદગી નથી કરતા? શું આપ સારા વ્હીકલની પસંદગી નથી કરતા? તો પછી આ કિંમતી શરીર જેની કિંમત એક લેખ મુજબ (૬૦૦ કરોડ ડોલર- આન રૂપિયામાં બદલી જોશો.) છે આવા કિંમતી શરીર માટે અને 'યોગ' જેવા ગહન વિષય માટે કે જે શરીરના નાજુક અવયવો સાથે કામ પાડે છે તેના અભ્યાસ માટે યોગ્ય નિષ્ણાત (માર્ગદર્શક) ની જ પસંદગી કરવી જોઈએ. ■

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૭

તુલસીદાસ એલ. કંસારા




**હાર્ડવેર : રાઉટર :**

ઈન્ટરનેટ ઉપર કોમ્પ્યુટર નેટવર્ક સાથે સંકળાયેલ કોમ્પ્યુટરો ને માહિતીના પેકેટો મોકલાવવાના કામમાં આવતું સાધન એટલે રાઉટર. તે માઇક્રો પ્રોસેસર મારફતે કન્ટ્રોલ થાય છે. માઇક્રો પ્રોસેસર એટલે કોમ્પ્યુટર નું સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ, જે એક સર્કીટ ઉપર બનાવવામાં આવેલ હોય છે જેને આઇ.સી. અથવા તો માઇક્રો ચીપ તરીકે પણ ઓળખવામાં આવે છે. રાઉટર બે અથવા વધારે ભિન્ન નેટવર્કોની ડાટા લાઇનો સાથે માહિતી વાંચીને તેને ક્યાં મોકલાવવાનું તે નક્કી કરે છે. બીજી રીતે કહીએ તો તે ઈન્ટરનેટ ઉપર ડાટા પેકેટ માટે એકટ્રાફિક પોલીસ જેવું ટ્રાફિક ને ડાયરેક્સન આપવાનું, દિશા ચીંધવાનું કામ કરે છે. આ કામ માટે તે રાઉટીંગ ટેબલમાંની માહિતીનો ઉપયોગ કરી ને તે પેકેટને તેની મુસાફરીના હવે પછીના નેટવર્ક મૂકામે મોકલાવે છે. આવી રીતે ડાટા પેકેટ એક પછી એક નેટવર્ક અને રાઉટરો કૂદાવતું, વાંદરાની જેમ હૂપ હૂપ કરતું, તેના છેલ્લા મૂકામે પહોંચે છે. આ રાઉટીંગ ટેબલ રાઉટરમાં અથવા તો નેટવર્ક સાથે જોડેલ કોમ્પ્યુટરમાં હોઇ શકે છે. તે ચોક્કસ નેટવર્ક મુકામો ની યાદી પોતાનામાં સમાવી ને રાખે છે. આ રાઉટીંગ ટેબલ ને રાઉટીંગ ઈન્ફોર્મેશન બેઝ (આર.આઇ.બી.) તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ જ રાઉટર એક અન્ય કામ પણ કરે છે, તે છે પેકેટ ઉપરના ડાટા ટ્રાંસમિશન પ્રોટોકોલ નું અનુવાદ કરીને તે પછીના નેટવર્કના યોગ્ય પ્રોટોકલને મોલાવતી વખતે કોઇ બિન કાયદેસર કે ભળતાજ પેકેટ ને તે નેટવર્કમાં ઘુસી જતા અટકાવે છે, આ રીતે તે ફાયરવોલનું કામ કરે છે. અને આ ફાયર વોલ નામ પણ આવેલ છે, એક એવી દીવાલ ઉપરથી જે ભીંત કે દીવાલ એવા મટેરીયલમાંથી બનાવવામાં આવે છે કે જ્યારે મકાન કે કાર કે અન્ય યાતાયાત ના સાધનોમાં આગ લાગે તો તે ફેલાઇ ના જાય, આખા બાંધકામ ને ખૂબ ગરમ ના કરી નાખે અને તે રીતે તે બાંધકામ ને ઓછામાં ઓછું નુકશાન થાય. આ જ શબ્દનો પ્રયોગ કોમ્પ્યુટરની દુનિયામાં એક ટેકનોલોજીકલ દીવાલ તરીકે કરવામાં આવેલ છે, જે એવી રીતે ડીઝાઇન કરવામાં આવે છે કે જેથી પરવાનગી ના હોય તેવા ગેરકાયદેસર સંદેશાઓ યજમાન કોમ્પ્યુટર અને નેટવર્કમાંના કોમ્પ્યુટરમાં ઘુસી ના જાય.

**સોફ્ટવેર : એપ્લીકેશન સોફ્ટવેર :**

એક પ્રોગ્રામ કે પ્રોગ્રામોનું ગ્રુપ, જે આખરી વપરાશકર્તા માટે બનાવવામાં આવે છે, ડીઝાઇન કરવામાં આવે છે તેને એપ્લીકેશન સોફ્ટવેર કહેવામાં આવે છે. આવા એપ્લીકેશન સોફ્ટવેર બે વિભાગોમાં વહેંચી શકાય (૧) સીસ્ટમ સોફ્ટવેર અને (૨) એપ્લીકેશન સોફ્ટવેર. સીસ્ટમ સોફ્ટવેરમાં નીચેની લેવલનું પ્રોગ્રામિંગ હોય છે, જે કોમ્પ્યુટર સાથે, કહો કે કોમ્પ્યુટર ના હાર્ડવેરના ભાગ સાથે, એક મશીન સાથે એકદમ પ્રાથમિક સ્તરે વાતચીત કરે છે, સંદેશ વહેવાર ચલાવે છે. આવા પ્રોગ્રામોમાં ઓપરેટીંગ સિસ્ટમો, કમ્પાઇલારો અને અન્ય સગવડો કે યુટીલીટીસનો સમાવેશ થાય છે, જ્યારે તેનાથી વિપરીત એપ્લીકેશન સોફ્ટવેરોમાં, જે એન્ડ યુઝર્સ સોફ્ટવેર તરીકે પણ ઓળખાય છે, જેમાં ડાટાબેઇઝ પ્રોગ્રામો, વર્ડ પ્રોસેસર્સ, સ્પ્રેડ શીટ્સ, ગ્રાફિક્સ, ગેમ્સ, વિગેરેનો સમાવેશ થાય છે. અર્થાલંકારિક રીતે કહીએ તો આવા એપ્લીકેશન સોફ્ટવેરો સીસ્ટમની ઉપર બેસે છે કારણકે તેઓ ઓપરેટીંગ સીસ્ટમ કે સીસ્ટમ યુટીલીટીસ વિના ચાલી શકતા નથી.

**ઇન્ટરનેટ : ઇન્ટરનેટ મારફત જોડાવા ના અનેક રસ્તાઓ**

ઝડપથી બદલાતી ટેકનોલોજી સાથે ઈન્ટરનેટના કનેક્સનોમાં પણ વિવિધતા આવતી જાય છે. જ્યાં ઝડપનું મહત્ત્વ છે તે ઈન્ડસ્ટ્રીમાં ઝડપ આધારિત ટેકનોલોજીનો વિકાસ થતો રહે છે. અહીં આપેલ ટેકનોલોજી અને તેની સરેરાશ ઝડપમાં અલગ અલગ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સ વચ્ચે તફાવત તો રહેવાનો જ, પરંતુ આજની તારીખમાં ઈન્ટરનેટ જોડાણ માટે કેટકેટલી અને કેવી કેવી ટેકનોલોજીઓ પ્રચલિત છે, તેનો અહીં ખ્યાલ આપવાનો હેતુ છે.

**એનોલોગ (ANALOGUE)** જે ડાયલ અપ જોડાણ તરીકે પણ ઓળખાય છે, જે સસ્તું તો છે પણ તેટલું જ ધીમું છે. બી.એસ.એન.એલ. આનો દાખલો છે. આ ટેકનોલોજીમાં મોડેમ ને તમારા કોમ્પ્યુટર સાથે જોડવામાં આવે છે. જ્યારે કમ્પ્યુટર તમારા સર્વિસ પ્રોવાઇડર્સે આપેલ ફોન નંબર ડાયલ કરે ત્યારે તમે નેટવર્ક સાથે કનેક્ટ થાઓ છો. અહીં ડાટા એનેલોગ મારફતે મોકલવામાં આવતા હોવાથી તે એનોલોગ કનેકશન કહેવાય છે, જેમાં પબ્લિક ટેલીફોન લાઇનોનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં મોડેમ આવતા એનેલોગ ડાટા ને ડીજીટલ ડાટામાં ફેરવે છે અને મોકલવામાં આવતા ડીજીટલ ડાટાનું એનેલોગમાં રૂપાંતર કરીને લાગતી વળગતી જગ્યાએ મોકલાવે છે. ટેલીફોનના દોરડાઓ ને કારણે આ જાતના કનેક્સનોમાં તેની ગુણવત્તા હંમેશ એટલી સારી નથી હોતી અને ઝડપ પણ ૨૪૦૦ બી.પી.એસ. થી ૫૬ કે.બી.પી.એસ.ની રેંજમાં રહે છે.

**આઇ.એસ.ડી.એન. (ISDN) :** મતલબ ઈન્ટીગ્રેટેડ સર્વિસીસ ડીજીટલ નેટવર્ક જે ડીજીટલ ટેલીફોન લાઇનો કે સામાન્ય ટેલીફોન વાયરો ઉપરથી અવાજ, ચલચિત્રો, અને ડાટા મોકલાવવા માટેનું એક ઈન્ટરનેશનલ સંદેશ વ્યવહારનું ધોરણ છે. સામાન્ય આઇ.એસ.ડી.એન. ની ઝડપ ૬૪ કે.બી.પી.એસ. થી ૧૨૮ કે.બી.પી.એસ. ની વચ્ચે રહેતી હોય છે.

**બી.આઇ.એસ.ડી.એન.(BISDN) :** મતલબ બ્રોડબેન્ડ ઈન્ટીગ્રેટેડ સર્વીસીસ ડીજીટલ નેટવર્ક જે તેના કર્યો તેની બાબતમાં આઇ.એસ.ડી.એન. જેવું જ છે, માત્ર તે

ડાટા ને ઓપ્ટીકલ ફાઈબર વાળી ટેલીફોન લાઈનો થકી તબદીલ કરે છે, અને નહીં કે સામાન્ય તાંબા ના વાયરોથી.

**ડી.એસ.એલ. (DSL)** : આ કનેક્શન ને હરદમ, હંમેશનો કે સર્વદા કનેક્શન કહી શકાય કારણ કે તે તમારા ઘર કે ઓફીસમાં લાગેલી તાંબાના બે વાયરવાળી ટેલીફોન લાઈનનો જ ઉપયોગ કરે છે. પરંતુ તે તમારી લાઈનને ડાયલ અપ કનેક્શન ની જેમ રોકી રાખતું નથી. તેમાં તમારા સર્વિસપ્રોવાઈડર ને ડાયલ કરી ને જોડાણ સાધવા ની જરૂર પડતી નથી, કારણ કે આ કનેક્શન હમેશા ચાલુ જ રહે છે. આ ડી.એસ.એલ. માં બે પ્રકારના જોડાણો મળે છે જેને એ.ડી.એસ.એલ અને એસ.ડી.એસ.એલ. તરીકે ઓળખવામાં આવે છે.

**એ.ડી.એસ.એલ. (ADSL)** : એ સામાન્ય રીતે ઉત્તર અમેરિકામાં વ્યાપક પ્રમાણમાં પ્રચલિત જોડાણ છે. આ જોડાણ ૧.૫ થી ૯ એમ.બી.પી.એસ. ડાટાને રીસીવ કરતી વખતે સપોર્ટ કરે છે, જેને ડાઉન સ્ટ્રીમ રીત કહેવામાં આવે છે અને ૧૬ થી ૬૪૦ કે.બી.પી.એસ. ડાટાને મોકલાવતી વખતે સપોર્ટ કરે છે, જેને અપ સ્ટ્રીમ રીત કહેવામાં આવે છે. આ જોડાણ માટે ખાસ એ.ડી.એસ.એલ. મોડેમની જરૂર પડે છે. એ.ડી.એસ.એલ. એ એસીમેટ્રીક ડીજીટલ સબસ્ક્રાઈબર લાઈનનું ટૂંકું સ્વરૂપ છે.

**એ.ડી.એસ.એલ + ૨ (ADSL)** તે એ.ડી.એસ.એલ.નું બ્રોડ બેન્ડ ટેકનોલોજીનું એક્સટેન્શન છે, વિસ્તરણ છે, જે તેના ગ્રાહકો ને પારંપરિક એ.ડી.એસ.એલ. જોડાણ કરતા ઝડપી ડાઉનલોડ ની સગવડ આપે છે. તેનું કાર્ય આમ તો એ.ડી.એસ.એલ. જેવુંજ છે, પરંતુ તેમા માત્ર ગ્રાહકની હયાત તાંબાના તાર વાળી ટેલીફોન લાઈનના બે વિભાગ પાડવા માટે એક ખાસ ફિલ્ટર બેસાડવામાં આવે છે, જેથી સામાન્ય વાતચીત કરવા માટેની લાઈન અને આ એ.ડી.એસ.એલ + ૨ અલગ અલગ થઈ જાય છે. મોટી વસ્તી ધરાવતા મેટ્રો પોલીટન શહેરી વિસ્તારોમાં આવી સેવાઓ ઓફર કરવામાં આવતી હોય છે, જ્યાં આવી સેવા આપનાર ની જગ્યાની નઝદીકના વર્તુળમાંજ ગ્રાહકો હોય તેમને આવરી લેવામાં આવતા હોય છે.

**એસ.ડી.એસ.એલ. (SDSL)** : હજુ યુરોપમાં વધારે પ્રચલિત છે. આ ટેકનોલોજી હયાત તાંબાના તારવાળી ટેલીફોન લાઈન ઉપર વધારે ડાટાને મોકલવાની સગવડ આપે છે. તે સીમેટ્રીક ડીજીટલ સબસ્ક્રીબર લાઈનું ટૂંકું સ્વરૂપ છે. તે ૩ એમ.બી.પી.એસ. સુધીનો ડાટા રેઈટ સપોર્ટ કરે છે. એસ.ડી.એસ.એલ. ડીજીટલ પલ્સીસ ને ટેલીફોન વાયરોના હાઈ ફ્રિક્વન્સી એરિયામાં મોકલાવીને કાર્ય કરે છે અને તેથી તે તેજ વાયરમાં વાતચીત ચાલુ હોય ત્યારે સાથે સાથે ડાટા મોકલવાનું કામ નથી કરી શકતી. આ સેવા માટે ખાસ એસ.ડી.એસ.એલ. મોડેમની જરૂર પડે છે. તેને સીમેટ્રીક કહેવામાં આવે છે કારણ કે તે અપસ્ટ્રીમ અને ડાઉન સ્ટ્રીમ બંને જાતના ટ્રાફિકમાં સરખાજ ડાટા રેઈટ ને સપોર્ટ કરે છે.

**વી.ડી.એસ.એલ. (VDSL)** : મતલબ વેરી હાઈ ડીજીટલ સબસ્ક્રાઈબર લાઈન સરખામણીમાં ઓછા અંતરે વધારે ઝડપી ડાટા રેઈટ ને સપોર્ટ કરે છે. જેમ અંતર ઓછું તેમ ઝડપ વધારે. આ બધી જ ડી.એસ.એલ. ટેકનોલોજીને એકસાથે એક્ષ.ડી.એસ.એલ. ટેકનોલોજી તરીકે ઓળખવામાં આવે છે. જેની ઝડપની રેંજ ૧૨૮ કે.બી.પી.એસ. થી ૮ એમ.બી.પી.એસ. હોય છે.

**કેબલ** : કેબલ મોડેમના ઉપયોગ થકી તમે બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેક્ટ કરી શકો છો, જેનો કેબલ ટી.વી. લાઈન થી ઉપયોગ થઈ શકે તેવી રીતે તે ડીઝાઈન કરવામાં આવેલ છે. કેબલ ઈન્ટરનેટ ટી.વી. ચેનલની જગ્યાનો ઉપયોગ ડાટા ટ્રાન્સમિશન માટે કરે છે. જેમાં ચોક્કસ ચેનલોનો ઉપયોગ ડાઉન સ્ટ્રીમ ટ્રાન્સમિશન માટે અને અન્ય ચેનલોનો ઉપયોગ અપસ્ટ્રીમ ટ્રાન્સમિશન માટે કરવામાં આવે છે. કેબલ ટી.વી.માં વાપરવામાં આવતો કોક્શિઅલ કેબલ ટેલીફોન વાયરની સરખામણીમાં સારી એવી વધારે બેન્ડવિથ આપે છે, અને કેબલ મોડેમને કારણે ખૂબ જ ઝડપી જોડાણ મળે છે. આ જોડાણની ઝડપનો વિસ્તાર ૫૧૨ કે.બી.પી.એસ. થી ૨૦ એમ.બી.પી.એસ. જેટલો હોય છે.

**વાયરલેસ ઈન્ટરનેટ કનેક્શનો** : આ કનેક્શનો પ્રમાણમાં નવા પ્રકારના જોડાણો છે, તેને વાયરલેસ બ્રોડબેન્ડ પણ કહેવામાં આવે છે. તે ટેલીફોન લાઈન કે કેબલ ને બદલે રેડીઓ ના તરંગોનો ઉપયોગ કરે છે, જેને રેડીઓ ફ્રિક્વન્સી બેન્ડ કહેવામાં આવે છે. આ સુવિધા હંમેશ "ઓન" જ રહે છે, સતત ચાલુજ રહે છે, એટલા માટે તેનું જોડાણ કોઈપણ સ્થળેથી સાધી શકાય છે, બશર્તે કે તે જગ્યાએ ભૌગોલિક રીતે નેટવર્ક કવરેજ મળતું હોવું જોઈએ. આ જોડાણો પ્રમાણમાં નવા હોવાથી તેના સર્વિસ પ્રોવાઈડરો કદાચ કેટલીક જગ્યાએ ન પણ મળે. તે લાક્ષણિક રીતે જ વધતા મોંઘા હોય છે અને મોટે ભાગે મેટ્રો પોલીટન શહેરોમાંજ મળતા હોય છે.

**ટી.-૧ લાઈન્સ (T-1 Lines)** : આ એક ધંધાકીય વપરાશકર્તાઓ માટે લોકપ્રિય લીઝ લાઈન વિકલ્પ છે, કારણ કે તેમને અનેક કોમ્પ્યુટરોનું ઈન્ટરનેટ જોડાણ કરવાનું હોય છે અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરો માટે પણ આવી લાઈનો કે જે તેમના વેપારી ગ્રાહકોના ઈન્ટરનેટ બેકબોન, અનેક કોમ્પ્યુટરોના જોડાણ માટે કરોડરજ્જુ સમાન પૂરવાર થતી આવી લીઝ લાઈન આપવી ફાયદેમંદ પૂરવાર થાય છે. આવી લાઈન એકજ ગ્રાહક ને સમર્પિત હોય છે અને તેનો ડાટા રેઈટ ૧.૫૪૪ એમ.બી.પી.એસ. જેટલો હોય છે. ખરેખર આવી લાઈનમાં ૨૪ ચેનલો હોય છે. જેમાંની દરેક ચેનલ ૬૪ કે.બી.પી.એસ. ને સપોર્ટ કરે છે. આ દરેક ચેનલને અવાજ અથવા તો ડાટા ના ટ્રાફિક માટે કોન્ફીગર કરી શકાય છે, ગોઠવી શકાય છે. મોટાભાગની કંપનીઓ તમને આવી એક ચેનલ આપે છે, જે ફંકશનલ કે આંશિક ટી.-૧ જોડાણ તરીકે ઓળખાય છે.

**બોન્ડેડ ટી-૧ લાઈન (Bonded T-1)** : આ લાઈન બે કે તેથી વધારે ટી-૧ લાઈનોને એકસાથે જોડીને બોન્ડ કરીને

બનાવેલી લાઈન છે જેને કારણે બેન્ડવિથ વધી જાય છે. જ્યારે એક ટી-૧ લગભગ ૧.૫ એમ.બી.પી.એસ. ડાટાને સપોર્ટ કરે છે, ત્યારે બોન્ડેડ ટી-૧ લાઇન ૩ એમ.બી.પી.એસ અથવા તો ૪૬ ચેનલોને અવાજ કે ડાટા માટે સપોર્ટ કરે છે. બે બોન્ડેડ બોન્ડેડ ટી-૧ લાઇન કુલ ૩ એમ.બી.પી.એસ. બેન્ડવિથ આપે છે પરંતુ જ્યારે આજ બે લાઈનો અલગ અલગ માત્ર ૧.૫ એમ.બી.પી.એસ. બેન્ડવિથ જ વધારેમાં વધારે આપશે. આ બંને ટી-૧ લાઇનો ને બોન્ડેડ કરવા માટે, એકસાથે ચલાવવા માટે એકજ રાઉટર હોવો જોઇએ. મતલબ એકજ ઇન્ટર સર્વિસ પ્રોવાઇડર જોઇએ.

**ટી-૩ લાઈનો (T-3 Lines)** : આ ટાઈપના સમર્પિત ફોન કનેક્શનો ૪૩ થી ૪૫ એમ.બી.પી.એસ. ડાટા રેઇટસ ને સપોર્ટ કરે છે. આ પણ એક લોકપ્રિય, પ્રચલિત લીઝડ લાઇન વિકલ્પ છે. ખરેખર આ ટી-૩ લાઇન માં ૬૭૨ ચેનલ્સ હોય છે અને તે દરેક ચેનલ ૬૪ કે.બી.પી.એસ.ને સપોર્ટ કરે છે. લાક્ષણિક રીતે આ ૪૩ થી ૪૫ એમ.બી.પી.એસ.ની ઝડપ આપતી ટી-૩ લાઇન ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર ઇન્ટરનેટના બેકબોન માટે ભાડે આપે છે અથવા તો પોતાના બેકબોન તરીકે વાપરે છે, મતલબ, આવી એક લાઇનમાંથી તે ૬૪ કે.બી.પી.એસ.ના ૬૭૨ કનેકશનો આપી શકે છે.

**ઓસી-૩ (OC-3)** : ઓપ્ટીકલ કેરીઅરનું ટૂંકું સ્વરૂપ એટલે ઓસી. અને ૩ એટલે લેવલ ૩, જે ઓપ્ટીકલ નેટવર્કની ઝડપ સોનેટ ધોરણો મુજબ તેની ઝડપ સૂચવે છે. મોટા નેટવર્ક માટે આઓસી-૩ બેકબોન ના ઓપ્ટીક ફાઇબરના દોરડા કે વાયરો ને વપરાશમાં લેવામાં આવે છે. જે ખૂબ જ મોટા પ્રમાણમાં અવાજ, ડાટા, વિડિયો વિગેરે માટેના ટ્રાફિકને જરૂરિયાત ને પહોંચી વળે છે. આવી લાઇનોની ઝડપ ૧૫૫.૫૨ એમ.બી.પી.એસ. એટલે કે લગભગ ૧૦૦ ટી-૧ લાઇનો જેટલી હોય છે.

**સેટેલાઈટ** : ઇન્ટરનેટ ઓવર સેટેલાઇટ (આઇ.ઓ.એસ.) તમોને પૃથ્વીની આજુબાજુમાં ફરતા સેટેલાઇટ મારફતે ઇન્ટરનેટનું જોડાણ આપે છે. એક સેટેલાઇટને પૃથ્વીની ઉપર ચોક્કસ સ્થિર જગ્યાએ રહી શકે તે રીતે મૂકવામાં આવે છે. ખૂબજ લાંબા અંતરને કારણે એ જરૂરી બની રહે છે કે વીજ-તરંગો પૃથ્વી ઉપરથી સેટેલાઇટ સુધી અને પરત આવે ત્યાં સુધીના અંતરની મુસાફરી કરે. આઇ.ઓ.એસ. જમીન ઉપરના તાંબાના કે ફાઇબર ઓપ્ટીક વાયરો વાળા ખૂબજ ઝડપી કનેકશનોની સરખામણીમાં થોડા ધીમા જણાય છે. સામાન્ય આઇ.ઓ.એસ. જોડાણની ઝડપ સરેરાશ રીતે ૪૯૨ થી ૫૧૨ કે.બી.પી.એસ. જેટલી મળે છે.

**હેલ્થ ફાસ્ટ :**

***એક વાંચવા જેવો ઇ-મેઇલ :***

*પત્ની જાણે ટી.વી. અને ગર્લફ્રેન્ડ જાણે મોબાઇલ ફોન!*
*ઘેર હો ત્યારે ટી.વી. જુવો અને બહાર જાઓ ત્યારે મોબાઇલ!*

*પૈસા ના હોય ત્યારે ટી.વી. વેંચો, અને પૈસા આવે ત્યારે મોબાઇલ બદલો!*
*ક્યારેક ટી.વી. થી મજા મેળવો, પરંતુ મોટે ભાગે તો મોબાઇલથી જ રમો!*

*ટી.વી. તો જિંદગીભર મફત છે, પરંતુ મોબાઇલના પૈસા ના ભરો તો સર્વિસ કપાઇ જાય!*
*ટી.વી. તો મોટું, જાડું અને મોટેભાગે જૂનું! પરંતુ મોબાઇલ તો નાજુક, પાતળું, સરસ વળાંકો વાળું.*
*અને ગમે ત્યારે ગમે ત્યાં ફેરવી શકાય તેવું!*

*ટી.વી.નો નિભાવ ખર્ચ પોષાય, પરંતુ મોબાઇલ તો મોંઘો અને ખર્ચાળ!*
*ટી.વી.ને રિમોટ, પરંતુ મોબાઇલનો તો સીધો જ ઉપયોગ થાય!*

*મોબાઇલથી બે બાજુ વાતો થાય, સાંભળો અને બોલો, જ્યારે*
*ટી.વી.ને તો તમારે, તમે ઇચ્છો કે ના ઇચ્છો, સાભળવું જ પડે!*

*અને છેલ્લુ પણ આખરી નહીં,*
*ટી.વી.ને વાઇરસ ના લાગે, જ્યારે મોબાઇલથી સંભાળવું પડે! તેમાં તો હોય પણ ખરા!*

**'કોમ્પ્યુટરનો કક્કો' શ્રેણીની આ ૧૭મી કડી પછી સુજ્ઞ વાંચકોને પૂછવાનું મન થાય છે કે શું એમને આ શ્રેણી રસપ્રદ અને માહિતીપ્રદ લાગે છે? જવાબ 'હા' કે 'ના' – પોસ્ટકાર્ડ પર જણાવવા અનુરોધ છે.**


## લ્યો, આવી અષાઢી બીજ

*અહો! લ્યો આવી અષાઢી બીજ, લાવી ઘેરી ગાજને વીજ,*
*સૌ સજાવે સલૂણાં સ્વપ્નાં સુંદર ઋતુ તણાં, ભૂલી ઝંઝાળ, ચિંતા ને ખીજ,*
*ખેડૂ ભૂલે તાપને કલ્પે સુંદર ભવિષ્ય કચ્છી માડુની રીત અનેરી, તે વાવે સુખનાં બીજ,*
*હા! સાંભળ્યું છે ક્યાં, 'વીજળીને ચમકારે મોતીડાં પરોવાય નાં!'*
*પણ આ શું? એ અષાઢી બીજનાં વીજ ચમકારે, મેં ભાખ્યું આંધળો - કાળો ભવિષ્ય*
*કરૂં શું વાત મિત્રો! અષાઢી બીજ આવીને આનંદો-આનંદો!*
*પણ વર્ષાનાં ઘેરાં ઉન્માદમાં પણ સાંભળી ઘેરી ચીસ!*
*એક 'મા' આક્રંદ કરતી, જેની કેવી અષાઢી બીજ?*
*ખોયો પનોતો પુત્ર જેની હતી મદિરા વ્યસનની રીત!*
*ત્યાં તો વળી બીજા ઘરમાં એક નારી માંગે મોતની ભીખ!*
*વ્યસનનો પાલવ ઝાલી, સોડ તાણી મૃત્યુ તણી, તેનાં ભરથારે ભૂલાવી તેની સઘળી પ્રીત,*
*સંતાનોને હેતે રમાડતાં એક દંપતિએ મેળવી સઘળે મેદાને જીત,*
*પણ દંશ દીધો વ્યસન નાગે, વૃદ્ધ માતા-પિતા, પરિવારે ગુમાવી મજબૂત ભીંત!*
*ભૂલ ન હતી બીજા કોઈની એ સઘળે ઠામે,*
*દુર્યોધન સમ પુત્રો માટે, મા-બાપે નિભાવી ધૃતરાષ્ટ્ર-ગાંધારી તણી જ રીત!*
*એ અષાઢી બીજ કર એવો વીજ ચમકારો,*
*આંધળાપણું ભાંગે ધૃતરાષ્ટ્ર-ગાંધારીતણું,*
*તે નિભાવે સાચા માત-પિતા તણી રીત!*
*અહો! લ્યો આવી અષાઢી બીજ, લાવી ઘેરી ગાજને વીજ.*

**કુ. એકતા કટ્ટા - અંજાર**

હીરાલાલ સોની - નખત્રાણા

## નખત્રાણાના શ્રી પ્રવીણ બગ્ગાએ
## ગુજરાતી, કચ્છી, હિંદી અને સંસ્કૃત – કોમ્પ્યુટરમાં સરળતાથી લખી શકાય એવા ફોન્ટ્સ બનાવ્યા



કોમ્પ્યુટરનો ઉપયોગ કરતા લોકો જાણે છે કે ગુજરાતી, હિંદી અને સંસ્કૃત સરળતાથી લખી શકાય એવા કોઈ ફોન્ટ્સ ઉપલબ્ધ નથી. પરંતુ હવે એ સમસ્યાનો હલ આપણી જ્ઞાતિના એક ઉત્સાહી 'અન્વેશક' શ્રી પ્રવીણભાઈ બગ્ગાએ, આ ક્ષેત્રે સંશોધન કરીને એનો ઉપાય શોધ્યો છે. શ્રી પ્રવીણ બગ્ગાની આ શોધ કોમ્પ્યુટર ક્ષેત્રે 'ક્રાંતિ' સમાન ગણાશે એ હકીકત છે. આપણને ગર્વ છે કે આપણી જ્ઞાતિના આ યુવાને - જાત મહેનતથી અને અવિરત અભ્યાસથી ગુજરાતી, હિંદી અને સંસ્કૃત સરળતાથી લખી શકાય એવા ફોન્ટ્સ બનાવ્યા છે. આ પધ્ધતિમાં ૪૭ અક્ષરો અને માત્રાઓ તથા વિરામ ચિહ્નો નોર્મલ લખાણમાં લખી શકાય છે. 'શીફ્ટ કી'નો ઉપયોગ કરીને બીજા ૪૭ અક્ષરો = એમ કુલ ૯૪ અક્ષરો અને માત્રાઓ કેરેક્ટર મેપનો ઉપયોગ કર્યા વગર લખી શકાય છે.શ્ચ, શ્ર, દ્ધ, હ્ન, હ્ય, હૃ, ૐ, દ્દ, દ્ય, ત્ર, દ્ર, દ્વ, હ્મ – ૧૩ યુગ્માક્ષરો, ૧૮ માત્રાઓ અને ૧૨ વિરામ ચિહ્નો. રૂપિયાનો નવો સિમ્બોલ, ૧૨૦ જેટલા બીજા અક્ષરો ઉપરાંત સંસ્કૃત ટેક્સ્ટનું ગુજરાતીમાં અનુવાદ લખવા ઉપયોગી થઈ શકે એવા પાંચ વૈદિક અવગ્રહોની નિશાનીઓ પણ આપવામાં આવી છે. તથા કચ્છી સ્ક્રીપ્ટ લખવી સુગમ પડે એવી જોગવાઈ પણ કરવામાં આવી છે. એ લખાણ નેચરલી લખી શકાય એવું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અક્ષરોને માત્રા લગાવીને લખી શકાય છે. જેથી કરીને 'છ' લખવા chha નહિં પણ Alt+C બટન દાબવાથી લખાશે અને અંગ્રેજી ફોન્ટ પણ રૂપિયાના પ્રતીક સહિતના બનાવ્યા છે જે ડોલર સાઈનનું બટન દબાવવાથી લખી શકાશે.

કોઈપણ લે-આઉટથી લખવા માટે ઘણી બધી પ્રેક્ટીસ કરવી પડે છે. એ પછી પણ જો થોડા દિવસો સુધી લખીએ નહિં તો પાછા અમુક કી ભૂલી જઈએ. કોઈ લેઆઉટ એવા હોય જેમાં એક અક્ષરને લખવા ચાર આંકડાનો અક્ષર યાદ રાખવો પડે. Alt+ કરી ચાર આંકડા દાબવા એટલે એક અક્ષર લખવા પાંચ વખત કી દબાવવી પડે. જો ઘણું લાંબું લખાણ હોય અને આવી રીતે નંબરથી લખાતા અક્ષરો ૧૦૦ જેટલા હોય તો એ લખાણમાં સો અક્ષરો લખવા ૫૦૦ બટન દાબવા પડે. કોઈ લખાણ માટે બીજેથી અક્ષર Copy Paste કરીએ એ બીજા કોઈ પોતાના કોમ્પ્યુટરમાં વાંચે ત્યારે એ અક્ષર ત્યાં પોતાનું અસ્તિત્વ ગુમાવી દે છે. બીજા ઘણા અક્ષરોની ગેરહાજરી અને બીજી ઘણી અગવડો વેઠવી પડે છે. ટેકનોલોજી એવી હોવી જોઈએ જે આપણને અનુકૂળ થાય.

પ્રસ્તુત લેઆઉટ લેંગ્વેજ એન્જિનીયરીંગ, સાયન્ટીફીક અને લોજીકથી તૈયાર કરવામાં આવ્યું છે. એક જ કી માં બે અક્ષર જે એક શબ્દ સ્વરૂપે યાદ રહી જાય અને માત્રાઓ પણ સરળતાથી યાદ રહી જાય એવું આયોજન કરવામાં આવ્યું. અનેક વખત ટેસ્ટીંગ દરમ્યાન કોઈ નાની સરખી અગવડને દૂર કરી, આ લેઆઉટને આખરી સ્વરૂપ અપાયું છે. આ લેઆઉટ એમણે જાતે બનાવ્યું છે અને આ પધ્ધતિની કોપી રાઈટ મેળવવાની પ્રક્રિયા તેઓશ્રીએ શરૂ કરી દીધી છે. દરમ્યાન એમની વેબસાઈટ http:// is.gd/baggap પરથી આ ફોન્ટ્સ ડાઉનલોડ કરી શકાશે એમ એમની એક યાદીમાં જણાવાયું છે.

હિંદી અને સંસ્કૃત લખવા માટે એક જ ફોન્ટ ફાઈલ ચાલે એવી ગોઠવણ કરી છે. જે દેવનાગરી ફોન્ટ ફાઈલ હિંદી અને સંસ્કૃત ઉપરાંત મરાઠી, ભોજપુરી, કુમાઉની, સદરી, અવધી, મધેશી, નેપાલી વગેરે જેટલી ભાષાઓમાં દેવનાગરી લિપિ વપરાય છે એ બધાને ઉપયોગી થશે. તદ્દુપરાંત શ્રી બગ્ગાએ વિશ્વની બીજી ભાષાઓ થાઈ, રશિયન, જ્યોર્જિયન, ચેચેન, હિબ્રુ વગેરે ભાષાઓના લેઆઉટ્સ અને ફોન્ટ્સ ફાસ્ટ ટ્રેક અને ઈઝી રાઈટ લખી શકાય એવા બનાવ્યા છે. એમણે એક ઈકો ફ્રેન્ડલી ફોન્ટ ફાઈલ પણ બનાવી છે જેનાથી પ્રિન્ટ કાઢવાથી શાહીના વપરાશમાં બચત થઈ શકે છે.

શ્રી પ્રવીણભાઈ સોની (બગ્ગા) પીરામિડ ઉપર અવનવા સફળ પ્રયોગો કરી રહ્યા છે તથા ધરતીકંપના સચોટ 'વેવ્સ'ની તારીખો વેબસાઈટ ઉપર આપતા રહેલ છે, જે સાચી પડી રહી છે. તેમના મો. નં. ૯૮૨૫૮ ૯૫૧૦૮ છે અને

વેબસાઈટ : www.earthquakeearlywarning.org છે.

## વાંચકો તેમજ લેખકો જોગ નિવેદન

**"જ્ઞાતિસેતુ" સંદર્ભિત તમામ પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા અનુરોધ છે.**

**અતુલ એસ. સોની**

ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦

# સ્વજ્ઞાતિના આપણાં વિદ્યાર્થીઓમાં ઉચ્ચ શિક્ષણ માટે શું ખૂટે છે?

**સંકલન : કે. એમ. માવાણી - રાજકોટ**

ઉચ્ચ શિક્ષણનો વ્યાપ પ્રતિદિન વધતો જાય છે. દેશનાં આર્થિક-સામાજીક વિકાસનું ચાલકબળ - ઉચ્ચ શિક્ષણ છે. બીજી જ્ઞાતિની તુલનામાં આપણી જ્ઞાતિનાં દિકરા-દિકરીઓને ઉચ્ચ-શિક્ષણથી આગળ વધવા ઘણાં અવરોધો નડે છે. વિકાસની હરણફાળમાં જો આપણી ભાવિ પેઢી માટે શિક્ષણની તકો માટે સવલતો ઉભી નહી કરીએ તો ભાવિ પેઢી આર્થિક-સામાજિક રીતે પાછળ ધકેલાઇ જશે. તેથી ઉચ્ચ શિક્ષણમાં શું ખૂટે છે? તેનો વિચાર કરી, જ્ઞાતિ, યુવક મંડળ- વિ. તે અંગે પગલાં લઇ શકે.

**(૧) યોગ્ય સમયે માર્ગદર્શનનો અભાવ**

ધોરણ ૮માં બાળક દાખલ થાય ત્યાંથી જ ભાવિ શૈક્ષણિક વિકાસ માટે વાલીઓ, જે તે ગામનાં યુવક મંડળો જ્ઞાતિની સંસ્થાઓએ સક્રિય થઈને વિદ્યાર્થીઓને શૈક્ષણિક તથા કારકિર્દી માર્ગદર્શન મળે તે માટે પ્રવૃત્તિઓ કરવી જોઇએ. જાણકાર-તજજ્ઞોને બોલાવી વ્યાખ્યાન, પ્રદર્શન, સાહિત્ય પૂરૂં પાડવું. વિ. કામગીરી કરવી જોઇએ.

ઘેટાં-બકરાંના ટોળાની જેમ વાલીઓ તથા વિદ્યાર્થીઓ સ્પષ્ટ જાણકારીના અભાવે બીજાની પાછળ પાછળ ચાલી પોતાના સંતાનોને આગળ ભણાવતાં હોય છે. પરંતુ મારા બાળકને માટે કઇ લાઇન લેવી? આ પ્રશ્નનું નિરાકરણ યોગ્ય સમયે માર્ગદર્શન મળે તો જ શક્ય બને.

**(૨) કારકીર્દિ ઘડતર માટે નિર્ણય લેવામાં ઢીલાશ :**

મા-બાપ યોગ્ય સમયે નિર્ણય લઇ પોતાના સંતાનની કારકીર્દિ ઘડવા માટે આયોજન કરે છે તે સફળ થાય છે. સ્પષ્ટ માર્ગદર્શન, દિશાસુઝને અભાવે વિદ્યાર્થીઓ તથા વાલીઓ - "પડશે તેવા દેવાશે"ની જેમ વર્તે છે. કોઇ પૂછે - કઇ લાઇન લેવી છે? તો જવાબ મળશે - ધો-૧૨ માં કેટલા ટકા મળે છે તેની ઉપર આધાર - આ જવાબ દિશાસૂઝનો અભાવ છે. ધો.-૮ માં દાખલ થતાં જ બાળક માટે કારકીર્દિ ઘડવાનું વિચારી - તે પ્રમાણે વિષય પસંદગી તથા ધો.- ૧૨ માં ગ્રુપની પસંદગી થવી જોઇએ. દા.ત. બાળકને એન્જીનીયર બનવું છે તો તેમાં ૫૫ જેટલાં વિકલ્પો છે. તેમાં કઇ બ્રાંચમાં એન્જીનીયર થવું છે? આ નિર્ણય આગોતરા કરવો જરૂરી છે.

**(૩) પરિવર્તનશીલ વૃત્તિનો અભાવ :**

બદલાતા જતાં આર્થિક પ્રવાહોમાં હંમેશા પરિવર્તનશીલ દ્દષ્ટિ જ માણસને સફળ બનાવે છે. સુતરાઉ કાપડના જમાનામાં ધીરૂભાઇ અંબાણીએ પોલીયેસ્ટર યાર્ન અંગે જાણકારી મેળવીને ચીલાચાલુ ધંધાને બદલે પરિવર્તન સ્વીકાર્યું. આજે આપણે તેનું પરિણામ જોઇએ છીએ. સમયની માંગ પ્રમાણે શિક્ષણ, ઉદ્યોગ, ધંધામાં આવતાં પરિવર્તનને ઝીલવા જોખમ ખેડવાની વૃત્તિ પણ વિકસાવવી જોઇએ.

**(૪) સ્વજ્ઞાતિના તેજસ્વી બાળકોને આગળ વધારવા શું જોગવાઇ છે?**

ગામેગામ આપણાં જ્ઞાતિના યુવક મંડળો, જ્ઞાતિ પંચ વિ. દર વર્ષે ઇનામ સમારંભ યોજે છે, કોઇક મંડળ - નોટબુક પુસ્તક વિ. આપે છે (આ પ્રશંસનીય પ્રવૃત્તિ છે). પરંતુ કયા મંડળો બાળકોને આગળ વધવાં-શિક્ષણ માર્ગદર્શનના પ્રવચન, પ્રદર્શન યોજે છે? ઉચ્ચ શિક્ષણ માટે કેટલીક સંસ્થા - સ્કોલરશીપ, લોન આપે છે (જે કરે છે તે સારૂં છે) પરંતુ એન્જીનીયરીંગ, ડોક્ટરી વિ. ક્ષેત્રે સહેજે ચારથી પાંચ વર્ષ તથા મોટી રકમની ફી અને બીજા ખર્ચ થાય - જ્ઞાતિના મંડળોની વિદ્યાર્થીને આગળ વધવા જરૂરી સવલત આપણે પુરી પાડી શકતા નથી. તેથી ઘણાં તેજસ્વી પરંતુ નબળી આર્થિક સ્થિતિવાળા વિદ્યાર્થી આગળ વધી શકતાં નથી.

**(૫) આપણી જ્ઞાતિ સંસ્થાઓ વામણી પુરવાર થઇ છે :**

તમે નજર દોડાવો - અન્ય અનેક જ્ઞાતિની સંસ્થાઓ પોતાના બાળકોને ઉચ્ચ-શિક્ષણમાં આગળ વધે તે માટે શિક્ષણ ફી, હોસ્ટેલ વિ. તમામ ખર્ચ પૂરી પાડતી હો છે. દરેક મોટા શહેરોમાં પોતાની જ્ઞાતિના દિકરા-દિકરીઓને માટે હોસ્ટેલ-હોય છે. કંસારા જ્ઞાતિની સ્થિતિ! દયાજન ! ભાવગર બોર્ડીંગ બાદ સમસ્ત કંસારા સમાજ દ્વારા વડોદરા - અમદાવાદ સિવાય ક્યાંય નહિ!

**(૬) ધાર્મિક ઉત્સવોમાં લખલૂટ ખર્ચ કરતો સમાજ - શિક્ષણ પ્રત્યે ઉદાસીન! :**

ધાર્મિક ઉત્સવોનો કોઇ વિરોધ નથી, આવકાર્ય છે. પરંતુ આપણી જ્ઞાતિમાં પંચાવ, મંડપ-મનોરથ-નાત જમણ, માતાજીના ઉત્સવો, વિ. માં જ્ઞાતિજનો દર વર્ષે લાખો રૂા. ખર્ચ કરે છે. પણ એ જ્ઞાતિજનો વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સંસ્થાઓમાં ફંડફાળા કરતાં અચકાય છે! અરે ધાર્મિક ઉત્સવના ૧૦% રકમ પણ જ્ઞાતિની શિક્ષણ સંસ્થામાં ખર્ચાય તો આપણાં બાળકો ક્યાંય આગળ વધે!

લગ્ન, મરણ વિ. સામાજિક પ્રસંગોએ લાખો રૂપિયાનો ખર્ચ કરતાં જ્ઞાતિજન- પોતાના ગામમાં શિક્ષણ માટે કેટલું અને શું વાપરે છે? આવા પ્રસંગે રૂા. ૧૦૦/- — ૨૫૧/- જેવી રકમ આવી સંસ્થામાં આપી દેવાથી સમાજની ભલીવાર થવાની નથી!

તમે તમારા ગામમાં જુદી જુદી જ્ઞાતિનાં વિદ્યાર્થી ભવનો, વિદ્યા-ઉત્તેજક સંસ્થાઓ, તેમની જ્ઞાતિના દિકરા-દિકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે અપાતી લોન, સ્કોલરશીપ વિ.નું ક્યારેય નિરીક્ષણ કર્યું છે!

જ્ઞાતિની સમૃદ્ધિ, વિકાસનો આધાર તે જ્ઞાતિની ભાવિ પેઢીના શિક્ષણ માટેની જોગવાઇઓ પર આધાર છે, આપણે ક્યાં છીએ?

**(૭) શું કરવું જોઇએ?**

વ્યક્તિગત રીતે દરેક મા-બાપ પોતાના બાળકોના શિક્ષણ અને ધંધામાં વિકાસ થાય તે માટે પેટે પાટા બાંધીને પણ પુરુષાર્થ કરે છે. પરંતુ વર્તમાન સમયમાં ઉચ્ચ શિક્ષણની બદલાયેલી તરેહમાં તથા બાળકને ઊંચી ડિગ્રી મેળવી આપવા લાખો રૂપિયાનો ખર્ચ ઘણાં કુટુંબો કરી શકતાં નથી ત્યારે તે જવાબદારી જ્ઞાતિ મંડળ, જ્ઞાતિ પંચ, વિદ્યા-ઉત્તેજક સંસ્થાઓએ નિભાવવી જોઇએ તથા પોતાના ગામના જ્ઞાતિ બાળકોને આગળ વધવાં જોઇતા તમામ ખર્ચની સવલતો કરીને પણ ભાવિ પેઢીને ઉચ્ચ શિક્ષણ મળે તે માટેના પ્રાસ કરવા જોઇએ.

*સૌજન્ય : 'ધ ટાઇમ્સ ઑફ કંસારા સમાજ'*

# ક્લિનિકલ રીસર્ચ ક્ષેત્રે ખમતીધર કારકિર્દી

- **ક્લિનિકલ રિસર્ચનું ફિલ્ડ :**

ક્લિનિકલ રિસર્સનું ફીલ્ડ એ ફાર્માસ્યુટિકલ ફિલ્ડનું એક અગત્નું ડિવીઝન છે. કોઈપણ નવી દવા માર્કેટમાં વેચાણ માટે મુકતા પહેલાંની ક્લિનિકલ ટ્રાયલ્સ કરવી ફરજિયાત છે. એ દવા માણસોને કેટલી ઉપયોગી થશે તેમજ એની સાઇડ ઇફેક્ટ કેવી અને કેટલી હશે તે માટે સુવ્યવસ્થિત અને નિયમાનુસાર રિસર્ચ કરવી આવશ્યક છે. નવી દવાની શોધ અને ડેવલપમેન્ટ સાથે ક્લિનિક રિર્સચના ફિલ્ડમાં IIMની જેમ શરૂઆતથી જ ઊંચો પગાર મળે છે.

- **વિશ્વમાં ડિમાન્ડ :**

મલ્ટીનેશનલ ફાર્માસ્યુટીકલ કંપનીઓનું અબજો ડોલરનું બજેટ નવી દવાના સંશોધન અને ડેવલપમેન્ટ પાછળ ખર્ચવામાં આવતું હોય છે. વિશ્વમાં આજે ત્રણ લાખથી પણ વધારે જગ્યાઓ ક્લિનિકલ રિસર્ચના પ્રોફેશનલોને સમાવવા માટે ખાલી પડી છે. અમેરિકામાં ક્લિનિકલ રિસર્ચના કો-ઓર્ડિનેટરને વાર્ષિક ૪૦ હજાર ડોલરનો પગાર શરૂઆતથી જ મળે છે. જ્યારે બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજરને પ્રારંભિક ઓફર વાર્ષિક એક લાખ ડોલરના પગારથી થતી હોય છે. વિશ્વની વાત કરીએ તો અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, જાપાન જેવા દેશોમાં ક્લિનિકલ રિસર્ચના પ્રોફેશનલોને વાર્ષિક ૪૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ અમેરિકન ડોલર જેટલો પગાર નોકરીની શરૂઆતથી જ મળતો હોય છે.

- **ભારતમાં ક્લિનિકલ રિસર્ચનો ઉદ્યોગ :**

ઈન્ફોર્મેશન ટેકનોલોજીની જેમ ક્લિનિકલ રિસર્ચ માટે પણ ભારત ગ્લોબલ હબ બન્યું છે. વિશ્વની અનેક મલ્ટીનેશન જાયન્ટ ફાર્મા કંપનીઓ પોતે શોધેલી નવી દવાઓ માટે ક્લિનિકલ રિસર્ચનું કામ હવે ભારતમાં કરાવવા લાગી છે.

- **આ માટેના કારણો :**

(૧) મેડિકલ, ફાર્મસી અને સાયન્સના ગ્રેજ્યુએટ ભારતમાં ઘણી મોટી સંખ્યામાં છે તેમજ ક્લિનિકલ રિસર્ચનો કોર્સ કરનારની સંખ્યા દર વર્ષે વધતી જાય છે.

(૨) વિવિધ રોગોના દર્દીઓની મોટી સંખ્યા ભારતમાં છે.

(૩) આજે ભારતમાં એક્સલન્ટ (Excel-lent) કહી શકાય તેવું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક સગવડો રિસર્ચ વર્ક માટે છે.

(૪) ક્લિનિકલ રિસર્ચની કામગીરી પાછળનો ખર્ચ ભારતમાં અમેરિકા, ઇંગ્લેન્ડ કે યુરોપના દેશો કરતાં ઓછો આવે છે.

(૫) ક્લિનિકલ રિસર્ચ માટે આવશ્યક વિશ્વકક્ષાના નીતિ-નિયમો અને કાયદાઓ ભારત સરકારે અપનાવેલા હોવાથી આજે વિશ્વ આખામાં ક્લિનિકલ રિસર્ચના આઉટ સોર્સીંગ માટે ભારત પ્રથમ પસંદગીનું સેન્ટર બની ગયું છે. આગામી બે વર્ષમાં ભારતનો ક્લિનિકલ રિસર્ચ ઉદ્યોગ ૬૦૦૦ થી ૮૦૦૦ કરોડ રૂપિયાનો આઉટ સોર્સીંગ બિઝનેસ (બીજા દેશોમાંથી મેળવેલ ક્લિનિકલ રિસર્ચનું કામ) બની જવાનો અંદાજ છે.

- **બહુ મોટી અછત :**

વિશ્વમાં આજે ક્લિનિકલ રિસર્ચના પ્રોફેશનલોની મોટી ખેંચ છે. એકલા ભારતની જ વાત કરીએ તો આવતા વર્ષો દરમિયાન લગભગ ૫૦,૦૦૦ જેટલા ક્લિનિકલ રિસર્ચ પ્રોફેશનલોની જરૂરિયાત ઊભી થવાની છે. ભારતમાં અને વિશ્વમાં દર વર્ષે ક્લિનિકલ રિસર્ચના પ્રોફેશનલો માટે જેટલી નવી જગ્યાઓ ઊભી થાય છે તેના ફક્ત દસમાં ભાગ જેટલા જ ક્લિનિકલ રિસર્ચ પ્રોફેશનલો જુદી જુદી સંસ્થાઓમાં ભણીને દર વર્ષે બહાર પડતા હોય છે. વિશ્વમાં બહુ ઓછી શિક્ષણ સંસ્થાઓ ક્લિનિકલ રિસર્ચના પ્રોફેશનલો તૈયાર કરવાનું કામ કરે છે.

- **વિશ્વની સૌથી મોટી ઇન્સ્ટીટ્યુટ (ICRI) અમદાવાદના આંગણે :**

અમદાવાદમાં પાંજરાપોળ ચાર રસ્તાથી ગવર્મેન્ટ પોલિટેકનીકલ તરફ જતાં રસ્તા પર બિલકુલ નજીકમાં અને પોલિટેકનીકથી પહેલા ઇન્સ્ટીટ્યૂટ ઓફ ક્લિનિકલ રિસર્ચ (ઇન્ડિયા) નામની એક સંસ્થા આવેલી છે. ટૂંકમાં આઈ.સી.આર.આઇ. તરીકે જાણીતી સંસ્થા ભારતની નંબર વન ક્લિનિકલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ છે. ઇન્ડસ્ટ્રીની ડિમાન્ડ પ્રમાણે ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં ક્લિનિકલ રિસર્ચના પ્રોફેસનલો તૈયાર કરવાનું કામ ICRI કરે છે. ક્લિનિકલ રિસર્ચના બેસ્ટ એજ્યુકેશન માટે સમગ્ર વિશ્વમાં જાણીતી ઇંગ્લેન્ડની ક્રેનફિલ્ડ યુનિવર્સીટી સાથે ICRIનું જોડાણ છે. ભારતમાં (૧) નવી દિલ્હીમાં, (૨) મુંબઇમાં, (૩) બેંગ્લોરમાં અને (૪) અમદાવાદમાં ICRIના અતિ આધુનિક અને વિશાળ જગ્યા ધરાવતા કેમ્પસ છે. અમદાવાદમાં જુન-૨૦૦૭ માં ICRIનું કેમ્પસ શરૂ થયું છે. ISO 9011-2000ની આંતરરાષ્ટ્રીય ગુણવત્તા ધરાવતી ICRI વિદ્યાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ તેમજ કેમ્પસની દૃષ્ટિએ વિશ્વની સૌથી મોટી ક્લિનિકલ રિસર્ચની ઇન્સ્ટીટ્યુટ છે.

- **પી.જી. ડિપ્લોમા ઇન એડવાન્સ્ડ ક્લિનિકલ રિસર્ચ :**

એડવાન્સ ક્લિનિકલ રિસર્ચની પીજી રિસર્ચનો પીજી ડિપ્લોમાં કોર્સ ફુલ ટાઇમ કોર્સ છે. જો તમે બે વર્ષનો ફુલ ટાઇમ કોર્સ કરવા ન માગતા હોય અથવા એ માટે અનુકુળતા ન હોય તો Advance Reseachનો આ પીજી ડિપ્લોમાં કોર્સ કરાય. કોર્ષ પૂરા થયા પછી સારી નોકરી ICRI અપાવશે.

*સૌજન્ય : 'ધ ટાઇમ્સ ઓફ કંસારા સમાજ'*

**વાંચકો ધ્યાન આપે....**

*આગામી અંકથી એક નવી કોલમનો આરંભ થાય છે. આ કોલમમાં શિક્ષણ તેમજ વ્યવસાય અંગે વાંચકોને કોઈ માહિતી જોઈતી હોય તો તે આપવાના પૂરતા પ્રયાસ કરવામાં આવશે.*

*વાંચકોએ એમનો માત્ર એક જ પ્રશ્ન પોસ્ટકાર્ડ પર લખી મોકલવો.*

*– મુખ્યતંત્રી*

## બી.એસસી. (ફાયર ટેકનોલોજી)

**સમયગાળો : ૩ વર્ષ**

ધરતીકંપ, પૂર, આગ, વાહન અકસ્માત વિ. જેવી દુર્ઘટનાઓ બને ત્યારે બચાવ, રાહત અને પુનર્વસનનાં ત્રણ ક્રમિક પગલાં લેવા માટે જે મેનેજમેન્ટ કરવામાં આવે છે તેને ડિઝાસ્ટર મેનેજમેન્ટ કહેવામાં આવે છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં 'ફાયર ફાઈટીંગ'નું ચાવીરૂપ સ્થાન છે. આગ એક એવી દુર્ઘટના છે કે તેમાં ઝડપી અને ચોક્સાઈપૂર્વક પગલાં ન લેવાય તો આર્થિક નુકસાનની સાથોસાથ જાનહાનિ પણ મોટા પાયે થાય છે. આજના યુગમાં સુરક્ષા અને સલામતીની જરૂરિયાતને લક્ષમાં લઈ ફાયર ટેકનોલોજી ક્ષેત્રને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. આજે ફાયર ફાઈટીંગ ઉદ્યોગનું કદ ૧૬૦૦થી ૨૦૦૦ કરોડ થવા જાય છે. ત્યારે તાલીમબધ્ધ યુવાવર્ગની આ ક્ષેત્રે માંગ વધી રહી છે.

સંરક્ષણ, રેલવે, એરપોર્ટ, ઓથોરીટી, ઈલેક્ટ્રિસિટી બોર્ડ, પેટ્રોકેમીકલ સંકુલો, ઓઈલ કંપનીઓ, ઈન્ડસ્ટ્રીઝ વિ.માં ફાયર તજજ્ઞની જરૂર પડે છે. અગ્નિશમનની ડિગ્રી ધરાવતા ઉમેદવારોને આકર્ષક પગારથી જોબ પ્રાપ્ત થઈ શકે છે.

**કોર્સમાં સમાવિષ્ટ વિષયો :**

(૧) ફન્ડામેન્ટલ ઓફ ફાયર, (૨) ફાયર ફાઈટીંગ, (૩) કોમ્યુનિકેશન, (૪) ઈલેક્ટ્રીકલ, (૫) મિકેનિકલ, (૬) ફિઝીકલ, (૭) એપ્લાઈડ ફિઝિક્સ, (૮) પેરામેડિકલ ડિટેક્શન, (૯) ફાયર પ્રિવેન્શન અને ઈન્વેસ્ટીગેશન, (૧૦) ઈક્વીપમેન્ટ, (૧૨) ક્વોલીટી એશ્યોરન્સ, (૧૩) ફાયર લૉ, (૧૪) કોમ્પ્યુટર વિ. જેવા વિષયો આવરી લેવામાં આવેલ છે.

- **પ્રવેશપાત્રતા :**

(૧) ધોરણ-૧૨ (સાયન્સ) પાસ અથવા

(૨) એન્જીનીયરીંગનો કોઈપણ બ્રાંચનો ડિપ્લોમા કોર્સ પાસ કરેલ હોય.

- **પ્રવેશ ફોર્મ તથા વિશેષ જાણકારી માટે સરનામું :**

  કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી, એ-૫, જય મંગલ હાઉસ, ગાંધીગ્રામ રેલવે સ્ટેશન પાસે, આશ્રમરોડ, અમદાવાદ-૬.

  ફોન : (૦૭૯) ૨૬૫૮૪૦૮૦, ૨૬૫૮૭૦૦૯

  વેબસાઈટ : www.firecollege.co.in

- **કેમ્પસ એડ્રેસ :**

  ૮૬, ખોડા ગામ, સાણંદ-વીરમગામ હાઈવે, અમદાવાદ.

***– સંકલિત***

## હે રામ!

*ગાઢ અંધારામાં*
*નગરના ખૂણે-ખૂણે*
*એક આકાર ફરતો હતો*
*બધાંને રજે રજ*
*પૂછતો હતો!*
*મને પણ એ દિવ્ય આકારે પૂછ્યું :*
*"દેશ કેમ છે?"*
*"દેશ બાંધવો કેમ છે?"*
*મેં પણ રજે-રજ માહિતી આપી*
*મને એ આકાર*
*ઘણો જાણીતો લાગ્યો*
*"ફૂલોના ખડક વચ્ચે*
*દબાઈ-દબાઈને જીવવા કરતાં,*
*રીબાઈ-રીબાઈને જીવવું*
*વધુ સહેલું છે!!*
*એમ મેં કહેલું."*
*ભારતમાં આટલું બધું થઈ ગયું!*
*થઈ રહ્યું???*
*એ આકાર- જીવ*
*દુ:ખથી બે જ શબ્દ બોલ્યો ..*
*હે રામ!!*

***હેતા સતીષ બુદ્ધભટ્ટી (હેત), એડવોકેટ - ભુજ***

## બીજી નિશાળ

મા! મને બીજી નિશાળ દે ગોતી
કે બેન મારી મોટી તો મારે છે સોટી,
ગણીને દાખલાની નોટ ભરી મોટી
તોય દાખલાની રીત નહીં જોતી...બેન મારી મોટી..

"વાપરવી ગાઈડ એ ટેવ છોરાં ખોટી,"
ને પોતે તો દાખલાની રીત એમાં જોતી...બેન મારી મોટી..

મારવામાં ચાકનું નિશાન નહીં જોતી,
ને પાછી કહેતી, "છોરાં, ચાક દો ગોતી"...બેન મારી મોટી..

મારે એ તો ઠીક, પણ તારી જેમ,
વહાલ કરી આંખ નહીં લોતી!!

...બેન મારી મોટી તો મારે છે સોટી

***હેતા સતીષ બુદ્ધભટ્ટી (હેત), એડવોકેટ - ભુજ***

# ગ્રાહક બનો, જાગૃત રહો....

**સંકલન : સુધા એ. બુધ્ધભટ્ટી**

આપણે "જ્ઞાતિસેતુ" દ્વારા ફક્ત પરિવારો અને દરેક ઘટકની સંસ્થાઓની વિધવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ મેળવીએ છીએ ખરૂ ને? અને સાથે સાથે ઈતર જ્ઞાન કોમ્પ્યુટર-વિવિધ રોગો અને તેમના ઉપચારો, બહેનો માટેની વાનગીઓ આવી અનેક બાબતોની ચર્ચા આપણા આ "સેતુ"માં કરવામાં આવે છે તે ખરેખર ખૂબ જ પ્રશંસનીય છે. આજે આપણે એક નવા જ વિષય પર જઇએ. અને તે છે ગ્રાહકની જાગૃતિ બાબતનો. આપણે સૌ કંઇ પણ ખરીદી કરી ગ્રાહક બનતા હોઇએ છીએ. એમ કહી શકાય "દુનિયામાં કોઇ એવી વ્યક્તિ નહીં હોય જે ગ્રાહક બની ના હોય" આપણે સૌ એ પણ જાણીએ છીએ કે આજે દરેક ક્ષેત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર, છેતરપીંડી, ભેળસેળ, બનાવટી વસ્તુઓના કિસ્સાઓનું પ્રમાણ વધી ગયું છે. ભારતમાં આજે ગ્રાહક સુરક્ષા સંગઠનો અસ્તિત્વમાં આવ્યા છે પરંતુ આપણે હજુ પણ જાગૃત નથી. આપણે મળેલ અધિકાર અથવા હક્ક પ્રત્યે પુરી જાણકારી ધરાવતા નથી. જેના કારણે બજારમાંથી મળતી ઘણી વસ્તુઓમાં છેતરપીંડીનો ભોગ બનીએ છીએ. પરંતુ આપણી પાસે પૂરતી જાણકારી અને જ્ઞાનનો અભાવ હોવાથી આપણે બોલવા સિવાય કંઇ કરી શકતા નથી.

આજે દરેક ક્ષેત્રમાં જ્યારે વ્યાપક ભ્રષ્ટાચાર વ્યાપી રહ્યો છે ત્યારે તેમાં જાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી છે. તો ચાલો, આપણે પણ ગ્રાહક સુરક્ષાના કાયદા અંગે થોડી માહિતી મેળવીએ.

હા, ભારતમાં ૨૫ ડિસેમ્બર, ૧૯૮૬માં ભારતની સંસદે ગ્રાહકોની સુરક્ષાનો પ્રસ્તાવ કરતો ધારો અમલમાં મૂક્યો હતો અને ત્યારબાદ ધીરે ધીરે તેનું વિસ્તરણ કરી કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ રાષ્ટ્રીય ગ્રાહક કમિશનો અને છેલ્લે જીલ્લા ગ્રાહક ફોરમોની રચના કરવામાં આવી હતી. જેનો લાભ આજે આપણે લઇ રહ્યા છીએ. ૨૫ ડિસેમ્બર ગ્રાહક સુરક્ષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ દિવસે ગ્રાહકોમાં જાગૃતિ લાવવા સેમિનાર પ્રવચન, મેગેઝીનમાં છાપી ગ્રાહક મંડળો તેમજ ગ્રાહક કાર્યકર્તાઓ ગ્રાહક શિક્ષણ આપવામાં કાર્ય કરતા હોય છે.

એડવોકેટ હીના ઠક્કરના કહેવા મુજબ ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ મુજબ એવી વ્યક્તિ કે જે પોતાના વપરાશ માટે વસ્તુઓ કે સેવાઓ ખરીદે છે તે ગ્રાહક છે. ખરીદનારની સંમતિથી આવી વસ્તુનો ઉપયોગ કરનાર વ્યક્તિ પણ ગ્રાહક છે. આમ આપણામાંની દરેક વ્યક્તિ કોઇને કોઇ રૂપમાં ગ્રાહક છે.

- **સુરક્ષા માટે કોણ ફરીયાદ નોંધાવી શકે?**

(૧) ગ્રાહક, (૨) કોઇપણ રજીસ્ટર્ડ સ્વૈચ્છિક ગ્રાહક સંગઠન, (૩) કેન્દ્ર સરકાર, (૪) રાજ્ય સરકાર, (૫) અનેક ગ્રાહકોની તરફથી જેમનું હિત છે તેવા એક કે વધારે ગ્રાહકો, (૬) સને ૨૦૦૨માં કરવામાં આવેલ સુધારા પ્રમાણે ગ્રાહકનું મૃત્યું થયેલ હોય તો તેના કાયદેસરના વારસદારો અને પ્રતિનિધિઓને પણ ફરીયાદ નોંધાવવાનો અધિકાર આપવામાં આવેલ છે.

- **કાયદા મુજબ નીચેની પરિસ્થિતિમાં ફરીયાદ નોંધાવી શકાય :**

☞ વેપારી દ્વારા વેપારના અનુચિત / પ્રતિબંધિત રીતે અપનાવવાના પરિણામ સ્વરૂપ થયેલી હાનિ કે નુકશાની.

☞ જો ખરીદેલી વસ્તુમાં કોઇ ખોટ હોય.

☞ ભાડે લીધેલી / મેળવેલી સેવાઓ કોઇપણ પ્રકારે દોષપૂર્ણ હોય

☞ વસ્તુઓ પર દર્શાવેલી કે તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા અંતર્ગત કે તેના દ્વારા નિર્ધારીત કિંમતથી વધારે કિંમત માંગવામાં આવી હોય.

☞ જે તે સમયે અમલમાં હોય તેવા કાયદાના ઉલ્લંઘનમાં જનતાને એવી વસ્તુઓ વેચાણ માટે આપવામાં આવી રહી હોય કે જેનો ઉપયોગ જીવન તથા સુરક્ષા માટે ખતરનાક હોય.

- **જો ગ્રાહકને ફરીયાદ નોંધાવવી હોય તો?**

☞ જે તારીખથી કાર્યવાહીનું કારણ પેદા થયું તેનાથી બે વર્ષની અંદર ફરીયાદ નોંધાવવાની હોય છે.

☞ ફરીયાદ નોંધાવવા માટે સોંગદપત્ર માટે સ્ટેમ્પ પેપરની જરૂર હોતી નથી. ફરીયાદ પોસ્ટ દ્વારા કે સ્વયં ફરીયાદ કર્તા નોંધાવી શકે છે. તે માટે વકીલ રોકવાની જરૂર હોતી નથી.

☞ સામાન્ય રીતે મંચોને ફરીયાદની ૪ થી ૬ કોપીઓ આપવાની હોય છે.

- **ફરીયાદમાં નીચેની માહિતીઓ હોવી જોઇએ :**

૧. ફરીયાદ કરનારનું નામ અને પુરું સરનામું.

૨. પ્રતિવાદી પાર્ટી કે પાર્ટીઓના નામ સરનામા.

૩. વસ્તુઓ કે સેવા જે તારીખે ખરીદી કરી હોય તે તારીખ.

૪. વસ્તુ કે સેવા મેળવવા માટે ચૂકવેલી રકમ.

૫. ખરીદેલી વસ્તુ અને તેની સંખ્યા / મેળવેલી સેવાનું સ્વરૂપ

૬. બીલ-વાઉચર / રસીદની કોપીઓ અને જો કોઇ પત્ર વ્યવહાર કર્યા હોય તો તેની કોપીઓ-માંગવામાં આવેલ વળતરની માહિતી

ગ્રાહક અદાલતો નીચે મુજબના વળતરનો આદેશ કરી શકે છે.

(૧) વસ્તુઓમાં રહેલી ખામી દૂર કરવી, (૨) વસ્તુ બદલી આપવી, (૩) ચૂકવેલી રકમ પરત કરવી, (૪) ખરીદનારને યોગ્ય કિંમત ચૂકવવી, (૫) જે હાનિ કે નુકશાન થયું તેના માટે નુકસાન વળતર, (૬) વેચાણ માટે મુશ્કેલી-ખતરનાક વસ્તુઓ પાછી ખેંચી લેવા આદેશ કરવો વગેરે. ■

# Check-Mate (8)

'Tulsi' - Ahmedabad



**CHESS STRATEGY**

To day we will first understand the difference between development and promotion, because when we talk about stategies of the chess, these two words are often repreated. Let's therefore first see what is development.

**Development :** The development of a piece on the chess board is defined as a process of moving pieces from their starting positions to new posts, from which they control a greater number of squares, have greater mobility or where they can better aid the player's plans.

And now, let's see, what is promotion.

**Promotion** as defined in the rule book of FIDE, is a the transformation of a pawn that reaches its eighth rank (the opposing player's first rank) is said to be promoted to another piece of that player's choice of a queen, rook, bishop, or kinght of the same color. The new piece replaces the pawn on the same square and is part of the move. Promotion is not limited to pieces that have already been captured. Every pawn that reaches its eighth rank must be promoted. Pawn promotion often decides the result of a chess endgame.

Further, while the promotion denotes graduation of a pawn, the choice of promotion is not limited to captured pieces. It is both legal and possible for one player to simultaneously have as many as ten knights, ten bishops, ten rooks or nin queens. While this extreme would almost never occur in practice, but looking in the history, it is revealed that in game 11 of their 1927 world championship match, Jose Raul Capablanca and Alexander Alekhine, each had two queens in play at once (from move 65 through the end on move 66). While some finer sets do include an extra queen of each color, most standard chess sets do not come with additional pieces, so the physical piece used to replace a promoted pawn is usually one that was previously captured.

Other name of the promotion is "queening", because the piece chosen is nearly always a qween. When some other piece is chosen it is known as "under promotion" and the piece selected is most often a Knight used to execute a checkmate or fork, giving the player a net increase in material compated to promoting to a queen. Under promotion is also used in situations where promotoing to a queen would give instant stalemate and promotion cannot be deferred until this situation has ceased.

Since the queen is the most powerful piece, the vast majority of promotions in practical play are to a queen.

If the promoted piece is not available, FIDE rules are that the player should stop the game clock and summon the arbiter for the correct piece. In addition, under US Chess Federation rules and in casual play, an upside-down rook may be used to designate a queen.

In the above discussion, we made a reference of FIDE. THerefore, let us understand what is FIDE?

**FIDE :** This is a French acronym, the short form of Federation Internationale des Echecs or better known as World Chess Federation in English. This is an international organization that connects the various national chess federations around the world and acts as the governing body of international chess copetition. FIDE was founded in Paris, France on July 20, 1924. For more information regarding chess rules you may visit their site : www.fide.com

**Intial Moves :**

There are no standard rules, principles or strategies to start the game in particular way, however, if you are able to think next, next, next and next moves, you can strategically organize your moves and keep control over center of the board. Few hinds, mentioned below would help you in organizing your initial moves.

Few Hints for developing your pieces and avoiding certain moves.

It is best strategy to develop the Knights before their respective biships and develop both knights followed by queen's bishop.

Avoid developing your chess pieces exclusively on one side.

Avoid moving a chess piece twice during the opening moves.

Avoid playing a piece beyond your own side of the board in the opening.

After you have castled, do not permit the opponent to open a file on your king.

Avoid pinning the opponent's King's Kinght before the opponent has castled, particularly, when you have yourself castled on the King's side.

Avoid making exchanges that lead to development of another piece for the opponent.

Avoide exchanging bishops for Knights early in the game.

Avoid premature attacks.

You are welcome to ask reasons for the above, that we shall discuss in the coming issues.

Few terms regarding Bishop:

**Bishop pair:**

If both Bishops on the same side have survived late into a game of Chess, then their value is enhanced for two reasons viz., (i) together they can attack a piece on any color square, and (ii) their mobility is usually less restricted by Pawns late in the game. Therefore, a Bishop pair is a notable advantage.

**Bad Bishop :**

Any ineffective bishop is known as bad Bishop. When a Bishop has little or no mobility because of being surrounded by Pawns positioned on squares of the same color as the Bishop's square, it is said to be a "bad Bishop".

**Battery :**

Doubling Rooks on a file or a Queen and a Bishop on a diagonal is known as Battery.

Back rank mate : A checkmate made by a Qween or Rook along the 8th rank where the opponent's King is blocked in by its own Pawns.

**Backward Pawn :**

A Pawn has trailed behind and is no longer supported by other Pawns. A backwar Pawn is consider a fundamental weakness in a Chess position because it can be attacked. Its defense requires pieces that are better employed in other plans. See also isolated Pawn.

**Blockade :**

To stop an enemy Pawn by placing a piece or pieces directly in front of it. This term describes the situation where the advance of a Pawn is prevented by an opponent's piece directly in front of the frustrated Pawn.

**Blockade :**

This term describes a piece whose mobility is limited by the physical presence of another piece often of the same color. Specific positions that involve blocked pieces include discovered check, double check, and blockade.

**Discovered check :**

A discovered attack that involves checking your opponent's King by moving a piece so that the piece behind it can give check. This term describes an often powerful move where a line is opened allowing an otherwise blocked piece to give check to the enemy King. If the moving piece also gives check, then the move is described as a 'double check'.

**Double check :**

A powerful type of discovered attack, which checks the King with two pieces. The Kingis forced to move because no other means are available to extricate the King from this special type of check by two pieces simultaneously, thus frozen for at least one tempo or move.

**એક એસ.એમ.એસ. :**

***"Chess is 99 percent tatctics " - Richard Teichmann***

***"Chess is 99 percent calculation."- Andrew Soltis***

***"Alwas check; it may be mate"- Al Horowitz***

***"Refrain from useless checks"- Larry Evans***

## આ શ્રેણીના વાંચકો માટે આકર્ષક ઈનામ

નીચેના પ્રશ્નોના સાચા જવાબ આપનાર વાંચકોમાંથી બે વ્યક્તિને લક્કી ડ્રોથી આકર્ષક ઈનામ આપવામાં આવશે.

૧. Discovered Check એટલે શું?

૨. ચેસ બોર્ડ પર ઊંટ (Bishop)નું વધારેમાં વધારે કેટલા ખાના પર નિયંત્રણ હોય છે?

ઉત્તર પોસ્ટકાર્ડ પર 'જ્ઞાતિસેતુ'ને સરનામે ૩૧ જુલાઈ સુધી મળી જાય તે રીતે મોકલવાના રહે છે.

***– મુખ્યતંત્રી***

## નીચેના કોયડા ઉકેલો

*તા. ૩૧-૭-૨૦૧૧ સુધી બધા સાચા જવાબ મોકલનાર બાળકોમાંથી બે બાળકોને આકર્ષક ઈનામ આપવામાં આવશે.*




ચાર 5 થી આ સમીકરણનો સરવાળો આ રીતે 100 થઈ શકે.

શું તમે ચાર 7 ગોઠવીને આ જ સમીકરણનો સરવાળો 100 લાવી શકશો?

$$(5 + 5) \times (5 + 5) = 100$$

---

*ચોકઠામાં રહેલા નંબરોને એવી રીતે ગોઠવી આપો કે જવાબ ૨૪ આવે.*




= 24

___ □ ___ □ ___ □ ___ □ = 24


---

| | | |
|---|---|---|
| **20** | | **50** |
| **20** | ■ | |
| | **10** | **30** |

આ ચોકઠામાં ખૂટતા અંકો એવી રીતે મૂકો કે દરેક બાજુનો સરવાળો ૯૦ થાય. વચ્ચેનું કાળું કાર્ડ ખાલી છે. તેમાં કોઈ નંબર નહિ આવે.


---


આ સર્કલમાં આપેલા બધા અક્ષરોનો એક્કેક-વાર ઉપયોગ કરીને અંગ્રેજીનો એક શબ્દ બનાવો જેનો સંબંધ ભય (ડર) સાથે છે.




---

*સર્કલમાં એવી રીતે નંબર મૂકો કે બધા નંબરનો સરવાળો ૯૦૦ થાય.*



★ અંજાર જ્ઞાતિની કુ. દામિની દીપકભાઈ વીસા પરમારે પ્રથમ કચ્છ સ્તરીય માર્શલ આર્ટ ચેમ્પિયનશીપ "ચૌઝ વ્હાંગ ડૂ"ના 'પેટર્ન' વિભાગમાં "સિલ્વર મેડલ" અને 'સ્પીડ ડ્રીલ' વિભાગમાં 'સેકન્ડ બ્રોંઝ મેડલ' મેળવી સ્વ-રક્ષણ અને પરિવાર રક્ષણમાં સહાયક માર્શલ આર્ટમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવી હતી. સાથે સાથે આ ચેમ્પિયનશીપમાં તેમની બહેન કુ. ચાંદની દીપકભાઈ વીસા પરમારે પણ ભાગ લીધો હતો.

કુ. દામિની તથા કુ. ચાંદની અંજાર જ્ઞાતિ અગ્રણી શ્રી કેશવલાલ લખમશીભાઈ વીસા પરમારની પૌત્રી તથા અંજાર જ્ઞાતિ ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસા પરમારની ભત્રીજી છે.



★ મૂળ માંડવીના બુધ્ધભટ્ટી મુકુંદ નાનજીના સુપુત્રી કુ. અવનીબેન બુધ્ધભટ્ટી, M.Sc. (Mathematics) - વડોદરા, હાલે ગુજરાત સરકારની GPSC દ્વારા લેવાયેલ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ની પરીક્ષા પાસ કરી વ્યાખ્યાતા તરીકે સરકારી ઈજનેરી કોલેજ - ભુજ ખાતે નિમણુંક મેળવેલ છે. અગાઉ વડોદરામાં નરોડા ટેકનોલોજી કોલેજમાં લેક્ચરર તરીકે સેવા આપતા હતા.



★ દિપ્તીબેન પરેશભાઈ ગુજરાતી છેલ્લા આઠ વર્ષથી ભુજના અરિહંતનગર મહિલા મંડળ સાથે તેમજ મહિલા સત્સંગ મંડળ, વૃક્ષમિત્ર સંસ્થા - ભુજ, એ.સી.ટી. ભુજ સાથે વિવિધ પ્રવૃત્તિઓથી સંકળાયેલા છે. અરિહંતનગર મહિલા મંડળના ખજાનચી તરીકે ચાર વર્ષ તથા એક વર્ષ પ્રમુખપદે રહી અનેક સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. હાલમાં ખજાનચી પદે છે. તેમજ નિબંધ, વક્તૃત્વ, રંગોળી, હાલરડા, વાનગી સ્પર્ધા વગેરે જેવી હરીફાઈઓમાં અનેક ઈનામો મેળવી ચૂક્યા છે. તે ઉપરાંત છેલ્લા પંદર વર્ષથી પોતાના ઘેર બાળકોને ટ્યુશન આપી ઘરને આર્થિક મદદ પણ કરી રહ્યા છે.


તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરી જ્ઞાતિનું ગૌરવ વધારે તેવી શુભેચ્છા.



★ **તોરલ ડી. કોટડિયા** ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયમાં શિક્ષિકા તરીકેની ફરજ બજાવે છે. ચાલુ વર્ષે આ શાળામાં સંસ્કૃતિ આર્ટ ફાઉન્ડેશન - પાલનપુર દ્વારા શિક્ષકો માટેની ચિત્ર સ્પર્ધા યોજવામાં આવેલ હતી. જેમાં તોરલબેનને "કલાગુરૂ એવોર્ડ" અને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયેલ છે.

## માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ (K.G. to Std.-9)


ઓમ
પોમલ
ભુજ
Nursery : A+ Gr.



મિત
હરીશ બારમેડા
અંજાર
Std.-1 : A+ Gr.


ધ્રુમીલ
ગોવિંદભાઈ સોની
નડિયાદ
Std.-1 : 88.22%


મોહિત
પ્રકાશભાઈ પોમલ
અંજાર
ધોરણ-૨ : ૯૮.૨૫%


ધ્રુવ
વિનોદભાઈ બીજલાણી
ભુજ
Std.-3 : 97.6%


યશ્વી
કમલેશભાઈ પોમલ
ભુજ
Std.-3 : 92.6%



મિરાજ
રાજેન્દ્ર સોલંકી
ધોરણ-૩ : ૮૧%


વિશાંત
પ્રવીણચંદ્ર બુધ્ધભટ્ટી
ભુજ
Std.-3 : 80%


રાહુલ
કિરીટ બારમેડા
નખત્રાણા
ધોરણ-૩ : ૭૫.૭%


યશ
અરૂણભાઈ બુધ્ધભટ્ટી
ભુજ
Std.-4 : A Grade


નીલ
રાજેશભાઈ કટ્ટા
રાજકોટ
Std.-5 : 94.7%


પ્રીત
ગિરીશકુમાર સોની
ખેડબ્રહ્મા
ધોરણ-૫ : ૯૩%



કૃનાલી
પ્રકાશભાઈ પોમલ
અંજાર
ધોરણ-૫ : ૯૧.૪%


વીરેન
ભૂપેન્દ્ર પોમલ
અંજાર
ધોરણ-૫ : ૮૩.૨%


ઉર્વિ
મનસુખલાલ બુધ્ધભટ્ટી
ભુજ
ધોરણ-૫ : ૫૯.૭%


હીનલ
પ્રકાશભાઈ પોમલ
અંજાર
ધોરણ-૭ : ૯૩.૭૪%


નીરવ
હરેશભાઈ પોમલ
અંજાર
ધોરણ-૮ : ૬૯.૨%


દીપેન
ભૂપેન્દ્રભાઈ પોમલ
અંજાર
ધોરણ-૮ : ૬૩.૨%


મૈત્રી
રાજેશભાઈ કટ્ટા
રાજકોટ
Std.-9 : 86.1%


અંકિત
મહેશભાઈ બુધ્ધભટ્ટી
અંજાર
ધોરણ-૯ : ૮૨.૬૩%


દિવ્યા
કમલેશ પોમલ
અંજાર
ધોરણ-૯ : ૬૯%




## હાર્દિક અભિનંદન

**કુ. ચંદન યોગેશ બુધ્ધભટ્ટી**એ રાષ્ટ્રીય ઔદ્યોગિકી સંસ્થાન - રાયપુર (છત્તીસગઢ) સંસ્થામાંથી બેચલર ઑફ આર્કિટેક્ચરની સ્નાતક કક્ષાની પરીક્ષામાં ૮૦.૧૨ ટકા માર્કસ મેળવી સફળતા હાંસલ કરી છે.


કુ. ચંદનબેનને ‘જ્ઞાતિસેતુ’ના હાર્દિક અભિનંદન અને શિક્ષણ તેમજ કારકિર્દી ક્ષેત્રે સફળતા મેળવે તેવી શુભેચ્છા.


# ઉચ્ચ શિક્ષણ


કિંજલ
ગીરીશકુમાર સોની
S.S.C. - 87.71%



આદર્શ
જયંતીલાલ સોની
S.S.C. - 87.4%



મોહિત
હરેશભાઈ પોમલ
અંજાર
S.S.C. - 83.4%



દામિની
દીપકભાઈ સોની
S.S.C. - 79.8%


જય
રોહિત કટ્ટા
S.S.C. - 78%



ચાંદની
દીપકભાઈ સોની
S.S.C. - 73.8%


પ્રિન્સ
પ્રવીણચંદ્ર બુધ્ધભટ્ટી
S.S.C. (Eng. Med.)


શિવાની
અતુલભાઈ બુધ્ધભટ્ટી
H.S.C. (Sc.) - 89%


સુમન
રસીકભાઈ ભૂત
જામનગર
H.S.C. (Com.) - 84%


હેન્સી
મનસુખલાલ બુધ્ધભટ્ટી
ભુજ
H.S.C. (Com.) - 77.9%



જેમીની
દીપકકુમાર પોમલ
H.S.C. (Com.) - 73.14%



આરતી
કમલેશ પોમલ
H.S.C. (Com.) - 69%



અવની
શરદચંદ્ર બુધ્ધભટ્ટી
T.Y.B.A. (Home Sc.) : 76.6%
(યુનિ.માં પ્રથમ)


કુ. જીનલ પ્રવીણભાઈ
સોલંકી - નાગલપુર
T.Y.B.Com. : 87%
(યુનિ.માં પ્રથમ)


ક્રિષ્ના
રમેશભાઈ બુધ્ધભટ્ટી
ભુજ
B.Ed. (English - Sanskrit) 85%


શૈલેષ
પ્રેમજીભાઈ પોમલ - ભુજ
B.Tech. (Comp. Sc. Engg.)
(From Nirma University)


કોમલ
જયસુખલાલ ગોહીલ
ભુજ
S.Y.B.Com. - 75.14%


કિશન
પરેશભાઈ ગુજરાતી
ભુજ
C.A. I.P.P.C. (Gr. 1 & 2)


વિવેક
પરેશભાઈ ગુજરાતી
ભુજ
M.Sc. (Phy.) Sem.-1 : 61%


માનસી
રાજેન્દ્રભાઈ બારમેડા
Master of Social Work

# શતરંજના ખેલ

હંસરાજ કંસારા - અમદાવાદ

*ગત અંકમાં આપણે વાંચ્યું....*

***એક રાજા શતરંજના ખેલમાં એના તરૂણ નોકર સુકાળથી હારી ગયો. આપેલા વચન મુજબ, સુકાળને શતરંજના પ્રથમ કોઠામાં એક પછી પ્રત્યેક કોઠામાં બમણાના હિસાબે અનાજ આપવા હુકમ કર્યો. રાજના અન્નભંડાર ખાલી થઈ જાય એવો આ હુકમ હતો. પાડોશના સામંતની મદદથી રાજસત્તા પોતાના હાથમાં લેવાની વેતરણમાં સફળ થવાની અણી ટાણે, આ રાજ હુકમે દીવાન મૂંઝાયો. કારણ કે રાજ્યના અન્ન ભંડારનું ભોંયરું, જે પડોશી રાજની હદ સુધી જતું હતું ત્યાંથી શસ્ત્રો, આવી ગયા હતા. આવા કટાણે રાજાનો વિશ્વાસુ ચાકર ભંડારમાં ન આવે તે માટે દીવાને તરૂણને એક મહિના પછી સોમવતી અમાસને રોજ અનાજ લેવા આવવાનો આદેશ આપ્યો. સુકાળ રાજમાતાનો પણ વિશ્વાસુ હતો.***

***ગામની પાદરે ટેકરી પર કાલી માતાના મંદિરના વૃદ્ધ પુજારી અને રાજમાતાને દીવાનની હીલચાલની ગંધ હતી પરંતુ એની આગલી ચાલ સમજાતી નહોતી. આગામી સંકટનો સામનો કરવા અને દીવાનની ચાલ નિષ્ફળ કરવાના પૂજારીના આયોજનને અનુસરતાં સુકાળને મહેલ અંદરના ભેદી ભોંયરાઓની ભાળ મળી. એ ભોંયરાના ત્રિભેટે, એક રસ્તો કાલી મંદિરે જતો હતો અને બીજો રસ્તો રાજમાતાના પિયરના ગામ તરફ જતો હતો એ અનુમાન તો સુકાળે કરી લીધું. હવે સુકાળને ત્રિશૂળની વચલી પાંખે જતો રસ્તો ક્યાં જાય છે એ જાણવું હતું.***

*હવે આગળ વાંચો....*

"ના.. ત્રિશૂળની એ વચલી પાંખની દિશાએ પડતો ફાંટો ક્યાં જાય છે, એના કોઇ અણસાર ત્યાં નથી. એ રસ્તે તો જાતે જ આગળ જવું પડે." વિજુએ, સુકાળે વચલી પાંખની વાટ વિષે પૂછ્યું, તેનો જવાબ આપ્યો.

"તો વિજુ, આવતીકાલે સવારે તું દીવાબત્તી ઓલવવા જાય ત્યારે હું તારી સાથે આવી એ ભોંયરામાં જઇશ. આખો દિવસ ત્યાં રહીશ. સાંજે દીવાબત્તી કરવા તું પ્રવેશ દ્વાર ખોલશે ત્યારે હું બહાર આવીશ." સુકાળે એનો નિર્ણય જણાવ્યો.

બીજે દિવસે મોંસુઝણું થયું તે પહેલાં સુકાળ, પુજારીએ આપેલી પ્રસાદની થેલી અને મિત્રો સાથે સંપર્ક જાળવવા એણે બનાવેલા જંતર સાથે, ભોંયરામાં ઘૂસી ગયો. ત્રિભેટા સુધીની વાટે દીવાલ પરના બાકોરા વાટે આવતા પ્રકાશને લીધે ઉજાસ હતો. ત્યારપછીની વાટે આગળ ઉપર ઘોર અંધકાર હોવાનો સુકાળને અહેસાસ થયો. આગળ ઉપર જવા માટે જરૂર કોઇ પ્રકાશની વ્યવસ્થા હશે, એમ વિચારી સુકાળે એ ઉભો હતો ત્યાંથી ચોતરફ એની બાજનજર ફેરવી.

ગુફામાં એક વાટે કમળનું નિશાન હતું અને બીજી વાટે કાલીમાતાની ખંડિત મૂર્તિ હતી.

વચલી વાટે કોરુંધાકોર અંધારું હતું. એના સિવાય બીજે ક્યાંય કોઇ વસ્તુ નહોતી. બીજું કંઇ ન સૂઝતાં સુકાળ ખંડિત મૂર્તિ પાસે ગયો. ત્રિભેટા પરના બાકોરાના ઝાંખા પ્રકાશમાં લગભગ ચારેક ફૂટની એ કાળા પત્થરની ખંડિત મૂર્તિને ધ્યાનથી જોવા લાગ્યો. સ્પર્શ કરવા લાગ્યો. એ મૂર્તિને થોડા વધુ પ્રકાશમાં જોવા માટે થોડી આગળ લાવવા, ખસેડવાનો એણે પ્રયત્ન કર્યો. એના આશ્ચર્ય વચ્ચે એ મૂર્તિ કોઇ ચાકડા પર ફીટ કરેલી હોય તે રીતે પોતાની ધરી પર, ઘડિયાળના કાંટાની જેમ ફરતી થઇ. સુકાળને તો મજા આવી ગઇ. એણે મૂર્તિને જોરથી ઘૂમાવી ગોળ ગોળ ફરતી એ મૂર્તિની આંખમાં પ્રકાશના ઝબકારા થવા લાગ્યા. એ મૂર્તિમાંથી વહેતો પ્રકાશ-પેલા ત્રિભેટાની વચ્ચેની વાટ તરફ ફેંકાયો, ત્યારે સુકાળે મૂર્તિ ફેરવવાનું બંધ કર્યું. હવે સુકાળને એ ત્રીજી વાટનો પ્રવેશ ભાગ સ્પષ્ટ દેખાયો. એ ત્યાં ગયો. ઉપર નકોર કાળા પત્થરની છત, નીચે ખરબચડી જમીન અને ગોળાઇ લેતી બન્ને બાજુની લીસી દીવાલો અને લાંબી નજરે પાછું એ જ ઘોર અંધારું. એ અંધારા રસ્તે એને જવું હતું. અને હવે એને વિશ્વાસ હતો કે એ કાલીમાતાની મૂર્તિ એને આગળ વધવાનું દીશાસૂચન જરૂર કરશે.

એ ફરી પાછો મૂર્તિ પાસે આવ્યો. મૂર્તિના માથાથી લઇને પગ સુધીના પ્રત્યેક અંગને ફંફોસવા લાગ્યો. મૂર્તિનો જમણો હાથ ખંડિત હતો. માત્ર કોણી સુધીના એ હાથને એણે થોડો ઉંચો કરવા પ્રયાસ કર્યો. ફરી એના આશ્ચર્યની સીમા ન રહી, કોઇ પ્લાસ્ટીકની ઢીંગલીના હાથની જેમ સહેલાઇથી એ એને ચોતરફ ફેરવી શક્યો. ફેરવતો ગયો. અચાનક એ હાથ ઉંચેની તરફ અટકી ગયો એણે ઉપર જોયું. મૂર્તિની આંખમાંથી વહેતો પ્રકાશ સીધો, એ છત પર દોરેલા ત્રીશૂળના ચિત્ર પર પથરાયો. એ ત્રીશૂળની ત્રણે પાંખો પરથી પ્રકાશ પરાવર્તિત થતો હતો. એણે એ અંધારી સીધી વાટ પર ફરીથી જોયું. કોઇ સર્ચ લાઇટની જેમ એ પ્રકાશ ગુફાની દૂર સુધી ઉજાસ પાથરતો હતો. મૂર્તિ અને એ હાથને યથાવત ત્યાં જ રહેવા દઇ સુકાળ એ ગુફામાં સીધી વાટે આગળ વધ્યો. પરંતુ આગળ જતાં એનો શ્વાસ રૂંધાવા લાગ્યો. સુકાળને થયું કે ચોતરફથી બંધ એવી આ ગુફામાં બહારની હવાની અવર જવર માટે પણ કોઇ વ્યવસ્થા જરૂર હશે. અને એ જાણવા માટે ફરી એ 'કાલીમા'ની મૂર્તિ પાસે આવ્યો એ મૂર્તિના અંગે અંગ પર હાથ ફેરવવા લાગ્યો. કાલીમાની મૂર્તિનું નાક આગળથી થોડું ખંડિત હતું. એની હૈયાસૂઝે એણે એ 'નાક'ને જોરથી દબાવ્યું. નક્કર પથ્થરનો એ તૂટલો આકાર સાઇકલની હવા ભરેલી ટ્યૂબની જેમ સહેલાઇથી દબાયો. કે તરત જ એ ઉભા હતો તેની સામેની દીવાલ થોડી ખસકી અટકી ગઇ. જાણે દીવાલમાં તિરાડ પડી. એના શરીરને બહારની હવાનો સ્પર્શ થયો.

"અહીં તો ઠીક છે, પણ આગળ ઉપર શું?" એમ મનોમન વિચારતાં એણે એ ગુફાની અંદરની વાટે જોયું. બરાબર તેજ વખતે ગુફાની બાજુની દીવાલમાંથી એક ચોસલું નીચે પડ્યાનો અવાજ થયો. દીવાલના

બાકોરા વાટે બહારનો પ્રકાશ એને દેખાયો. કંઈક અણધાર્યું થવાનો આભાસ થતાં, સુકાળે તરત જ મૂર્તિ પાસે આવીને, સૌપ્રથમ ચાકડો ફેરવ્યો. મૂર્તિનો હાથ પણ પહેલા હતો તેમ સીધો કરી નાખ્યો. હવે એની આસપાસ ચોમેર બહુ ઝાંખો ઉજાસ હતો. એ દીવાલનું 'બાકોરું' મોટું કરવા બીજી તરફથી થતા કોશના ઘા નો અવાજ એને સંભળાતો હતો અને એ દીવાલમાં પડેલા બાકોરામાંથી તેજ પ્રકાશ અંદર આવતો હતો. સુકાળે ક્યાંક સંતાઇ જવા આસપાસ જોયું. ક્યાંય કોઇ ખૂણો ખાંચરો નહોતો. ફરી એને કાલીકાની મૂર્તિ યાદ આવી. એ મૂર્તી ચાકડા પર ફરતી હતી એટલે નીચે જરૂર પોલાણ હશે એમ માની એણે મૂર્તિની ચોપાસ હાથ ફેરવ્યા. મૂર્તિના પગ પાસે પગથી હોવાનો એને આભાસ થયો. એણે એ પગથીને આગળ પાછળ ખસેડવા પ્રયાસ કર્યો. પગથી થોડી ખસી. સુકાળ એ ખસેલી જગ્યાએ થયેલી પોલાણમાં છૂપાઇ ગયો. હવે બહારથી કોઇ એને જોઇ શકે તેમ નહોતું પરંતુ એને બહારની ચોતરફ બધું બરોબર દેખાતુ હતું.

દીવાલનું બાકોરું હવે ખાસ્સુ મોટું થયું હતું. બાકોરાની પેલી પાર એણે કેટલાક માણસોને જોયા. એમાંની બે વ્યક્તિને જોતાંવેંત સુકાળને આખા શરીરે કમકમાટી આવી ગઇ. પૂજારીએ આપેલી પ્રસાદની થેલીને છાતી સરસી ચાંપતો સુકાળ હવે શું થશે એનો વિચાર કરતો, એ પોલાણમાં શરીર સંકોચી શ્વાસ થંભાવી પડ્યો રહ્યો.

હવે એ બાકોરા વાટે આવતા અવાજ એને સ્પષ્ટ સંભળાતા હતા અને એ વ્યક્તિઓ, જેને જોતાંવેંત સુકાળ, હબકી ગયો હતો, તેમને જોઇ રહ્યો. એકના માથા પર રાજવી સાફો હતો. લાંબુ સીધું નાક, એની ઉપર બે માંજરી આંખો, પાતળા બીડાયેલા હોઠ અને ઉપર ફરફરતી કાબરચિતરી મુંછ ધરાવતી એ પ્રભાવશાળી વ્યક્તિ કોણ હતી એ સુકાળ સારી રીતે જાણતો હતો. એની સાથે ઉભેલી બીજી વ્યક્તિ પણ એનાથી અજાણ નહોતી. થોડા દિવસ પહેલાં જ, એને એનો ભેટો થયો હતો. ઠીંગણા કદની એ પાઘડીધારી વ્યક્તિ પાસેજ એને સોમવતી અમાવસ્યાને રોજ જવાનું હતું. મહારાજાની આજ્ઞા મુજબ અને દીવાનની સુચના મુજબ એ વ્યક્તિ એને અનાજના દાણા ગણી ગણીને આપવાનો હતો. અનાજના એ દાણા, શતરંજના પહેલા કોઠામાં એક અને પછી પ્રત્યેક કોઠામાં બમણા-કરતાં, કેટલા બધા થશે, એના હિસાબનો કોઠો એણે હાથોહાથ, દીવાનને ઘેર એને આપ્યો હતો અને ત્યારે પણ એ સંખ્યા જોઇ, એના મોટા પેટનું પાણીય જરાય હલ્યું નહોતું અને કેમ જાણે, સાવ સરળ વાત હોય તે રીતે એણે રોકડું પરખાવ્યું હતું કે, હમણાં ભંડારમાં ઉંદર મારવાની દવા છંટાયેલી છે, એટલે એ બંધ છે. થોડા દિવસ પછી, ભલે એ આવી ને લઇ જાય.

હા, તો એ ઠીંગણા કદની મોટા પેટવાળી વ્યક્તિ, રાજ ભંડારનો ભંડારી જ હતો. સુકાળને એને જોઇને નવાઇ ન લાગી. કારણકે, હવે એ બાકોરા વાટે ત્યાં ઉભેલી વ્યક્તિઓની પાછળ જ, પડેલી અનાજની ગુણીઓની થપ્પીઓ જોઇએ સમજી ગયો હતો કે ભંડારની પછીની દીવાલે જ એ બાકોરું પડ્યું હતું. પરંતુ સુકાળને બીજી વ્યક્તિ જોઇ આશ્ચર્ય થયું હતું. આખા રાજનો આવડો મોટો દીવાન, સવારના પહોરમાં ભંડારમાં! અને એ પણ ભંડારમાં થતું બાકોરું જોવા! સુકાળને લાગ્યું કે એની આજની ગુફાની મુલાકાત બહુજ મહત્ત્વની બની રહેશે. દીવાન અને ભંડારીના કાવાદાવા વિષે એને કંઇક જાણવા મળશે. બનવા જોગ છે કે, કાલી મંદિરના પૂજારી અને 'રાજમાતા'ને ઉપયોગી થાય તેવી માહિતી આજ કદાચ એને મળશે. પરંતુ મોટો સવાલ એ હતો કે જો આ બે વ્યક્તિ બાકોરા વાટે ગુફામાં આવશે અને અંદર એની હાજરીની જો એમને ખબર પડી જશે તો!

"પડશે તેવા દેવાશે..." એમ મનોમન બોલતો સુકાળ, મૂર્તિના પોલાણમાં એના શ્વાસ લગભગ થંભાવી પડ્યો રહ્યો, બાકોરાની પેલી પાર થતી વાતચીત ધ્યાનથી સાંભળી રહ્યો.

'ભંડારી, જોયું?.... મારી ધારણા સાચી હતી. આ દીવાલની પેલી પાર જ - એ ભોંયરું છે, જે સીધું રાજમહેલમાં મહારાજાના શયન ખંડ તરફ જાય છે." દીવાને એની સાથે ઉભેલા ભંડારીને કહ્યું.

"જી, નામદાર...આપ તો એ મહેલના ખૂણે ખૂણાથી વાકેફ છો. અને આપની દીશા-સૂઝ તો ગજબની છે. હવે આપણે શું કરવાનું છે, હજૂર?" ભંડારીએ દીવાનની ખુશામત કરતાં આગળ ઉપરના એમના આદેશની પૃચ્છા કરી.

જવાબમાં દીવાને, એની હાથમાંની બત્તીથી ભોંયરામાં પ્રકાશ ફેંક્યો... ભોંયરું ઝળાંહળાં થઇ ગયું. પ્રકાશ સીધો સુકાળની આંખે ખટક્યો...

સુકાળની આંખે પળવાર અંધારા આવી ગયા. એણે આંખો ચોળી, ફરી જોયું. ચોતરફ પાછો પ્રથમ જેવો જ ઝાંખો ઉજાસ હતો. સુકાળને ડર હતો કે એ પ્રકાશ સીધો એના પર જ પડ્યો હતો. એટલે, ગુફામાં હાજરી વિશે દીવાનને જાણ થઈ ગઈ હશે. પરંતુ એને નવાઈ લાગી કે દીવાલની પેલી પાર એ ભંડાર અચાનક નિસ્તબ્ધ થઈ ગયો હતો. તેમ છતાં ક્યાંક સરખી રીતે છૂપાઈ જવા એણે ચોતરફ નજર ફેરવી. તેમજ મૂર્તિ પર હાથ ફેરવવા લાગ્યો. મૂર્તિના પગના અંગુઠા પર એનો હાથ જતાં એને લાગ્યું કે એ થોડો હલે છે. એણે થોડા જોરથી અંગુઠો ડાબે જમણે ફેરવ્યો. એના આશ્ચર્ય વચ્ચે એના પગ નીચેની ધરતી પર થોડું કંપન થયું... અને કંપન સાથે એટલી ધરતી નીચે ઉતરતી હોય તેવું એને લાગ્યું. એણે મૂર્તિના પગનો અંગુઠો મૂકી દીધો. ધરતીના એ ટુકડા સાથે એ નીચે ને નીચે ઉતરતો ગયો. કુવાની માફક ગોળાકાર વચ્ચે ઘેરાયેલા સુકાળને થોડીવારે ક્યાંક જમીન પર એના પગ સ્થિર થયાનો અહેસાસ થયો.

*(વધુ આવતા અંકે)*

## આટલું યાદ રાખીએ

| | |
|---|---|
| ★ સૌથી મોટી પંગુતા છે | ભય |
| ★ સૌથી મોટી ખોટ છે | ઉત્સાહ ગુમાવવો |
| ★ સૌથી સરસ દિવસ છે | આજનો |
| ★ સૌથી મોટી જરૂરિયાત છે | સામાન્ય બુદ્ધિ |
| ★ સૌથી સરળ કામ છે | બીજાના દોષને શોધવા |
| ★ સૌથી હલકી લાગણી છે | કોઈની સફળતાની ઈર્ષ્યા આવવી |
| ★ સૌથી ખરાબ ગુણ છે | અભિમાન |
| ★ સૌથી ઉત્તમ ભેટ છે | ક્ષમા |
| ★ સૌથી મોટી ભૂલ છે | જીંદગીમાં નાસીપાસ થવું, ધ્યેય પ્રાપ્તિના પ્રયત્નો છોડવા |
| ★ સૌથી ઉત્તમ ક્ષણ છે | મૃત્યુની |
| ★ સૌથી ઉત્તમ રાહતની લાગણી છે | સારી રીતે કાર્યને પૂર્ણ કરવું. |
| ★ સૌથી ઉત્તમ જ્ઞાન છે | ભગવાનની અનુભૂતિ |
| ★ દુનિયાની સૌથી ઉત્તમ વસ્તુ છે | સ્નેહ! |

***કોમલ જયસુખલાલ ગોહીલ - મિરજાપર, ભુજ***

*એટલા નરમ ના થાઓ કે લોકો તમને ખાઈ જાય!*
*એટલા ગરમ ના થાઓ કે લોકો તમને અડી પણ ન શકે!*
*એટલા સરળ ના થાઓ કે લોકો તમને મૂરખ બનાવી દે!*
*એટલા અતડા પણ ના થાઓ કે લોકો તમને મળી પણ ના શકે!*
*એટલા ગંભીર ના થાઓ કે લોકો તમારાથી કંટાળી જાય.*
*એટલા છીછરા પણ ના બનો કે લોકો તમને ગણકારે નહિ.*
*એટલા મોંઘા ના બનો કે લોકો તમને બોલાવી ના શકે.*
*એટલા સસ્તા પણ ના બનો કે લોકો તમને નચાવ્યા કરે.*

★ ઘરની બહાર ભલે તમે દાકતર, વકીલ કે વેપારી હો, પરંતુ ઘરમાં પ્રવેશો ત્યારે ધંધાને ભૂલીને પ્રવેશજો, કારણ કે ઘરે તમારી રાહ જુએ છે તે તમારા ગ્રાહક નથી પણ તમારો પરિવાર છે.

★ બંગલામાં મોજશોખના તમામ સાધનો વચ્ચે પણ મજા ન આવે કારણ એ મજા એકાકી છે.

જ્યારે ખિસ્સામાં ફૂટી કોડી પણ ન હોય છતાં મેળામાં મજા આવે કારણ એ મજા સામુહીક છે.

બીજી મજામાં સર્વતો નહિ પણ સર્વનો વિચાર છે.

★ સંસારરૂપી સેલફોનમાં કવરેજ સારૂ હોય ત્યારે બેટરી ઓછી બતાવે. જો બેટરી ફૂલ હોય તો કવરેજ ન મળે અને જ્યારે બન્ને બરાબર હોય ત્યારે બેલેન્સ ઓછું હોય છે.

## દીકરા દીકરી વચ્ચેની તુલના

| | |
|---|---|
| દીકરો વારસ છે, | દીકરી પારસ છે. |
| દીકરો સંસ્કાર છે, | દીકરી સંસ્કૃતિ છે. |
| દીકરો આગ છે, | દીકરી બાગ છે. |
| દીકરો વંશ છે, | દીકરી અંશ છે. |
| દીકરો આન છે, | દીકરી શાન છે. |
| દીકરો તન છે, | દીકરી મન છે. |
| દીકરો માન છે, | દીકરી ગુમાન છે. |
| દીકરો દવા છે, | દીકરી દુઆ છે. |
| દીકરો ભાગ્ય છે, | દીકરી વિધાતા છે. |
| દીકરો શબ્દ છે, | દીકરી અર્થ છે. |
| દીકરો ગીત છે, | દીકરી સંગીત છે. |
| દીકરો પ્રેમ છે, | દીકરી પૂજા છે. |

## ક્રોધનું કુટુંબ

- ક્રોધની મા છે ‘છળકપટ’ જે આંખોમાં રહે છે.
- ક્રોધનો બાપ છે પણ તેનાથી તે ડરે છે. જેનું નામ છે ‘ભય’
- ક્રોધની એક બહેન છે જેનું નામ છે ‘જીદ.’ જે હંમેશા ક્રોધની સાથે જ રહે છે.
- ક્રોધનો સગો ભાઈ છે “અહંકાર”
- ક્રોધની પત્ની છે ‘હિંસા’ જે છુપાયેલી રહે છે પણ ક્યારેક બહાર આવી ખાનાખરાબી કરે છે.
- ક્રોધની બે દિકરીઓ છે “નિંદા” અને “ચાડી-ચુગલી” જે એક મોં પાસે અને એક કાન પાસે રહે છે.
- ક્રોધનો એક દિકરો છે “વેરઝેર.” જે તેને એકલો પાડે છે.
- ક્રોધની પુત્રવધુનું નામ છે ‘ઈર્ષ્યા’ જે તેને આગળ વધવા દેતી નથી.
- ક્રોધનો મિત્ર છે ‘સ્વાર્થ’ જે હરામની કમાણી ખાવામાં તલશી રહે છે.

## સંબંધ

*સંબંધને બસ રહેવા દો સંબંધ, ના આપશો એને કોઈ નામ,*
*સંબંધને બસ જાળવી જાણો, સંબંધને ના કરશો બદનામ,*
*સંબંધ છે એક અમુલ્ય જણસ, સંબંધના નથી હોતા કોઈ દામ*
*બને આ જગ સ્વાર્થી જ્યારે સંબંધ સાચો આવે છે કામ*
*સંબંધને રાખશો સદા શંકાથી પર નહિ તો પસ્તાશો જીવનભર.*
*સંબંધને બસ જીવી જાણજો, સંબંધની મીઠાશ સદા માણજો.*
*સંબંધને ઓળખની જરૂર નથી, સંબંધ તો છે વિશ્વાસનું નામ.*

## વિદ્યાર્થી એટલે શું?

- વિદ્યાર્થી એટલે આવતીકાલનો નાગરિક
- વિદ્યાર્થી એટલે દેશનું સુખ
- વિદ્યાર્થી એટલે સમાજની સુગંધ
- વિદ્યાર્થી એટલે ઉગતા સૂરજનો રંગ
- વિદ્યાર્થી એટલે સમાજનો રંગ
- વિદ્યાર્થી એટલે સમાજનો પાયો
- વિદ્યાર્થી એટલે શાળાનું ગૌરવ
- વિદ્યાર્થી એટલે મા-બાપની લાકડી
- વિદ્યાર્થી એટલે શિક્ષકનું સ્મિત

## જાણવા જેવું

★ કેલિફોર્નિયામાં આવેલું સિક્વોઇયા નામનું વૃક્ષ એટલું મોટું છે કે તેના ધડમાંથી મોટર જેવા વાહનોને જવા આવવાના માર્ગ કાઢવામાં આવે છે.

★ કોકોદ મેર નામની વનસ્પતિનું બીજ સૌથી વધુ વજનદાર છે. જેનું વજન ૨૦ કિ.ગ્રામ છે.

★ સૌથી વધુ ઘોંઘાટ કરતું પ્રાણી દક્ષિણ અમેરિકામાં છે. જેનું નામ ભૂકતું વાંદરું છે. એનો અવાજ ૧૬ સે.મી. સુધી સંભળાય છે.

★ સ્પેનના માકિડ પ્રાંતના સેરવેરા ગામમાં વસતા તમામ માણસોના હાથે ને પગે છ-છ આંગળીઓ છે.

★ માચેકડોના પ્રધાનમંત્રી હાજી મોહમ્મદ અલમૂકરી ૧૧૪ વર્ષની ઉંમરે ૧૯૯૫ માં ફ્રાન્સના સરકારને મળવા જાતે જ વિમાન ચલાવીને પેરિસ ગયા હતા.

★ પ્રાચીન રોમમાં મીઠું એટલું કિંમતી હતું કે પેગેલિઅસ સીઝર પોતાના સૈનિકોને પગારને બદલે મીઠું આપતો. અંગ્રેજી ભાષામાં પગારને 'સેલ રી' કહેવાય છે. જે શબ્દ 'સેલ' પર થી આવે છે જેનો અર્થ મીઠું થાય.

★ સૂટી પક્ષી એક વન્ડર પક્ષી ગણાય છે કારણ કે તે સતત ૩ વર્ષ સુધી ઊડી શકે છે.

## જ્ઞાન ગોષ્ટી

★ પીન કોડ ક્યારથી શરૂ થયો?
૧૫ ઓગસ્ટ, ૧૯૭૨

★ આપણા દેશની 'ભારતીય રેલ્વે'ના કુલ કેટલા રેલ્વે સ્ટેશનો છે?
૧૦૧૩

★ ભારતના સૌથી ઊંચા ધોધનું નામ શું છે? તે ક્યાં આવેલો છે?
જોગનો ધોધ-કર્ણાટકમાં

★ ભારતનો સૌથી ઊંચો દરવાજો કયા નામથી ઓળખાય છે? તે ક્યાં છે?
બુલંદ દરવાજો. ફતેહપુર સિક્રી ઉત્તરપ્રદેશ

★ ભારતનું સૌથી લાંબુ રેલ્વે સ્ટેશન પરનું પ્લેટફોર્મ ક્યાં આવેલું છે?
ખણપુર, પશ્ચિમ બંગાળ

★ રેલ્વેના એન્જિનો બનાવવાનું કારખાનું ક્યાં આવેલું છે?
ચિત્તરંજન, પશ્ચિમ બંગાળ

★ તાંબાની ખાણો માટે ભારતમાં કયું સ્થળ જાણીતું છે?
ખેત્રી - રાજસ્થાન

★ ભારતમાં સોનાની ખાણો ક્યાં આવેલી છે?
કોલાર કર્ણાટક

★ ભારતમાં ચલણી નોટો ક્યાં છપાય છે? તે પ્રેસ ક્યાં આવેલું છે?
નાસીકમાં - મહારાષ્ટ્ર

★ ભારતમાં સૌ પ્રથમ વર્તમાનપત્રોનો આરંભ કઇ સાલમાં થયો છે?
ઇ.સ. ૧૭૮૦માં

★ દિલ્હીની ગાદી પર બેસનાર સૌ પ્રથમ મહિલા રાજયકર્તા કોણ હતા?
રઝિયા બેગમ

★ ગુજરાતમાં સૌથી પહેલી કાપડની મીલ કોણે શરૂ કરી?
શેઠ રણછોડલાલ

★ ગુજરાતી ભાષાનું સૌ પ્રથમ દૈનિક કયું?
મુંબઇ સમાચાર

★ આપણા દેશના પ્રથમ મહિલા પાઇલોટ કોણ હતા?
હર્બા બેનરજી

★ ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ કોણ હતા?
પ્રતિભા પાટિલ

## GOOD THOUGHTS

■ Paper said to money "you are just a piece of paper"
Money smiled & said "Yes, I am a piece of paper, but I haven't seen a dustbin in my life."
"Dats attitude"

■ Nice lines by A.R. Rahman
"Never think that you are not like others, make other think that they are not like you."

■ "Great line by Abdul Kalam :- "I am not a "HANDSOME" But I can give my "Hand" to "Some"one who needs help..
Beauty is in heart, not in face: so become handsome.

■ Define **BIRTHDAY.**
"The only day in your life, when you cried, your mother was smilling!!!"

## દ્વિબાંગ - આષાઢી બીજ

દ્વિબાંગ ઢોલ દ્વિબાંગ, દ્વિબાંગ - આષાઢી બીજ
વરસ્યાનો ઓચ્છવ
ન વરસ્યાનો વસવસો!
'વીજળી ન ચમકી'નાં ધ્રુસકાં દ્વિબાંગ!
દ્વિબાંગ - આષાઢી બીજ!
સૂકાં તળાવ-સર-નદીયું દ્વિબાંગ
ધખધખતી ધરતી,
તરડાયા હોઠ ને સૂકાયાં નેણ!
ગળે પડ્યો છે ભારે સોસ રે દ્વિબાંગ!
દ્વિબાંગ - આષાઢી બીજ!
કૂટવાને ફાટફાટ વીજ છે દ્વિબાંગ,
પશુઓનાં પેટ સાવ ખાલી ખાલી,
ને પેલા ભ્રષ્ટોના થઈ ગ્યા ઢમઢોલ!
વેદનાને વસવસો વટાવે દ્વિબાંગ!
દ્વિબાંગ - આષાઢી બીજ!

**મહિમ પાંધી - ભુજ**

## ચાલો, છલાંગ મારો

કાળા ડિબાંગ વાદળ, જળના શીકર ઉડે છે, ચાલો છલાંગ મારો!
ભીનાશ, મત્ત વાયુ, ઊઘડે-મીંચાય આંખો, ચાલો છલાંગ મારો!

ભીનાં બધાં જ વસ્ત્રો, ભીનો સમય ઉપાડી, વહેતો રહે છે રેલો!
લપસે, કૂદે, પલળતા, ઘટના-સમય - દિશાઓ, ચાલો છલાંગ મારો!

ઝરણાં છલાંગ મારે, હરણાં છલાંગ મારે, તરણાં છલાંગ મારે!
રોમાંચ સભર માટી, તોડી બધી સપાટી, ચાલો છલાંગ મારો!

ઝલમલ બધાં જ દશ્યો જળના ફલક ઉપર છે, જળની સિતાર ઝણકે
ઊતરી ગયું છે ભીતર, જળનું અઠંગ ટીપું, ચાલો, છલાંગ મારો!

જળના ત્રિતાલ સાથે, આ આંગણું કૂદે છે, ભીંજાય બહાર પંખી,
કૂદે છે એક સસલું, ભીતર - બહાર - વચ્ચે, ચાલો, છલાંગ મારો!


વાયુનો હય પલાણી, જળના સજાવી વસ્ત્રો, ચાલો, છલાંગ મારો!
સ્થળની દીવાલ કૂદી, જળના મુકામ વચ્ચે, ચાલો, છલાંગ મારો!

**રમણીક સોમેશ્વર - નવા અંજાર**

## અષાઢી બીજ

અષાઢી બીજ કે બીજ આશાનું?
વા, વાદળ કાં વીજ, ને હોય અષાઢી બીજ,
ઘેર ઘેર મૂકાય લાપસી આંધણ પ્રસાદી
કારણ? એ એંધાણ વરસાદી
એ તો કોલ મરદનો!
હર કચ્છી, ધીણોધર હૈયે,
આફતને ઘોળીને પીએ!
ભૂકંપને પણ દે આંચકો,
હર કચ્છી મરદાનગી બાચકો!
જય કચ્છ જય ગરવી ગુજરાત
જય ભારત માતા
જય કચ્છશ્રુતિ સ્તુતિ કરે જે
સતત કચ્છીયતની તે!
કચ્છીયતનો ઘૂંટો કસુંબો
કોઈ મારી ન શકે ઘુંબો!

**વિભાકર ધોળકીયા 'રસિયા' - ગાંધીધામ**



## મેઘ ને પુકાર

સુનો સુનો મેઘરાજ, માનવ કરે રે પુકાર
તારે આવવું પડશે મારા મુલકમાં...
લાવજે વિજલડીને સાથ, લાવજે ગાજણને સાથ
તારે આવવું પડશે મારા મુલકમાં.
બાલુડા તારા તરસ્યા છે તને રીઝવવા ટળવળે છે
તારા મોંઘેરા સન્માન કરશું ઢોલીડાને સાથ
તારે આવવું પડશે મારા મુલકમાં.
જગતનો તાત બહુ થયો છે નિરાશ
કચ્છડો કરે રે પુકાર... તારે આવવું પડશે મારા મુલકમાં
પશુ પંખી તને પુકારે છે, ઝાડવા બહુ નિરાશ છે
તારે આવવું પડશે મારા મુલકમાં.
માનવ અધીરો બન્યો તને આવકારવા
કસોટી કરવાની હવે તું છોડી દે
નદી, તળાવને તું છલકાવી દે
હવાને તું મહેકાવી દે
તારે આવવું પડશે મારા મુલકમાં.
સોને રૂપે તને વધાવીશું,
મેઘ લાડવા તને હોંશે જમાડીશું
તારે આવવું પડશે મારા મુલકમાં
અલ્કા કરે રે પુકાર, મારા તારણહાર
તારે આવવું પડશે મારા મુલકમાં.

**અલકા સંઘવી - અમદાવાદ**


## ગીત

ચાલ આપણે ભીના ભીના થઈએ,
તારીખિયાનાં સૌ પાના પર શ્રાવણ શ્રાવણ લખીએ
ચાલ આપણે ભીના ભીના થઈએ.


પછી આપણા આંગણિયામાં મોર ટહુકા કરશે
નેવાં ધીમેથી ઝરમરશે, જાણે ઘુઘરીઓ રણઝણશે
આંખમાં ખીલી ઉઠશે ફૂલ, ફૂલમાં થશું બેય મશગુલ
વહેતી ફોરમ ચાલ શ્વાસમાં ભરીએ
ચાલ આપણે ભીના ભીના થઈએ.


સુક્કી એક નદીના પટમાં ઝરમર વહેશે નીર
આપણે બે ને ઘેરી વળશે શીતળ મંદ સમીર
ઝરમર ઝરમર વહેતાં વહેતાં થઈએ હળવાફુલ
સાત રંગના શમણામાં વિસ્તરીએ
ચાલ આપણે ભીના ભીના થઈએ.


**વિનોદ આર. ઓઝા - અંજાર**



# શ્રધ્ધાંજલિ







## સ્વ. સોની હર્ષદકુમાર દામજીભાઈ સોલંકી

**જન્મ : તા. ૩-૪-૧૯૬૨ • સ્વર્ગવાસ : તા. ૭-૫-૨૦૧૦**

તમારા મધુર સંસ્મરણો અંકિત છે અમારા હૃદયમાં
તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં.
સદેહે તો નથી એ સત્ય છે
પણ અસ્તિત્વથી તમે છો અને રહેશો એ વિશ્વાસ છે.

તમારા બંધુ પરિવાર શ્રી ગીરીશ દામજીભાઈ સોલંકી પરિવાર
તમોને પળે પળે યાદ કરી
તમારા સંસ્મરણોની સુવાસનો આનંદ અનુભવે છે.

**સ્વ. સોની દામજીભાઈ માધવજીભાઈ સોલંકી પરિવાર**

**ખેડબ્રહ્મા**